Thursday 10, September 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૦૫ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

વાપીમાં ગણેશોત્સવ સંદર્ભે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

વાપી પંથકમાં ગણેશ વિસર્જનમાં ડીજે અને લેસર લાઈટના અતિરેક થશે તો કાર્યવાહી : ડીએસપી

શોભાયાત્રા અને વિસર્જન દરમિયાન ટ્રાફિક જળવાઈ રહે તે માટે વિસર્જનનો રૂટ નક્કી કરવા તાકીદ : વિસર્જન માટે દમણગંગા નદી, હરિયાપાર્ક ખાડી, દાદરી મોરા, ચણોદ ખાડી અને કૃત્રિમ તળાવો બનાવાશે

વિઘ્નહર્તા વિઘ્નો હરશે, પણ આયોજકોએ વિઘ્નો ઉભા ન કરી વહીવટીતંત્રને સહયોગ આપવો જોઈએ : મનપા ઉપ પ્રમુખ મિતેશભાઈ દેસાઈ

ઈકો ફ્રેન્ડલી ગણેશની સ્થાપના કરનારને વહીવટીતંત્ર ઈનામ અપાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૯ : ગણેશોત્સવને લઈને વાપીમાં કનુભાઈ દેસાઈ ઓડિટોરિયમમાં જિલ્લા પોલીસ અધિક્ષકની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં તંત્ર દ્વારા આયોજકોને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી, સામે આયોજકોએ માર્ગ મરમતની માંગ ઉઠાવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં ડી વય એસપી દવે સૌનું સ્વાગત કરતાં આયોજકોને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

બેઠક મુદ્દે એસડીએમ નિરવભાઈએ જણાવ્યું હતું કે, આ વખતે સિંગલ વિન્ડો સિસ્ટમથી મંજૂરી અપાશે. આયોજકોએ વહેલી તકે મંજૂરી લઈ લેવી અને તમામનો સહયોગ જરૂરી છે. શોભાયાત્રા અને વિસર્જન દરમિયાન ટ્રાફિક જળવાઈ રહે તે માટે વિસર્જનનો રૂટ નક્કી કરીને અગાઉથી આપવો. વિસર્જન માટે તંત્ર દ્વારા દમણગંગા નદી, હરિયાપાર્ક ખાડી, દાદરી મોરા, ચણોદ ખાડી અને કૃત્રિમ તળાવનું આયોજન કરવામાં આવશે. બેઠકમાં જિલ્લા પોલીસ વડા યુવરાજસિંહ જાડેજા એ જણાવ્યું હતું કે ગણેશ સ્થાપના માટે જે તે જગ્યાની મંજૂરી લેવી ફરજિયાત છે. સ્થાપના એવી જગ્યાએ કરવી કે જેથી રસ્તા અને પાર્કિંગનો પ્રશ્ન ન સર્જાય. દર્શનાર્થીઓની ભીડને લઈ કોઈને અગવડ ન પડે તેનું ધ્યાન રાખવું. દરેક મંડપમાં સીસીટીવી કેમેરા લગાવવા અને સુરક્ષા માટે સ્વયંસેવકો રાખી તેનું લિસ્ટ પોલીસને આપવું. તેમણે ડીજે મુદ્દે કડક સૂચના આપતા કહ્યું હતું કે, ડીજે નિયત ડેસિબલમાં જ વગાડવું, લોકો હેરાન ન થાય તે જોવાની જવાબદારી સંચાલકોની છે. વધુ અવાજથી વાતાવરણ બગડશે તો ડીજે સંચાલકોને રિટેન કરવામાં આવશે અને એક્શન લેવાશે. ફિલ્મી ગીતો વગાડવા માટે કોઈએ દબાણ ન કરવું અને લેસર લાઈટનો ઉપયોગ ન કરવો દમણ વિસર્જન માટે પોલીસ ત્યાંની પોલીસ સાથે સંપર્ક કરશે. ઈકો ફ્રેન્ડલી ગણેશની સ્થાપના કરનારને ઈનામ અપાશે. મનપા ઉપ પ્રમુખ મિતેશભાઈએ જણાવ્યું હતું કે, વિઘ્નહર્તા વિઘ્નો હરશે, પણ આયોજકોએ વિઘ્નો ઉભા ન કરી વહીવટીતંત્રને સહયોગ આપવો. તેમણે વિસર્જન પૂર્વે માર્ગ મરામતની ખાતરી આપી હતી. બેઠકમાં ઉપસ્થિત આયોજકોએ રજૂઆતો કરી હતી.જેમાં વરુણ ઠાકુરે જણાવ્યું કે વીજ કંપનીના લટકતા કેબલ અને ખાડાઓ દૂર કરવા જરૂરી છે. ખંડુભાઈએ કહ્યું કે દમણગંગા નદીએ વિસર્જન માટે ૪૦૦ મીટર ચાલવું પડે છે, રસ્તો સારો બનાવવો જોઈએ. આનંદ નગર અને અસોપાલવ રોડ ખરાબ છે અને એક જ લેન રોડ ચાલુ છે. ભાવિનભાઈએ સામાજિક કાર્યકર તરીકે વોલિયન્ટર આપવાની તૈયારી બતાવી હતી. તો સલવાવ બાપા સીતારામ આશ્રમના નિલેશભાઈ એ પણ ૩૦૦ થી વધુ સ્વયંસેવકો ટ્રાફિક અને વિસર્જન યાત્રા બંદોબસ્તમાં આપવાની તેમજ પોલીસ કર્મીઓ અને લાઈફ સેવિંગ ગાર્ડનો લોકો માટે ભોજન વ્યવસ્થાની તૈયારી દાખવી હતી. કાર્યક્રમનું સંચાલન ડીવાય એસપી દવે એ કર્યું હતું. આ પ્રસંગે વીઆઈએના મગન સવાલિયા, ડીડીઓ નીરવ પટેલ,વાપીના મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશ દેસાઈ, મામલતદાર, વિઆઈએ, નોટીફાઈડના અધિકારીઓ, હોદેદારો, વાપી ભીલાડ, સરીગામ પંથકના ગણેશોત્સવના આયોજકો, શાંતિ સમિતિના સભ્યો, સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. વાપી ટાઉન પીઆઈ ઝાલાએ આભારવિધિ કરી હતી.

વાપી ટાઉનમાં આવેલા શ્રી રાજસ્થાન જૈન સંઘ (ભૈરવ ધામ) ખાતે પર્વધીરાજ પર્યુષણ નિમિત્તે જિનાલયમાં ભગવાન સુપાર્શ્વનાથને સુંદર આંગી કરવામાં આવી હતી.

દમણના દરિયા કિનારે આ પ્રશાસનો કાર મેળો નથી

દમણમાં ઓવર સ્પીડીંગ અને સ્ટંટ સામે જાગૃતિ ઝુંબેશ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૦૯ : થાર અને ફોર્ચ્યુનર જેવી SUV... રસ્તા પર સ્પીડિંગ અને સ્ટંટ કરવાનો જુસ્સો... અને આ જુસ્સાને કાબુમાં લેવા માટે, દમણ વહીવટીતંત્રે એક અનોખી જાગૃતિ ઝુંબેશ શરૂ કરી છે. દમણના તમામ થાર અને ફોર્ચ્યુનર વાહન માલિકો અને ડ્રાઇવરો ટ્રાન્સપોર્ટ નગર ખાતે એકઠા થયા હતા.

જિલ્લા મેજિસ્ટ્રેટ ડૉ. સૌરભ મિશ્રાએ તમામ ડ્રાઇવરોને બહાદુરી અને સ્ટંટ કરવાને બદલે જવાબદાર ડ્રાઇવર બનવા માટે શપથ લેવડાવ્યા. આ પ્રસંગે પોલીસ અધિક્ષક કેતન બંસલ, પરિવહન સચિવ આશિષ મોહન અને અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતા. જાગૃતિ અભિયાન દરમિયાન, જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે આ કાર ચલાવતા લોકોએ સલામત અનુભવ કરવો જોઈએ. જો કોઈ રસ્તા પર અકસ્માતનો ભોગ બને છે, તો તેમણે મદદ કરવી જોઈએ. પ્રશાસક પ્રફુલ્લ પટેલના નેતૃત્વમાં, શહેર ભયમુક્ત અને શાંતિપ્રિય હોવું જોઈએ. સામાન્ય નાગરિકોમાં કોઈપણ પ્રકારની અશાંતિ ન હોવી જોઈએ. આ સંદર્ભમાં, દમણમાં થાર-ફોર્ચ્યુનર સંકલ્પ યાત્રા યોજાઈ હતી. આ રેલીમાં મોટી સંખ્યામાં આ વાહનોના માલિકો અને ડ્રાઇવરોએ ભાગ લીધો હતો અને જવાબદારીપૂર્વક વાહન ચલાવવાની પ્રતિજ્ઞા લીધી હતી. ગતિ, સંસ્કૃતિ નહીં ના સંદેશ સાથે શરૂ થયેલી આ યાત્રાનો હેતુ ડ્રાઇવરોમાં ટ્રાફિક નિયમો પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો. ડ્રાઇવરોને ઝડપી વાહન ચલાવવાથી, રસ્તા પર સ્ટંટ ન કરવા અને કોઈપણ પ્રકારની વીરતા કે બહાદુરીથી દૂર રહેવાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. વહીવટીતંત્ર અને RTO વિભાગના જણાવ્યા અનુસાર, દમણના રસ્તાઓ પર શક્તિશાળી અને મોંઘી SUV વાહનો દ્વારા હાઈ સ્પીડ અને બેદરકારીથી વાહન ચલાવવાની ફરિયાદો તાજેતરમાં મળી છે. આવી ઘટનાઓ અકસ્માતોનું જોખમ વધારે છે. આ ઝુંબેશ ડ્રાઇવરોમાં જવાબદારી અને માર્ગ સલામતીની ભાવના જગાડવા માટે શરૂ કરવામાં આવી છે. રેલી દરમિયાન, RTO વિભાગે વાહન માલિકો અને ડ્રાઇવરોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા અને નિર્ધારિત ગતિ મર્યાદામાં વાહન ચલાવવા અપીલ કરી હતી. તેમણે ઉલ્લંઘન કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી પણ આપી હતી.

ડુંગરા આરોગ્ય કેન્દ્રમાં ચોરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા.૦૯ : વાપીના ડુંગરા યુપીએચસી સેન્ટરમાં ચોરીની ઘટના સામે આવી છે. સરકારી ડોક્ટર અર્થીબેન કિર્તીકુમાર પટેલે ડુંગરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, તા.૦૭/૦૯/૨૦૨૬ ના રોજ સાંજે ૫:૨૦ વાગ્યે પીએચસી બંધ કરી સ્ટાફ ઘરે ગયો હતો. બીજા દિવસે તા.૦૮/૦૯/૨૦૨૬ ના સવારે ૮:૨૦ વાગ્યે દવાખાનું ખોલતા પહેલા માળે ઈમરજન્સી દરવાજાની બહારની લોખંડની શેફટી ગ્રીલની કડી તોડેલી જોવા મળી હતી.

તસ્કરો અંદર પ્રવેશી કમ્પ્યુટર રૂમનો દરવાજો તોડી ૧ ડેસ્કટોપ કિ.૬,૦૦૦, સીપીયુ કિ.૭,૦૦૦, પ્રિન્ટર કિ.૫,૦૦૦, વાઈફાઈ રાઉટર કિ.૫૦૦, પાવર બેટરી કિ.૫,૦૦૦, મોનીટર કિ.૨,૦૦૦, ઉપરાંત જનરલ વોર્ડમાંથી ઓક્સિજન કોન્સન્ટ્રેટર કિ.૧૦,૦૦૦, લેબોરેટરીમાંથી માઈક્રોસ્કોપ કિ.૧૨,૦૦૦ અને ફિમેલ વોર્ડમાંથી ટીવી કિ.૨,૦૦૦ મળી કુલ રૂ.૪૮,૫૦૦ ની મતાની ચોરી કરી નાસી ગયા હતા. પોલીસે અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પારડી એપીએમસીમાં મતદાન : આજે પરિણામ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૦૯ : પારડી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ની આજરોજ ચૂંટણીઓ માટે મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી ૧૧૦ જેટલા ખેડૂત મતદાર પૈકી ૧૦૯ જેટલા મતદાન ખેડૂતોએ મતદાન કર્યું હતું અહીં જિલ્લા સહકારી મંડળી રજીસ્ટાર અધિકારી ના રાહબારી હેઠળ આજે તારીખ ૯મી સપ્ટેમ્બર ના રોજ વહેલી સવારથી જ મતદાન માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી વહેલી સવારથી જ પારડી તાલુકાના જુદાજુદા વિસ્તારોમાંથી ખેડૂત મતદારો આવી પહોંચ્યા હતા અને મતદાન ની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ માં હાલના ચેરમેન આશિષભાઈ રણછોડભાઈ પટેલ ની પેનલના ચાર ઉમેદવારો બિનહરીફ થઈ ગયા છે અને દસ ઉમેદવારો ચૂંટણીમાં ઊભા છે જ્યારે એમની સામે પારડીના જાણીતા વકીલ અમિતભાઈ પટેલ ઉભા છે એમની પેનલમાં કોઈ અન્ય નહીં હોય જેથી આમ કુલ ૧૧ જણા ચૂંટણીમાં ઉમેદવારી કરી રહ્યા છે આજે મતદાન થયા બાદ તમામનો ભાવિ મતદાન પેટીમાં બંધ થઈ ગયો છે આજે તારીખ ૧૦ મી સપ્ટેમ્બર ના રોજ વહેલી સવારના ૦૯ કલાકે મત ગણતરી શરૂ કરવામાં આવશે.

વલસાડના બે ગુમ બાળકોને પોલીસે ગણતરીના કલાકોમાં દમણથી શોધી કાઢયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૯ : વલસાડ શહેરના મોગરાવાડી વિસ્તારમાંથી રમતા-રમતા અચાનક ગુમ થયેલા બે માસૂમ બાળકોને વલસાડ સીટી પોલીસ અને લોકલ ક્રાઇમ બ્રાન્ચ ની ટીમે સંયુક્ત કાર્યવાહી કરી ગણતરીના કલાકોમાં દમણ ખાતેથી હેમખેમ શોધી કાઢી પરિવાર સાથે મિલન કરાવ્યું છે.

ગત તા. ૦૮/૦૯/૨૦૨૬ના રોજ વલસાડના મોગરાવાડી વિસ્તારમાંથી બે બાળકો ઘરે કોઈને કહ્યા વિના રમતા-રમતા નીકળી ગયા હતા અને લાંબા સમય સુધી પરત ન ફરતાં પરિવારે શોધખોળ હાથ ધરી હતી. બાળકો ક્યાંય ન મળતાં આખરે પોલીસને જાણ કરવામાં આવી હતી.

બનાવની ગંભીરતાને ધ્યાને રાખી ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા. સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમ વીર સિંહ, વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા તથા નાયબ પોલીસ અધિક્ષક એ.કે. વર્માના માર્ગદર્શન હેઠળ રાજ્યવ્યાપી 'MISSION MILAAP' અંતર્ગત ગુમ થયેલા બાળકોને શોધવા કવાયત હાથ ધરાઈ હતી.

આ કામગીરીમાં વલસાડ સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.એચ. વાળા, લોકલ ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર એ.યુ. રોઝ, PSI બી.એચ. રાઠોડ તેમજ સર્વેલન્સ સ્ટાફ અને LCBની ટીમે સીસીટીવી ફૂટેજ અને હ્યુમન સોર્સની મદદ લીધી હતી.

સઘન તપાસના આધારે પોલીસે ગણતરીના કલાકોમાં જ બંને બાળકોનું પગેરું મેળવી તેમને દમણ થી શોધી કાઢ્યા હતા. બાળકોને સુરક્ષિત રીતે તેમના પરિવારને સોંપવામાં આવતા પરિવારે રાહતનો શ્વાસ લીધો હતો અને વલસાડ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.

સરકારી દવાખાનામાં સ્નેક અને ડોગ બાઈટની સારવાર અંગે જનજાગૃતિ ફેલાવો : કલેકટર

સર્પદંશમાં ભગતભૂવા ને બદલે તાત્કાલિક સરકારી દવાખાનામાં સારવાર લેવા અનુરોધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૯ : વલસાડ જિલ્લા કલેકટર નીતિન સાંગવાનના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરીના સભાખંડમાં રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ, સંચારી રોગચાળા બેઠક, નેશનલ પ્રોગ્રામ ઓન ક્લાઈમેટ ચેન્જ એન્ડ હ્યુમન હેલ્થ અને સિકલસેલ એનિમીયા કંટ્રોલ પ્રોજેક્ટ અંગેની મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં તમામ પીએચસી અને સીએચસી પર સોલાર પેનલ અને વોટર હાર્વેસ્ટીંગની સુવિધા ફરજિયાત ઉપલબ્ધ કરાવવા ઉપર કલેકટરએ ભાર મુક્યો હતો.

આ બેઠકમાં કલેકટરે તમાકુ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ છેલ્લા ૩ માસમાં થયેલી કામગીરીની સમીક્ષા કરી હતી. જેમાં એ સંબંધી ૩૭૭ કેસ કરી રૂ ૬૨૧૪૦ દંડ વસૂલવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું. જયારે સંચારી રોગચાળા નિયંત્રણની બેઠકમાં સિકલસેલ એનિમીયા કંટ્રોલ પ્રોજેકટ, ડાયેરીયા, ટાઈફોઈડ, સિઝનલ ફલુ (એચ૧એન૧)ના કેસો અને પ્રાણીજન્ય રોગચાળામાં ડોગ બાઈટ અને સ્નેક બાઈટના કેસો અંગે સમીક્ષા કરી હતી. જેમાં સરકારી દવાખાનામાં પણ ડોગ બાઈટ અને સ્નેક બાઈટની સારવાર થતી હોવા અંગે લોકોમાં જનજાગૃતિ ફેલાવવા જે તે ગામના સરપંચો, સભ્યો, આશા વર્કર, આંગણવાડી વર્કર, ગ્રામ સેવક અને તલાટીઓનો એક દિવસનું સેશન રાખી તેઓને

જાણકારી આપવા કલેકટરે જણાવ્યું હતું. જેથી સ્નેક બાઈટના કેસ હોય તો ભગતભૂવા પાસે જવાને બદલે તાત્કાલિક સરકારી દવાખાનામાં આવે તો જીવ બચી શકે.

તેમણે આરોગ્ય ખાતાની તમામ સરકારી મકાનોમાં રેઈન વોટર હાર્વેસ્ટીંગ, સોલાર પેનલ અને એલઈડી લાઈટનો જ ઉપયોગ કરવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું. આ બેઠકમાં જિલ્લાના મહત્વના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

પહેલા રવિવારે શ્રમદાન કરો: કલેકટર

કલેકટર, આરોગ્ય, શિક્ષણ, પાલિકા, ખેતીવાડી, આઈસીડીએસ અને પોલીસ સહિત તમામ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓને દર મહિના પહેલા રવિવારે અવશ્ય શ્રમદાન કરવા માટે જણાવ્યું હતું. પોતાની કચેરી તેમજ આસપાના વિસ્તારમાં સફાઈ અભિયાન હાથ ધરવા માટે કલેકટરે જણાવી વધુમાં કહ્યું કે, પીએચસી અને સીએચસીના ૧૦૦ મીટરની એરિયામાં સ્વચ્છતા જોવા મળવી જોઈએ. જે અંગે તમામ તાલુકા હેલ્થ ઓફિસરશ્રીઓ અને સિવિલ સુપ્રિટેન્ડન્ટને પણ સ્વચ્છતા અંગેનું પેઝન્ટેશન કરવા જણાવ્યું હતું.

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential
VIDYA DHAM INTERNATIONAL SCHOOL • VAPI • LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees
Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10
Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

નેમિનાથ ટ્રેડર્સ
ખીલા વાયર વેલ્ડમેસ
ખીલી હુક જાળી નટબોલ્ટ
ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 /
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

નવસારી જિલ્લામાં પડતર પ્રશ્નોને લઈ ગ્રામસેવકો મેદાનમાં

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ગણદેવી, તા.૯ : પડતર પ્રશ્નોનું લાંબા સમયથી નિરાકરણ ન આવતા ગુજરાત રાજ્ય ગ્રામસેવક મહામંડળ, અમદાવાદના આહવાન હેઠળ નવસારી જિલ્લામાં ગ્રામસેવકોએ આંદોલનનો પ્રારંભ કર્યો છે. ગણદેવી સહિત જિલ્લાના ગ્રામસેવકોએ બુધવારે કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવી સરકાર સામે વિરોધ નોંધાવ્યો હતો.

નવસારી જિલ્લા ગ્રામસેવક મંડળ દ્વારા પોતાની વિવિધ પડતર અને વ્યાજબી માંગણીઓના નિરાકરણ માટે સરકારને સાત દિવસનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું. જોકે, સમયમર્યાદા પૂર્ણ થયા બાદ પણ સરકાર તરફથી માંગણીઓ અંગે કોઈ સકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો ન હોવાનો તથા મંડળના પ્રતિનિધિઓ સાથે યોગ્ય સંવાદ ન સાધવામાં આવ્યો હોવાનો આક્ષેપ ગ્રામસેવકોએ કર્યો છે. જેના પગલે ગ્રામસેવકોમાં અસંતોષ ફેલાતા આંદોલનાત્મક કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા છે. ગ્રામસેવકોની મુખ્ય માંગણીઓમાં અન્ય કેડરના કર્મચારીઓની કામગીરી તેમના નિયત જોબ ચાર્ટ મુજબ જ કરાવવામાં આવે અને ગ્રામસેવકો પર બિનઅધિકૃત કામગીરીનું દબાણ બંધ કરવામાં આવે, ગ્રામસેવક કેડર માટે નવો અને સ્પષ્ટ જોબ ચાર્ટ તાત્કાલિક જાહેર કરવામાં આવે તથા રૂ.૪૨૦૦ ગ્રેડ પે સાથે ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવામાં આવે તેવી માંગનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત ઓનલાઈન કામગીરી માટે જરૂરી કમ્પ્યુટર, લેપટોપ સહિતના ડિજિટલ સાધનો ઉપલબ્ધ કરાવવા તેમજ ઈન્ટરનેટ ભથ્થું આપવાની માંગ કરવામાં આવી છે. એક કરતાં વધુ ગામનો ચાર્જ સંભાળતા ગ્રામસેવકોને થતી વધારાની દોડધામને ધ્યાનમાં રાખીને ટ્રાવેલિંગ એલાઉન્સમાં પણ યોગ્ય વધારો કરવાની માંગ મંડળ દ્વારા કરવામાં આવી છે.ગ્રામસેવક મંડળના આગેવાનોએ જણાવ્યું છે કે, પોતાની લાંબા સમયથી પડતર રહેલી માંગણીઓનો સરકાર દ્વારા વહેલી તકે ઉકેલ લાવવામાં આવે. જો સરકાર દ્વારા સકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે તો આગામી દિવસોમાં આંદોલનને વધુ ઉગ્ર અને વ્યાપક બનાવવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

ડાંગનાં ગાઢવીમાં નાણાંકીય સાક્ષરતા, સાયબર સુરક્ષા અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સાપુતારા, તા.૦૯ : ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાના ગાઢવી ગામે બેંક ઓફ ઈન્ડિયા, સુરત ઝોન દ્વારા નાણાકીય સાક્ષરતા અને સાયબર સુરક્ષા અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.અહીં ગ્રામસભા દરમિયાન યોજાયેલા આ કાર્યક્રમમાં ગામના પુરુષો તેમજ મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બેંક ઓફ ઈન્ડિયા, સુરત ઝોનના વિજીલન્સ ઓફિસર વિક્રમ ચૌધરી દ્વારા ગ્રામજનોને આજના ડિજિટલ યુગમાં વધતા સાયબર ગુનાઓ અને નાણાકીય છેતરપિંડીથી બચવા અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામજનોને ખાસ કરીને ડિજિટલ અરેસ્ટ, મ્યુલ (ખચ્ચર) એકાઉન્ટ, સાયબર ફ્રોડ, ફ્રોડ કોલ, OTP ફ્રોડ તથા ઓનલાઈન બેંકિંગ છેતરપિંડી અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. કોઈ અજાણી વ્યક્તિ સાથે OTP, ATM PIN, પાસવર્ડ, બેંક ખાતાની વિગતો અથવા અન્ય ગુપ્ત માહિતી શેર ન કરવા અંગે ખાસ સાવચેતી રાખવા જણાવાયુ હતું. વિક્રમ ચૌધરીએ ગ્રામજનોને સાયબર ગુનાઓથી બચવા માટે સાવચેત રહેવા તથા કોઈ શંકાસ્પદ ફોન, મેસેજ, લિંક કે નાણાકીય વ્યવહાર સામે તરત યોગ્ય પગલાં લેવા અંગે સમજ આપી હતી. ગ્રામ્ય વિસ્તારોમાં ડિજિટલ બેંકિંગ અને ઓનલાઈન નાણાકીય વ્યવહારોનું પ્રમાણ વધી રહ્યું છે. ત્યારે ગ્રાહકોને સુરક્ષિત બેંકિંગ અંગે જાગૃત કરવાના હેતુથી બેંક ઓફ ઈન્ડિયા દ્વારા આવા નાણાકીય સાક્ષરતા અને સાયબર સુરક્ષા જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. આ કાર્યક્રમ દરમિયાન ગ્રામજનો દ્વારા પણ વિવિધ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, જેના અંગે બેંક અધિકારીઓ દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. સાવચેત રહો, સુરક્ષિત રહો અને તમારી બેંકિંગ માહિતી કોઈની સાથે શેર ન કરો તેવા સંદેશ સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

સુરતમાં લાયન્સ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ F2નો ભવ્ય એવોર્ડ સમારોહમાં

ગણદેવી લાયન્સ ક્લબના સભ્યો વિવિધ ક્ષેત્રે ઝળક્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા. ૦૯ : દક્ષિણ ગુજરાતના ભરૂચથી ઉમરગામ સુધી વિસ્તરેલી ૯૨ લાયન્સ ક્લબો ધરાવતા લાયન્સ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ F2 દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ ની ઉત્કૃષ્ટ સેવાકીય કામગીરીને બિરદાવતો ભવ્ય એવોર્ડ સમારોહ સુરતના અવધ ઈથોપિયા ખાતે અતિ ઝાકઝમાળભર્યા માહોલમાં યોજાયો હતો.

બોલિવૂડ એવોર્ડ નાઈટની યાદ અપાવતા સમારોહમાં તત્કાલીન ડિસ્ટ્રિક્ટ ગવર્નર મોનાબેન દેસાઈ તથા ચેતનભાઈ દેસાઈના નેતૃત્વ હેઠળ વિવિધ ક્લબ અને ડિસ્ટ્રિક્ટના હોદ્દેદારોને તેમની વિશિષ્ટ કામગીરી બદલ એવોર્ડ્સ એનાયત કરાયા હતાં.

ગણદેવી લાયન્સ ક્લબના સભ્યોએ અનેક વિશિષ્ટ કેટેગરીમાં સન્માન પ્રાપ્ત કરી ક્લબનું નામ રોશન કર્યું હતું. ગણદેવી ક્લબના સિનિયર મેમ્બર અને ડિસ્ટ્રિક્ટ ચેરમેન પરેશભાઈ અધ્વર્યુને ટી.બી.ના દર્દીઓ માટેની વિશેષ સેવાઓ તથા પત્રકારત્વ ક્ષેત્રે છેલ્લા પાંચ દાયકાથી અપાતા બહુમૂલ્ય યોગદાન બદલ મોનાબેન-ચેતનભાઈ દેસાઈ અને વાઈસ ગવર્નર દર્શનાબેન ટોળખીયાના હસ્તે તાળીઓના ગડગડાટ વચ્ચે 'વિશિષ્ટ સન્માન પત્ર' અને એવોર્ડ અર્પણ કરાયો હતો. હંમેશા સેવાકીય કાર્યો માટે અગ્રેસર રહેતા ગણદેવીના સિનિયર સભ્ય મૌલિકભાઈ નાયકને સભાગૃહમાં યોજાયેલા 'સૌથી વધુ સેવાભાવી સભ્ય'ના મતદાનમાં સર્વાધિક મતો મળતા તેઓ વિજેતા જાહેર થયા હતાં. આ ઉપરાંત ડિસ્ટ્રિક્ટને સતત સહાયરૂપ થવા બદલ મૌલિકભાઈ તેમજ હેમાંગીનીબેન નાયકની કામગીરીની મુક્તકંઠે પ્રશંસા કરી વિશેષ સન્માન કરાયું હતું. ગણદેવી ક્લબના સિનિયર મેમ્બર અને ડિસ્ટ્રિક્ટ ચેરમેન પ્રીતિબેન પ્રજાપતિને ટી.બી. દર્દીઓની સરાહનીય સારસંભાળ અને વિશિષ્ટ કામગીરી બદલ બીલીમોરાના ડૉ. વિજયભાઈ દેસાઈ તથા સુરતના સુધીરભાઈ દેસાઈના હસ્તે એવોર્ડ એનાયત થયો હતો.

ગણદેવીના મેંધરમાં સરકારી જમીન પરના ૮ ઝીંગા તળાવો તોડવાનું શરૂ

નવસારી, તા. ૦૯ : નવસારી જિલ્લાના ગણદેવી તાલુકા હેઠળ આવતા દરિયા કાંઠાના મેંધર ગામ ખાતે સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે ઝીંગા તળાવ બનાવી દેવામાં આવ્યાની ફરિયાદો તંત્રને મળી હતી. જેને લઈ કલેક્ટર મનીષ ગુરવાની દ્વારા સમિતિ રચી હતી. જે સમિતિના અધ્યક્ષ પ્રાંત અધિકારી ચીખલી અને સભ્યો દ્વારા એક વિશેષ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

આજરોજ ગણદેવીના મેંધર ગામે પ્રભાટ ખાડી વિસ્તારમાં બનાવવામાં આવેલા ગેરકાયદેસર ઝીંગાતળાવોને દુર કરવા માટે ઉકત હુકમ મુજબ બનાવવામાં આવેલ સમિતિનાં તમામ અધિકારી પ્રાંત અધિકારી સહીત વિવિધ વિભાગના અધિકારીઓ કચેરીના સર્વેયર, ફિશરીઝ વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા બાદ ઝીંગા તળાવો અલગ જણાતા દબાણ કરેલ જમીન ખુલ્લી કરવાની કાર્યવાહી કરવામાં આવી સરકારી જમીન પર અનધિકૃત રીતે બનાવવામાં આવેલા ૮ ઝીંગા તળાવો તા.૦૯/૦૯/૨૦૨૬ના રોજ ઝીંગા તળાવ તોડવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી? હતી.

સરકારી જમીન પર કોઈપણ પ્રકારનું ગેરકાયદેસર દબાણ ચલાવી લેવામાં આવશે નહીં. આગામી દિવસોમાં પણ આ પ્રકારની કડક ઝુંબેશ ચાલુ રહેશે અને કાયદો હાથમાં લેનારા તત્વો સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે. આ સમગ્ર ડિમોલિશનની કામગીરી દરમિયાન કોઈ કાયદો અને વ્યવસ્થાના અનિચ્છનીય પ્રશ્નો ઉપસ્થિત ન થાય તે માટે સ્થાનિક પોલીસ દ્વારા પૂરતો પોલીસ બંદોબસ્ત પૂરો પાડવામાં આવ્યો હતો. સરકારી મિલકતનું રક્ષણ કરવા સરકારી જમીન અને પર્યાવરણને નુકસાન પહોંચાડતા કોઈપણ અસામાજિક તત્વો કે ભૂમાફિયાઓની આવી ગેરકાયદેસરની પ્રવૃત્તિ ચલાવી લેવામાં આવશે નહીં.

જલાલપોર તાલુકાની કલેકટરે મુલાકાત લીધી

નવસારી, તા.૦૯ : જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાની દ્વારા જલાલપોર તાલુકાની મુલાકાત લઈ વિવિધ સરકારી કચેરીઓ, આરોગ્ય અને પાયાની સુવિધાઓની કામગીરીનું સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. મુલાકાત દરમિયાન કલેક્ટરએ મહુવર ગ્રામ પંચાયતની મુલાકાત લઈ ગામમાં ચાલી રહેલી વિવિધ કામગીરી અંગે સંબંધિત અધિકારીઓ પાસેથી માહિતી મેળવી જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી. ચોમાસા દરમિયાન વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે કાસ ખુલ્લી કરાવી પાણીના નિકાલની વ્યવસ્થા સુચારુ બનાવવા સૂચના આપી હતી.

કલેક્ટરએ ગામની આંગણવાડી કેન્દ્રો અંગે પણ વિગતવાર માહિતી મેળવી હતી. જર્જરિત આંગણવાડી અંગેની સ્થિતિ તેમજ નવી મંજૂર થયેલી આંગણવાડી કેન્દ્રોની વિગતો મેળવી બાળકોને સલામત અને સુવિધાયુક્ત વાતાવરણ મળી રહે તે માટે જરૂરી કાર્યવાહી કરવા સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી.

ત્યારબાદ જિલ્લા કલેક્ટરશ્રી એ મરોલી રેફરલ હોસ્પિટલ તથા સામુહિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈ આરોગ્ય સેવાઓ, ઉપલબ્ધ સુવિધાઓ, દર્દીઓને આપવામાં આવતી સારવાર સહિતની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે આરોગ્ય કેન્દ્ર ખાતે જરૂરી વ્યવસ્થાઓ અંગે અધિકારીઓ પાસેથી માહિતી મેળવી આરોગ્ય સેવાઓ વધુ અસરકારક રીતે ઉપલબ્ધ કરાવવા જરૂરી સૂચનાઓ આપી હતી.

આ ઉપરાંત કલેક્ટરએ જિલ્લા પંચાયત સંચાલિત પશુ દવાખાનાની પણ મુલાકાત લઈ પશુઓ માટે ઉપલબ્ધ સારવાર અને અન્ય સુવિધાઓની માહિતી મેળવી હતી. પશુપાલકોને સમયસર અને ગુણવત્તાસભર પશુ સારવાર મળી રહે તેમજ દવાખાનાની કામગીરી સુચારુ રીતે ચાલે તે માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. કલેક્ટરએ સ્થાનિક પ્રશ્નો અને જરૂરી સુવિધાઓ અંગે પણ આગેવાનો સાથે ચર્ચા કરી હતી. આ પ્રસંગે નવસારી પ્રાંત અધિકારી તૃપ્તિ પટેલ, જલાલપોર મામલતદાર શ્રી ઈસરાની, તલાટી-કમ-મંત્રી, સરપંચશ્રી તેમજ ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

નવસારી જિલ્લાના સાહસિકો માટે નિવાસી પર્વતારોહણ તાલીમ શિબિરનું આયોજન

૭ થી ૪૫ વર્ષના સાહસિકો પાસેથી તા.૨૦ સપ્ટેમ્બર સુધી અરજીઓ મંગાવાઈ

નવસારી, તા.૦૯ : રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર હસ્તકની જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં આવેલા તોરણીયા ડુંગર, ગોધાબારીપ્રસરા ખાતે સાહસિક પ્રવૃત્તિઓ અંતર્ગત નિવાસી પર્વતારોહણ તાલીમ શિબિર ૨૦૨૬-૨૭નું આયોજન કરવામાં આવનાર છે. આ તાલીમ શિબિરમાં ભાગ લેવા ઇચ્છુક સાહસિકો પાસેથી અરજીપત્રો મંગાવવામાં આવ્યા છે.

આ તાલીમ શિબિર અંતર્ગત એડવેન્ચર કોર્ષ, બેઝિક કોર્ષ અને એડવાન્સ કોર્ષનું આયોજન કરવામાં આવ્યું છે. એડવેન્ચર કોર્ષ માટે ૭ થી ૧૪ વર્ષના ૬૦ શિબિરાર્થીઓની પસંદગી કરી ૭ દિવસની તાલીમ આપવામાં આવશે. બેઝિક કોર્ષ માટે ૧૪ થી ૪૫ વર્ષના ૫૦ શિબિરાર્થીઓને ૧૦ દિવસની તાલીમ આપવામાં આવશે. જ્યારે એડવાન્સ કોર્ષ માટે ૧૪ થી ૪૫ વર્ષના ૪૦ શિબિરાર્થીઓને ૧૫ દિવસની તાલીમ આપવામાં આવશે. એડવાન્સ કોર્ષ માટે માત્ર બેઝિક કોર્ષ યોગ્ય લેવલથી પાસ કરેલ શિબિરાર્થી જ લાયક ગણાશે.

તાલીમનો સમયગાળો તા. ૨૧ સપ્ટેમ્બર થી તા. ૩૧ ડિસેમ્બર-૨૦૨૬ દરમિયાન રહેશે. પસંદગી પામનાર શિબિરાર્થીઓને પસંદગીના દિવસો દરમિયાન વિનામૂલ્યે તાલીમ આપવામાં આવશે. -ામ થયેલ અરજીપત્રોમાંથી યોગ્યતા ધરાવતા ઉમેદવારોની વહેલા તે પહેલાંના ધોરણે પસંદગી કરવામાં આવશે અને પસંદગી અંગેની જાણ કચેરી દ્વારા કરવામાં આવશે.

તાલીમ માટેનું રીર્પોટિંગ સ્થળ ચોકબોલ એન્ડ પ્લેઈડ ક્રિકેટ એસોસિયેશન, વાંસદા અંતર્ગત યશ એડવેન્ચર, તોરણીયા મોટીભમતી, વીર શિવાજી ગ્રાઉન્ડ, -ાથમિક શાળા પાસે, વાંસદા ખાતે રહેશે. રીર્પોટિંગનો સમય સવારે ૮-૦૦ કલાકથી રહેશે.

તાલીમમાં ભાગ લેવા ઇચ્છુક સાહસિકોએ તા. ૨૦ સપ્ટેમ્બર-૨૦૨૬ સુધીમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, કામાક્ષી, સ્વપ્નલોક સોસાયટી, કાલીયાવાડી, નવસારી-૩૯૬૪૪૫ પર અરજી મોકલી આપવાની રહેશે.

તા.૧૨મી સપ્ટેમ્બરે નવસારી તથા ડાંગ જિલ્લામાં નેશનલ લોકઅદાલત યોજાશે

નવસારી, તા.૦૯ : ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ અમદાવાદના માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ નવસારી દ્વારા નવસારી, ગણદેવી, ચીખલી, ખેરગામ, વાંસદા અને ડાંગ જિલ્લાના આહવા, સુબીર તથા વઘઇ ખાતે કાર્યરત ન્યાયાલય સંકુલની તમામ કોર્ટો દ્વારા આગામી તા.૧૨ સપ્ટેમ્બર-૨૦૨૬ના શનિવારના રોજ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

આ નેશનલ લોક અદાલતમાં ફોજદારી સમાધાન લાયક કેસો, નેગોશીયેબલ કેસો, ઈલેક્ટ્રીસીટી કેસો, નાણાંની વસુલાતના કેસો, વાહન અકસ્માતના વળતરના કેસો, લેબર તકરારના કેસો, ઈલેક્ટ્રીસીટી તથા વોટરબીલને લગતાં કેસો, લગ્ન વિષયક કેસો, જમીન સંપાદનના કેસો, નોકરી વિષયક પગાર, ભથ્થા અને નિવૃત્તિના લાભોને લગતાં કેસો, મહેસુલોને લગતા કેસો, અન્ય સિવિલ કેસો જેવાં કે (ભાડા, સુખાધિકારના અધિકાર, મનાઈ હુકમ, વિશિષ્ટ પાલનના દાવા વિગેરેના કેસો) તથા પ્રિ-લીટીગેશન ઉપરાંત ખોરાકીના કેસો મુકવા માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, નવસારી તથા તાલુકા કાનૂની સેવા સમિતિનો સંપર્ક કરવા જણાવાયું છે.

સુપ્રભાતમ્

આજનું પંચાગ

તા. ૧૦-૦૯-૨૦૨૬, **વાર :** ગરૂવાર **તિથિ :** શ્રાવણ, ચૌદસ, **સૂર્યોદય :** ૦૬ : ૨૮ **સૂર્યાસ્ત** ૦૬ :૪૪, **ચંદ્રોદય** - ૦૫:૨૩ **ચંદ્રાસ્ત** - ૦૬:૧૭ **ચંદ્ર રાશિ :** સિંહ, **નક્ષત્ર** - મઘા

આજનું રાશિભવિષ્ય

મેષ (અ, લ, ઈ) : આજનો દિવસ તમારા માટે ધન-વૃદ્ધિ અને પ્રગતિ લાવશે. ઘરનું વાતાવરણ ખુશનુમા રહેશે અને મિત્રો સાથે ચર્ચા-વિચારણા વધશે. નોકરી શોધી રહેલા લોકોને નવી તક મળી શકે છે.

વૃષભ (બ, વ, ઉ) : કાર્યસ્થળ પર તમારે થોડી સાવધાની રાખવી પડશે. ઑફિસ પોલિટિક્સ અને નકારાત્મક વાતોથી દૂર રહો.

મિથુન (ક, ઘ, ચ) : વાતચીત અને સંવાદની દ્રષ્ટિએ આજનો દિવસ ઉત્તમ છે. વ્યવસાયના વિસ્તરણ માટે કરવામાં આવેલા પ્રયાસો સફળ થશે.

કર્ક (ડ, હ) : આર્થિક મોરચે મોટો સુધારો જોવા મળશે અને તમારો પૂરો ભાર બચત કરવા પર રહેશે.

સિંહ (મ, ટ) : તમારી રાશિમાં સૂર્ય, ચંદ્ર અને કેતુની યુતિ હોવાથી દિવસના બીજા ભાગમાં માનસિક મૂંઝવણ કે થોડી આક્રમકતા રહી શકે છે.

કન્યા (પ, ઠ, ણ) : તમારી જ રાશિમાં બુધ બિરાજમાન હોવાથી તમે સાચા નિર્ણયો અને યોગ્ય આયોજન કરી શકશો.

તુલા (ર, ત) : વ્યાપારીઓ અને નોકરીયાત વર્ગ માટે આજનો દિવસ નવા અવસરો અને મોટો લાભ લઈને આવ્યો છે.ઑફિસમાં સહકર્મીઓ સાથે તાલમેલ સારો રહેશે.

વૃશ્ચિક (ન, ય) : કાર્યક્ષેત્રે તમારું વર્ચસ્વ અને પદ-પ્રતિષ્ઠામાં વધારો થશે. વરિષ્ઠ અધિકારીઓનો પૂરો સહયોગ મળશે.

ધન (ભ, ધ, ફ, ઢ) : ભાગ્યનો પૂરો સાથ મળવાથી તમારા ચારેય તરફથી શુભ સમાચાર પ્રાપ્ત થશે.

મકર (ખ, જ) : આજે કામની જવાબદારીઓ થોડી વધુ લાગી શકે છે, પરંતુ ધીરજપૂર્વક કામ લેવું.

કુંભ (ગ, સ, શ, ષ) : ભાગીદારીના વ્યવસાયમાં અને વિવાહિત જીવનમાં સંબંધો સુધરશે. નવોન્મેષી વિચારો કામમાં મદદરૂપ થશે.

મીન (દ, ચ, થ, ઝ) : લાંબા ગાળાની આર્થિક યોજનાઓ માટે ધીરજ રાખવાની જરૂર છે. વિરોધીઓ પરાસ્ત થશે અને તમારા કામ સરળતાથી આગળ વધશે. પ્રેમ જીવન અને અંગત સંબંધોમાં મધુરતા જળવાઈ રહેશે.

દમણ રેડિયો 102.3 FM

ગુરૂવાર

સવારની પ્રથમ સભા : ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભક્તિ ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભક્તિ ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

સાંજે : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

સુડોકુ નં.૬૭૦

	7			5			4	
			9		2			
	4	5				9	3	
1	6		8		3		7	5
			4		5			
5	8		6		7		2	1
	1	3				8	5	
			1		6			
	9			3			6	

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પોન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

સુડોકુ નં.૬૬૯નો ઉકેલ

9	3	7	8	5	2	1	4	6
1	6	5	9	7	4	8	3	2
4	8	2	1	6	3	9	5	7
8	5	4	2	3	1	7	6	9
6	2	9	4	8	7	3	1	5
3	7	1	5	9	6	2	8	4
5	9	6	3	2	8	4	7	1
2	4	3	7	1	5	6	9	8
7	1	8	6	4	9	5	2	3

Thursday 10, September 2026

સ્થાનિક સમાચારો

● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ● વાપી ● ઉમરગામ ● દમણ ● સેલવાસ

દમણગંગા ટાઇમ્સ DAMANGANGA TIMES

બાલચોંઢીમાં 'આપ'નું બૂથ સંગઠન મજબુત કરવાનું આહવાહન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

નાનાપોંઢા, તા. ૦૯ : નાનાપોંઢા તાલુકામાં આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટી દ્વારા શરૂ કરવામાં આવેલા 'બૂથ સંગઠન નિર્માણ અભિયાન - મિશન-૨૦૨૭' અંતર્ગત બાલચોંઢી મધ્યસ્થ કાર્યાલય ખાતે વિશેષ બેઠક યોજાઈ હતી. બેઠકમાં પક્ષના સંગઠનને ગ્રામ્ય અને બૂથ સ્તર સુધી વધુ મજબૂત બનાવવા તેમજ આગામી ચૂંટણી માટે કાર્યકરોને સક્રિય કરવાની દિશામાં ચર્ચા કરવામાં આવી હતી. બૂથ સ્તરે સંગઠનનું માળખું મજબૂત બને અને વધુમાં વધુ કાર્યકરો પક્ષની કામગીરી સાથે જોડાય તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં વલસાડ લોકસભાના પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ, કપરાડા વિધાનસભાના પ્રભારી ગુલાબભાઈ પટેલ, કપરાડા વિધાનસભાના સંગઠન મંત્રી રાજેશભાઈ રાઉત, ગુજરાત પ્રદેશ સહ સંગઠન મંત્રી જયેન્દ્રભાઈ ગાવિત, નાનાપોંઢા તાલુકા પ્રમુખ નિરવભાઈ પટેલ તથા કપરાડા તાલુકા પ્રમુખ મનેશભાઈ ભાવર સહિત પક્ષના નામી-અનામી સક્રિય હોદેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન આગામી સમયમાં બૂથ સંગઠનને વધુ અસરકારક બનાવવા માટેની કામગીરી, જવાબદારીઓ અને સંગઠન વિસ્તરણ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યકરોએ મિશન-૨૦૨૭ને સફળ બનાવવા સંગઠિત થઈને કાર્ય કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

ઉદવાડાના સિનિયર શિક્ષકોનું સન્માન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૦૯ : પમી સપ્ટેમ્બરે શિક્ષક દિવસ નિમિત્તે લાયન્સ કલબ ઉદવાડા તરફથી ઉદવાડના સિનિયર શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. શ્રમિતી જશુબેન ટંડેલ, પુષ્પાબેન અનુસુયાબેન શાહ, નારણભાઈ પટેલ, સૌ ભગિની સમાજ હાઈસ્કુલ તેમજ હરિશભાઈ શાહ (ભગવતી કોલોની) મિ. એન્ડ મીસીસ પંડ્યા (ભગવતી કોલોની) તેમજ ઈલાબેન દેસાઈ (ભગવતી કોલોની) શિક્ષકોનુ પણ સન્માન કરવામાં આવ્યું હતું. કે જેઓ અનુક્રમે પરિયા હાઈ., મુંબઈ શાઓમાં તેમજ દાદરા નગર હવેલીમાં શિક્ષણની ફરજ બજાવી હતી. ત્યારબાદ બીલીમોરા શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલયમાંથી આચાર્ય તરીકે નિવૃત્ત અને હાલ ઉદવાડા ખાતે સ્થિત ડો. નાનુભાઈ પટેલનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સન્માનિત સૌએ લાયન્સ કલબ ઓફ ઉદવાડાનો આભાર માન્યો હતો. બીપીનભાઈ પટેલ, અંજનાબેન પટેલ, કિશોરભાઈ ગાંધીની સાથે શૈલેષ જરીવાલા ઉપસ્થિત રહ્યા હતાં.

મરવડ અને કચીગામની શાળામાં એસએમસી સભ્યોને તાલીમ અપાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૦૯ : શાળાના સર્વાંગી વિકાસમાં પાઠશાળા વ્યવસ્થાપન સમિતિ એટલે કે લધ્ધના સભ્યોની ભૂમિકા, જવાબદારી અને અધિકારો અંગે જાગૃતિ લાવવા માટે ખાસ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સરકારી શાળા મરવડ અને સરકારી શાળા કચીગામ ખાતે BRC ટીમ દમણ દ્વારા આ તાલીમ આપવામાં આવી હતી.

તાલીમ દરમિયાન SMC સભ્યોને શાળા છોડી ચૂકેલા વિદ્યાર્થીઓને ફરીથી શિક્ષણની મુખ્યધારામાં જોડવા, શાળા ગ્રાન્ટના યોગ્ય સંચાલન, SMC સભ્યોની જવાબદારી અને અધિકારો, વેસ્ટ મેનેજમેન્ટ તેમજ School Development Plan સહિતના વિવિધ મહત્વના વિષયો અંગે સરળ અને વ્યવહારિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત સભ્યો દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબ આપી તેમની શંકાઓનું પણ નિરાકરણ કરવામાં આવ્યું હતું.

આ તાલીમમાં કુલ ૬૫૮ SMC સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનો મુખ્ય ઉદેશ શાળા, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ વચ્ચે વધુ સારો સમન્વય સ્થાપિત કરી શાળાના સર્વાંગી વિકાસમાં સામુદાયિક ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો હતો.

વલસાડ પાલિકાના ડોર-ટુ-ડોર કચરાના ટ્રેક્ટર ચાલકો પાસે લાયસન્સ જ નથી!

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૯ : વલસાડ નગરપાલિકા વિસ્તારમાં ડોર-ટુ-ડોર કચરો એકત્ર કરવાનો કોન્ટ્રાક્ટ ધરાવતી એજન્સીની ગંભીર બેદરકારી સામે આવી છે. કચરો ઉઠાવવા માટે દોડાવવામાં આવતા ટ્રેક્ટરોના મોટાભાગના ચાલકો પાસે માન્ય ડ્રાઇવિંગ લાયસન્સ જ ન હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. વલસાડ-પારડી માર્ગ પર કચરો ભરેલું ટ્રેક્ટર પલટી જવાની તાજેતરની ઘટના બાદ સ્થાનિકોમાં પાલિકા અને કોન્ટ્રાક્ટર સામે ભારે રોષ ફાટી નીકળ્યો છે. શહેરમાં સતત ટ્રાફિકથી ધમધમતા વિસ્તારોમાં કોઈપણ પ્રકારની તાલીમ કે લાયસન્સ વગરના ચાલકો બેફામ ગતિએ ટ્રેક્ટરો દોડાવી રહ્યા છે. આ અણઘડ ડ્રાઇવિંગના કારણે અવારનવાર નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે. પારડી નજીક બનેલી પલટી જવાની ઘટનામાં કોઈ મોટી જાનહાનિ ટળી હતી, પરંતુ જો આ જ સ્થિતિ રહી તો નિર્દોષ રાહદારીઓ કે વાહનચાલકોએ જીવ ગુમાવવાનો વારો આવી શકે છે. એજન્સી માત્ર નફો રળવા માટે સસ્તા દરે બિનઅનુભવી અને લાયસન્સ વગરના લોકોને ભારે વાહનો સોંપી સામાન્ય નાગરિકોના જીવ જોખમમાં મૂકી રહી છે. પાલિકાની મીઠી નજર નગરપાલિકાના સત્તાધીશો દ્વારા એજન્સીના વાહનો અને તેના ડ્રાઇવરોના દસ્તાવેજોની ચકાસણી કરવામાં સદંતર નિષ્ફળતા મળી છે.

વલસાડ ટ્રાફિક પોલીસ દ્વારા તાત્કાલિક ઝુંબેશ હાથ ધરી આવા તમામ વાહનોના કાગળો, ફિટનેસ અને ડ્રાઇવિંગ લાયસન્સની સઘન તપાસ કરવામાં આવે, બિન-લાયસન્સ ટ્રેક્ટર ચાલકો સામે ટ્રાફિક વિભાગ કડક દંડકીય કાર્યવાહી કરે અને નિયમોનો ભંગ કરનાર કોન્ટ્રાક્ટરનું લાયસન્સ રદ કરી કાયદેસરનો ગુનો દાખલ કરવામાં આવે તેવી શહેરીજનો પ્રબળ માંગ કરી રહ્યા છે.

જોગવેલના ગણેશભાઈ એલ. જાદવને શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ એનાયત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

નાનાપોંઢા, તા. ૦૯ : નાનાપોંઢા તાલુકાના જોગવેલ ગામના આસ્લોણ ફળિયાના વતની અને બાબરખડક પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા ગણેશભાઈ એલ. જાદવની સમગ્ર વલસાડ જિલ્લામાંથી નાનાપોંઢા તાલુકાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી થતાં ગામ, ફળિયા અને તાલુકાનું ગૌરવ વધ્યું છે.

તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી, વલસાડના આયોજન હેઠળ પારડીના મોરારજી દેસાઈ હોલ ખાતે યોજાયેલા શ્રેષ્ઠ શિક્ષક સન્માન સમારોહમાં તેમને શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

ગણેશભાઈ જાદવ શિક્ષણમાં નવીન પ્રવૃત્તિઓ, ટેકનોલોજી, રમતગમત અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત રહ્યા છે. ખેલ મહાકુંભ સહિતની વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી શાળાનું નામ તાલુકા તથા રાજ્યકક્ષાએ ગૌરવભેર ઉજાગર કર્યું છે.

તેમની આ સિદ્ધિ બદલ જોગવેલ ગામ, આસ્લોણ ફળિયા, બાબરખડક પ્રાથમિક શાળા પરિવાર તથા સમગ્ર નાનાપોંઢા તાલુકામાં આનંદ અને ગૌરવની લાગણી છવાઈ છે.

મધ્યમવર્ગ અને કામદારો માટે

થ્રીડીમાં 'સ્પર્શ ૨.૦ યોજના થકી સસ્તા ભાડાના સ્માર્ટ હાઉસો પુરા પડાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૦૯ : ઔદ્યોગિક ક્ષેત્રમાં કામ કરતા કામદારો અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોને સસ્તા ભાડાના મકાનો પૂરા પાડવા માટે, કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના વહીવટીતંત્રે સ્પર્શ ૨.૦ (સસ્તું ભાડાના સ્માર્ટ હાઉસિંગને પ્રોત્સાહન આપવાની યોજના) શરૂ કરી છે. આ યોજનાનો ઉદ્દેશ્ય કામદારો, મજૂરો, શહેરી ગરીબો અને અન્ય નબળા વર્ગો માટે સસ્તા ભાડાના મકાનોની ઉપલબ્ધતા વધારવાનો છે. સ્પર્શ ૨.૦ હેઠળ, પાત્ર રહેણાંક સંકુલના માલિકો અને વિકાસકર્તાઓને ઘણી છૂટછાટો આપવામાં આવશે. આ યોજના લાગુ FSI કરતાં વધારાના ૫૦ ટકા FSI અને ૨૦ ટકા વધારાના ગ્રાઉન્ડ કવરેજની જોગવાઈ કરે છે. વધુમાં, સ્થાપિત જોગવાઈઓ અનુસાર સેટબેક અને રસ્તાની પહોળાઈ સંબંધિત કેટલાક નિયમોમાં પણ છૂટછાટ આપવામાં આવી શકે છે. ૬૬ ટકા આવાસો EWS માટે અનામત છે.

આ યોજનાની સૌથી મહત્વપૂર્ણ શરતોમાંની એક એ છે કે પાત્ર આવાસ સંકુલોમાં ઓછામાં ઓછા ૬૬ ટકા આવાસ આર્થિક રીતે નબળા વર્ગ ના લાભાર્થીઓ માટે અનામત રાખવા જોઈએ. વધુમાં, આવાસ સંકુલ અને તેની કચરા વ્યવસ્થાપન પ્રણાલીની યોગ્ય જાળવણી સુનિશ્ચિત કરવી જોઈએ.

૨૦ ટકા વિસ્તારમાં વાણિજ્યિક પ્રવૃત્તિને મંજૂરી

યોજના હેઠળ, ગ્રીન ઝોન સિવાય, પરવાનગી આપેલ ગ્રાઉન્ડ કવરેજના ૨૦ ટકાનો ઉપયોગ વાણિજ્યિક અથવા વ્યવસાયિક પ્રવૃત્તિઓ માટે કરી શકાય છે. આનાથી રહેણાંક સંકુલના સંચાલન અને જાળવણીને પણ ટેકો મળવાની અપેક્ષા છે.દમણ, દાન અને દીવમાં લાગુ

SPARS યોજના ૨૦૨૨ થી ૨૦૨૭ સુધી દમણ, દાદરા અને નગર હવેલી અને દીવમાં લાગુ કરવામાં આવી છે. વહીવટીતંત્રનો ઉદ્દેશ્ય આ યોજના દ્વારા સસ્તા ભાડાના મકાનોમાં સરકારી અને ખાનગી ક્ષેત્ર બંનેના રોકાણને પ્રોત્સાહન આપવાનો છે. આનાથી કામદારો પર રહેઠાણનો નાણાકીય બોજ ઓછો થવાની અને તેમના જીવનની ગુણવત્તા અને કાર્યક્ષમતામાં સુધારો થવાની અપેક્ષા છે.

અરજીની ચકાસણી ૩૦ દિવસની અંદર કરવામાં આવશે.

આ યોજના હેઠળ નોંધણી કરાવવા માટે, આવાસ સંકુલના માલિક અથવા અધિકૃત પ્રતિનિધિએ નિર્ધારિત ફોર્મ A માં અરજી કરવી આવશ્યક છે. સંબંધિત દસ્તાવેજો સાથે અરજી સબમિટ કર્યા પછી, નોડલ અધિકારી દ્વારા ચકાસણી કરવામાં આવશે,

સામાન્ય રીતે ૩૦ દિવસની અંદર. ટેકનિકલ ચકાસણી પછી જો લાયક જણાશે, તો નોંધણી પ્રમાણપત્ર જારી કરવામાં આવશે. નોંધાયેલા આવાસ સંકુલ માટે વાર્ષિક દેખરેખ અને પાલન પણ પૂરું પાડવામાં આવશે.

ખતલવાડાની સફાઈ અભિયાનમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૦૯ : 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'ના સંકલ્પ સાથે ઉમરગામ તાલુકામાં સ્વચ્છ ારત અભિયાન અંતર્ગત દર રવિવારે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે રવિવારે ખતલવાડ ગ્રામ પંચાયત વિસ્તારમાં હાઈસ્કૂલથી વિવિધ ફળિયા સુધી સફાઈ અભિયાન યોજાયું હતું, જેમાં સેકડો લોકોએ ઉત્સાહભેર શ્રમદાન કરી કચરાનો નિકાલ કર્યો હતો. અભિયાનમાં ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકર, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, વિવિધ સમાજના આગેવાનો, આરોગ્ય વિભાગના કર્મચારીઓ, તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ ડો. નિરવ શાહ સહિત મહામંત્રીઓ તથા હોદેદારો અને મહિલા મોરચાના સક્રિય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ઉમરગામ તાલુકામાં અગાઉ ફેણસા અને ત્યારબાદ માંડા ગ્રામ પંચાયત વિસ્તારમાં સફાઈ અભિયાન યોજાયા બાદ હવે ખતલવાડામાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન હાઈસ્કૂલ આસપાસના વિસ્તાર સહિત વિવિધ ફળિયામાંથી કચરો એકત્ર કરી તેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય રમણભાઈ પાટકરે સ્વચ્છતાના મહત્વ અને તેનાથી થતા ફાયદાઓ અંગે ઉપસ્થિત લોકોને વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે સ્વચ્છતા જળવાઈ રહે તો બીમારીઓનું પ્રમાણ ઘટાડી શકાય છે. જાહેર સ્થળોએ ગંદકી ન ફેલાય તે માટે તંત્રની સાથે નાગરિકો પણ સ્વયંભૂ જાગૃત બની પોતાની જવાબદારી નિભાવે તે જરૂરી છે. ધારાસભ્યએ તાલુકાના લોકોને પણ સ્વચ્છતા અભિયાનમાં જોડાઈ પોતાના ગામ અને આસપાસનો વિસ્તાર સ્વચ્છ રાખવા અનુરોધ કર્યો હતો.

સ્વચ્છતા અંગે લોકોમાં જાગૃતિ આવે અને સ્વચ્છ ગામ, સ્વસ્થ સમાજનો સંદેશ વધુ વ્યાપક બને તે હેતુથી હાથ ધરાયેલા અભિયાનને ગ્રામજનોનો સારો પ્રતિસાદ મળ્યો હતો. કાર્યક્રમના અંતે ખતલવાડ ગ્રામ પંચાયતના સરપંચ સુરેન્દ્રભાઈ ટંડેલે આમંત્રણને માન આપી ઉપસ્થિત રહેલા તમામ આગેવાનો, જનપ્રતિનિધિઓ, કાર્યકરો, કર્મચારીઓ અને ગ્રામજનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

ધરમપુર પાલિકાની સામાન્ય સભામાં વિકાસના કાર્યોને બહાલી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા.૦૭ : ધરમપુર નગરપાલિકા લાયબ્રેરી હોલ ખાતે પ્રમુખ મયંક મોદીના અધ્યક્ષસ્થાને સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં શહેરના વિકાસ, નાણાકીય આયોજન અને કર્મચારીલક્ષી વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

સભામાં વર્ષ ૨૦૨૫-૨૬ના વાર્ષિક હિસાબોને મંજૂરી, તેમજ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, ૧૫મા અને આગામી ૧૬મા નાણાપંચની ગ્રાન્ટમાંથી વિકાસ કામોના આયોજન અંગે ચર્ચા થઈ હતી. સિટી સર્વે નં. ૧૩૭૨માં ૨ MLD મીની STP અને સિટી સર્વે નં. ૧૩૪૭માં આંગણવાડી બનાવવાના કામ અંગે પણ આયોજન કરવામાં આવ્યું હતું.

નગરપાલિકા હાઈસ્કૂલના કર્મચારીઓના પગારધોરણ, પેન્શન તથા નિવૃત્ત કર્મચારીઓની હક્ક રજા અને ગ્રેજ્યુટી સહિતના પ્રશ્નો પર પણ ચર્ચા થઈ હતી. પ્રમુખ સ્થાનેથી અતિભારે વરસાદ દરમિયાન ફાયર બ્રિગેડના જવાનોની કામગીરીને બિરદાવવામાં આવી હતી. સાથે જ લોકમંગલમ ટ્રસ્ટના નીલમભાઈ પટેલની ટીમ અને જલારામ ટ્રસ્ટની સેવાકીય કામગીરીની પ્રશંસા કરવામાં આવી હતી.રીક્ષા સ્ટેન્ડ, જન્મ-મરણના દાખલામાં સુધારા-વધારાની પ્રક્રિયા સરળ બનાવવા તેમજ સિંધિચાલ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ માટે પોલ ઊભા કરવા અંગે પણ રજૂઆતો થઈ હતી.

ડી.એન.પી. હાઈસ્કૂલ ત્રણ રસ્તાથી બિલપુડી ચાર રસ્તા સુધીના રોડને નામ આપવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. સભામાં ચીફ ઓફિસર વિજયભાઈ ઈટાલીયા, ઉપ-મુખ ઉમાબેન ભોયા, કારોબારી અધ્યક્ષ મહેશભાઈ ગાયકવાડ, બાંધકામ સમિતિના ચેરમેન સમીપરાંચ શિક્ષણ સમિતિના ચેરમેન નરેશ પટેલ, સહિત નગરપાલિકાના સભ્યો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ધરમપુર વિજ્ઞાન કેન્દ્રમાં જિલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ સેમિનાર યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા. ૦૯ : જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર (રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ, સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર) દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ જિલ્લા કક્ષાના નેશનલ સાયન્સ સેમિનાર-૨૦૨૬નું આયોજન તા. ૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ કરવામાં આવ્યું હતું.

આ વર્ષે નેશનલ સાયન્સ સેમિનારમાં ભારતીય ઊર્જા મિશ્રણ ૨૦૪૭ સંભાવનાઓ અને પડકારો "Indian Energy Basket 2047: Prospects and Challenges" વિષય પર જિલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વલસાડ જિલ્લાની કુલ ૭ શાળાઓના ધોરણ ૮થી ૧૦ના ૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સ્પર્ધામાં પ્રથમ પુરસ્કાર જયા પ્રમેશ પાંડે (મરોઠિયા ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ, ડુંગરા), દ્વિતીય પુરસ્કાર આરુષિ બિપિન પટેલ (મધર ઑફ હોપ સ્કૂલ, વાપી) અને તૃતીય પુરસ્કાર વીર મિતેશભાઈ પંખાણિયા (પી.એમ. શ્રી ચલા માધ્યમિક શાળા)ને મળ્યો હતો. પ્રથમ અને દ્વિતીય ક્રમના વિજેતા વિદ્યાર્થીઓ ગુજકોસ્ટ, ગાંધીનગર દ્વારા આયોજિત રાજ્ય કક્ષાની સ્પર્ધામાં વલસાડ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. સમાપન કાર્યક્રમના મુખ્ય અતિથિ મહેન્દ્રકુમાર આર. પટેલ, પ્રાચાર્ય, DIET-વલસાડ દ્વારા નેશનલ સાયન્સ સેમિનારના મહત્વ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સેમિનારના નિર્ણાયકો ડૉ. ભદ્રેશ આર. સુદાણી, આસિસ્ટન્ટ પ્રોફેસર અને ડૉ. રાજેશ સી. માલન, સરકારી ઈજનેરી કોલેજ, વલસાડ દ્વારા વિદ્યાર્થીઓને સરળ, ટૂંકી અને અસરકારક રજૂઆત સાથે વિષયની સંપૂર્ણ સમજ રાખવા તેમજ પ્રશ્નોત્તરી દરમિયાન આત્મવિશ્વાસપૂર્વક જવાબ આપવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે વિષયને માત્ર માહિતીરૂપે રજૂ કરવાને બદલે પોતાની વિચારસરણી, સર્જનાત્મક અભિગમ, નવા વિચારો અને શક્ય ઉકેલો સાથે રજૂ કરવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમના અંતમાં જિલ્લા વિજ્ઞાન અધિકારી પ્રજ્ઞેશ ડી. રાઠોડે વિદ્યાર્થીઓને રાજ્ય કક્ષાના સેમિનાર માટે નવા મુદ્દાઓને ઉમેરી વિષયવસ્તુ સંબંધિત વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે સેમિનારમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમમાં તમામ પ્રતિભાગીઓને પ્રમાણપત્રો તથા વિજેતા વિદ્યાર્થીઓને પુરસ્કાર અને સ્મૃતિચિહ્ન એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ ને સફળ બનાવવા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ધરમપુર ના સ્ટાફનો અમૂલ્ય સહયોગ -રામ થયો હતો.

ઔરંગા નદી કિનારે જેટી પર વિસર્જનની કામગીરીનું ધારાસભ્યએ નિરિક્ષણ કર્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૯ : વલસાડની ઔરંગા નદીના કિનારે આવેલી જેટી ખાતે ગણેશજીની પ્રતિમાના વિસર્જન માટે ચાલી રહેલી તૈયારીઓ તથા રસ્તાની મરામત કામગીરીનું વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ દ્વારા સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. વલસાડ નગરપાલિકા સભ્યો, તાલુકા પંચાયત સભ્યો તથા સરપંચો દ્વારા ધારાસભ્ય ભરતભાઈને ગણપતિ મંડળોને વિસર્જન દરમિયાન પડતી વિવિધ મુશ્કેલીઓ તથા જરૂરી વ્યવસ્થાઓ અંગે રજૂઆતો કરવામાં આવી હતી.

આ રજૂઆતોને ધ્યાનમાં રાખી ધારાસભ્ય ભરતભાઈ પટેલ દ્વારા જિલ્લા કલેક્ટર તથા વલસાડ નગરપાલિકાના ચીફ ઓફિસરને ગણેશજીની પ્રતિમાના વિસર્જન દરમિયાન કોઈપણ ગણપતિ મંડળને અગવડતા ન પડે તેમજ વિસર્જન સ્થળે જરૂરી સુવિધા, સુરક્ષા અને વ્યવસ્થાઓ સુચારૂ રીતે ઉપલબ્ધ થાય તે માટે યોગ્ય કાર્યવાહી કરવા રજૂઆત કરી હતી. જે સંદર્ભે સોમવારથી સ્થળ પર કામગીરી હાથ ધરાતા ધારાસભ્યશ્રીએ મુલાકાત લઈ કામગીરીનું નિરિક્ષણ કરી જરૂરી સૂચનો પણ કર્યા હતા.

ખત્તલવાડા હાઈસ્કૂલમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમી કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૦૯ : ખત્તલવાડા કેળવણી મંડળ સંચાલિત શાહ જે.જી. હાઈસ્કૂલ, ખત્તલવાડા ખાતે ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ નિમિત્તે શ્રીકૃષ્ણ જન્માષ્ટમી તથા મટકી ફોડ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ભગવાન શ્રીકૃષ્ણના પૂજનથી કરવામાં આવી હતી. શાળાના સંસ્કૃત શિક્ષક શિવમભાઈ જોશી દ્વારા મંત્રોચ્ચાર સાથે વિધિવત પૂજા કરાવવામાં આવી હતી. જેમાં ગાયત્રીબેન, દીપિકાબેન અને રામચંદ્ર ભાઈ તથા સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓ પણ એમાં જોડાયા હતા. આ કાર્યક્રમનો દોર વિશાલભાઈ એમ. તેરૈયા દ્વારા સંભાળ્યો હતો જેમાં શ્રીકૃષ્ણના જીવન અને તેમના મહિમા વિશે સુંદર પ્રવચન રજૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સૌથી આકર્ષક એવા મટકી ફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બેને મટકી ફોડતી વખતે 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી'ના નાદથી આખું મેદાન ગુંજી ઉઠ્યું હતું. જાણે ગોકુળ, મથુરા તથા વૃંદાવન જેવું ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું.

અંતે પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો. આમ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય મનોજકુમાર કે. પંચાલ તથા સુપરવાઈઝર ગાયત્રીબેન એમ. ટંકારીના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક સમિતિના સભ્યો તથા શાળા પરિવાર અને વિદ્યાર્થીઓનાં સહયોગથી ઉત્સાહ ભક્તિ શ્રદ્ધા અને આનંદમય વાતાવરણમાં સંપન્ન થયો હતો.

વલસાડ જિલ્લા ભાજપ દ્વારા કાર્યશાળા યોજાઈ

વલસાડ, તા. ૦૯ : દેશના વડા-પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જનસેવા અને સમર્પણના સફળતમ ૨૫ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા સેવા, સંકલ્પ, અભિયાન અંતર્ગત જિલ્લા કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. વલસાડના અબ્રામા સ્થિત સૌરાષ્ટ્ર કડવા પાટીદાર સમાજ હોલ ખાતે આ કાર્યશાળા જિલ્લા પ્રમુખ હેમંતભાઈ કંસારાના અધ્યક્ષસ્થાને સંપન્ન થઈ હતી.

આ કાર્યક્રમના દક્ષિણ ઝોનના પ્રભારી તેમજ મુખ્ય વક્તા અમીતાબેન પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષ અને ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકી (જૈન), વલસાડ જિલ્લા પ્રભારી વિનયભાઈ શુક્લા તથા વલસાડ-ડાંગ લોકસભા સાંસદ અને લોકસભાના દંડક ધવલભાઈ પટેલ, પ્રદેશ એસ.ટી. મોરચાના મહામંત્રી મહેન્દ્રભાઈ ચૌધરીની વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા ભાજપ, પ્રદેશના હોદેદારો, જિલ્લા સંગઠન, મંડળના પ્રમુખ, મહામંત્રી, વિવિધ મોરચાના હોદેદાર, અગ્રણી કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને અભિયાનને સફળ બનાવવા માટે ઉત્સાહપૂર્વક સંકલ્પ લીધો હતો

વિશેષ વાંચન

Thursday 10, September 2026

દમણગંગા ટાઇમ્સ

ચર્ચાનો ચોતરો

નોંધ: દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. - **સંપાદક**

કેટલીક સમસ્યાઓ કેમ યથાવત ?

જયોતિ ઉત્પલ પંડયા
અતુલ

અતુલથી વાપી સુધીની રોજની સફર માત્ર નોકરી સુધી પહોંચવાનો રસ્તો નથી; આ ૧૮ વર્ષમાં આ રસ્તાએ વિકાસ પણ બતાવ્યો છે અને વિકાસની વચ્ચે ઊભી રહેલી કેટલીક સમસ્યાઓ પણ.

અતુલથી વાપી સુધી નોકરી માટેની મારી રોજિંદી અવરજવરને આજે ૧૮ વર્ષ પૂર્ણ થયાં. આ ૧૮ વર્ષમાં દરરોજ ઘરેથી નોકરી તરફ અને નોકરીથી ઘરે પરત ફરતી વખતે નેશનલ હાઈવે-૪૮ અને તેની આસપાસના વિસ્તારોને સતત બદલાતા જોયા છે.

આ રસ્તો જાણે મારી આંખો સામે જ મોટો થતો ગયો છે. પહેલાં જે રસ્તો હતો તે સમય સાથે પહોળો થયો, એકમાર્ગીય રસ્તાઓ છ માર્ગીય બન્યા, નવા બ્રિજ બન્યા, ટ્રાફિક વધ્યો અને રસ્તાની આસપાસના ગામો-શહેરો પણ ઝડપથી વિકસ્યાં. ઉદવાડા તરફથી પસાર થતાં રસ્તામાં આવતાં પહાડો અને કુદરતી દૃશ્યોમાં પણ વર્ષો દરમિયાન ઘણો ફેરફાર જોયો છે. ક્યાંક રસ્તો આવ્યો, ક્યાંક બ્રિજ બન્યો, ક્યાંક બાંધકામ થયું અને ક્યાંક કુદરતી જગ્યા પણ ધીમે ધીમે ઓછી થતી ગઈ. આ બધું ૧૮ વર્ષથી જોતા-જોતા આજે એક વાત વારંવાર મનમાં આવે છે—વિકાસ ઘણો થયો છે, પરંતુ શું વિકાસની સાથે આપણી વ્યવસ્થા પણ એટલી જ ઝડપથી વિકસી છે?

આ સવાલ પાછળ અનેક કારણો છે. રસ્તો પહોળો થયો, પણ સફર સરળ બની કે નહીં? નેશનલ હાઈવે-૪૮ પર છેલ્લા કેટલાક વર્ષોથી ચાલતાં કામો અને રસ્તાની સ્થિતિએ રોજિંદા મુસાફરો માટે ઘણી મુશ્કેલીઓ ઊભી કરી છે. રસ્તો બનાવવો, પહોળો કરવો કે નવી સુવિધા ઊભી કરવી એ વિકાસનો જરૂરી ભાગ છે. પરંતુ બાંધકામ દરમિયાન વાહનવ્યવહારને સરળ રાખવો અને મુસાફરોને ઓછામાં ઓછી મુશ્કેલી પડે તેવું આયોજન કરવું પણ એટલું જ જરૂરી છે. રોજ નોકરી માટે આવન-જાવન કરતા લોકો માટે આ મુશ્કેલી માત્ર એક દિવસની નથી. રોજનું રોજ ટ્રાફિક, ધીમો વાહનવ્યવહાર અને ક્લાકો સુધી રસ્તા પર પસાર થતો સમય—આ બધું નોકરિયાત માણસના જીવનનો ભાગ બની જાય છે. ઘરેથી સમયસર નીકળો તો પણ ક્યારેક રસ્તો કેટલો સમય લેશે તેની ખાતરી રહેતી નથી. ઓફિસ પહોંચવાનો સમય, પરત ઘરે પહોંચવાનો સમય અને પરિવાર સાથે પસાર કરવાનો સમય—બધું જ આ મુસાફરી સાથે જોડાયેલું છે.

રસ્તાના કામ દરમિયાન સલામતીની વ્યવસ્થા, યોગ્ય ડાયવર્ઝન, સ્પષ્ટ સૂચનાઓ અને કામ પૂરું થયા પછી રસ્તાની ગુણવત્તા અંગે પણ સતત દેખરેખ જરૂરી છે.

ક્યારેક તો હાઈવે જેવા રસ્તા પર પણ ખાડા, તૂટેલી સપાટી કે અસ્થાયી વ્યવસ્થાઓ જોવા મળે ત્યારે સામાન્ય મુસાફરને સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય છે કે આટલા મોટા રસ્તા પર આવી નાની બાબતો માટે પણ આપણે વારંવાર શા માટે મુશ્કેલી ભોગવીએ છીએ? રસ્તાની સાથે સ્વચ્છતા પણ જરૂરી છેરસ્તો માત્ર ડામર કે સિમેન્ટનો બનેલો નથી હોતો. રસ્તાની આસપાસનું વાતાવરણ પણ તે રસ્તાની ઓળખ બને છે. પારડી, ઉદવાડા, વાપી અને આસપાસના વિસ્તારોમાંથી પસાર થતાં અનેક સ્થળોએ સ્વચ્છતા અંગે હજુ ઘણું કરવાની જરૂરિયાત અનુભવાય છે. ખાસ કરીને ચોમાસામાં ગંદકી, કચરો, પાણી ભરાવું અને રસ્તાની બાજુની અવ્યવસ્થા મુસાફરો માટે મુશ્કેલી ઊભી કરે છે.

બ્રિજની નીચે કે રસ્તાની આસપાસ એવી જગ્યાઓ પણ જોવા મળે છે જ્યાં વરસાદી માહોલમાં મુસાફરો માટે થોડીવાર ઊભા રહેવું પણ મુશ્કેલ બને. રિક્ષા કે અન્ય વાહનની રાહ જોતા લોકોને સ્વચ્છ અને સુરક્ષિત જગ્યા ન મળે તો તેની અસર સીધી સામાન્ય માણસ પર પડે છે.

સ્વચ્છતા માત્ર સફાઈ કર્મચારીઓની જવાબદારી નથી, પરંતુ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની કામગીરીનું પણ મહત્વનું માપદંડ છે. સરકાર દ્વારા સ્વચ્છતા માટે નાણાં ફાળવવામાં આવે છે, યોજનાઓ બનાવવામાં આવે છે અને સ્વચ્છતા અંગે અભિયાન ચલાવવામાં આવે છે. તો પછી તેનો વાસ્તવિક ફેરફાર રસ્તા પર અને લોકોના રોજિંદા જીવનમાં પણ દેખાવો જોઈએ.

કોઈ વિસ્તાર કેટલો સ્વચ્છ છે એ જાણવા માટે મોટી જાહેરાત જોવાની જરૂર નથી. ત્યાંના રસ્તા પર પાંચ મિનિટ ઊભા રહો—જવાબ મળી જશે.

અને સૌથી મોટો – '—રસ્તા પર રહેતા મૂંગા જીવોનો પરંતુ આ ૧૮ વર્ષની મુસાફરીમાં સૌથી વધુ જે બાબતે મને અંદરથી સ્પર્શ કર્યો છે, તે છે રખડતાં પશુઓની સ્થિતિ. છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં હાઈવે પર ગાયો, વાછરડાં અને બળદોની સંખ્યા તથા તેમની રસ્તા પરની હાજરી વધારે સ્પષ્ટ દેખાવા લાગી છે. દિવસ હોય કે રાત, આ મૂંગા જીવોને રસ્તા પર બેઠેલા કે ભટકતા જોઈ શકાય છે. ખાસ કરીને રાત્રે આ સ્થિતિ અત્યંત જોખમી છે. એક તરફ પશુ માટે આ કોઈ સુરક્ષિત રહેઠાણ નથી અને બીજી તરફ વાહનચાલકો માટે પણ મોટું જોખમ છે. અંધારામાં રસ્તા વચ્ચે બેઠેલી ગાય કે બળદ વાહનચાલકને છેલ્લી ક્ષણે દેખાય તો અકસ્માત ટાળવો મુશ્કેલ બની શકે છે.

પરંતુ અહીં પણ આપણે માત્ર અકસ્માતની દૃષ્ટિએ આ પ્રશ્ન ન જોવો જોઈએ. આ પશુઓ રસ્તા પર શા માટે છે? તેમનું ઘર ક્યાં છે?

ગાયને દૂધ માટે પાળવામાં આવે છે, પરંતુ વાછરડાનું શું? પશુ જ્યારે માલિક માટે ઉપયોગી ન રહે ત્યારે તેની જવાબદારી કોણ લે? જો કોઈ વ્યવસ્થા ન હોય તો અંતે એ પશુ રસ્તા પર જ આવીને જીવન પસાર કરે છે. એક મૂંગો જીવ આપણને કહી શકતો નથી કે તેને ભૂખ લાગી છે. તે કહી શકતો નથી કે તેને ઈજા થઈ છે. તે કહી શકતો નથી કે વરસાદમાં તેને આશ્રય જોઈએ છે. તે ફક્ત રસ્તા પર બેસી રહે છે. અને આપણે પસાર થઈ જઈએ છીએ.

ઉકેલ ક્યાંથી આવશે? આ સમસ્યાનો ઉકેલ કોઈ એક વ્યક્તિ પાસે નથી. નગરપાલિકા, ગ્રામ પંચાયત, સ્થાનિક વહીવટીતંત્ર, પશુપાલકો, જીવદયા સંસ્થાઓ, પાંજરાપોળો અને નાગરિકો—બધાએ સાથે મળીને વિચારવું પડશે. નિરાધાર પશુઓ માટે યોગ્ય આશ્રય, પાણી, ચારો અને સારવારની વ્યવસ્થા થવી જોઈએ. પશુ માલિકો પોતાના પશુઓને રસ્તા પર છોડી ન દે તે માટે જવાબદારી નક્કી થવી જોઈએ. હાઈવે પર જ્યાં વારંવાર પશુઓ જોવા મળે છે તેવા સ્થળોની ઓળખ કરીને ત્યાં કાયમી વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.

પાંજરાપોળો અને જીવદયા સંસ્થાઓ પણ પોતાની રીતે ઘણું કામ કરે છે, પરંતુ આટલી મોટી સંખ્યામાં પશુઓ માટે માત્ર તેમની ઉપર આધાર રાખવો પૂરતો નથી. સ્થાનિક તંત્ર અને સમાજ વચ્ચે યોગ્ય સંકલન જરૂરી છે. યુવાનો પણ આ કામમાં આગળ આવી શકે. માત્ર સોશિયલ મીડિયા પર સમસ્યાની તસવીર મૂકવાથી નહીં, પરંતુ સ્થાનિક તંત્ર સાથે મળીને ઉકેલ શોધવા માટે આગળ આવવાની જરૂર છે. જવાબદારી માત્ર સરકારની નથી, પરંતુ વ્યવસ્થા સરકારની હોવી જોઈએઅહીં એક વાત સ્પષ્ટ કરવી જરૂરી છે—આ લેખ કોઈ સરકાર, નગરપાલિકા, ગ્રામ પંચાયત કે કોઈ વ્યક્તિને દોષ આપવા માટે નથી. સરકાર પાસે ઘણી જવાબદારીઓ છે અને નાગરિકો પાસે પણ છે. પરંતુ નાગરિકો પાસેથી નિયમોનું પાલન અપેક્ષિત હોય તો વ્યવસ્થા પણ નાગરિકોને મળવી જોઈએ. સ્વચ્છતા માટે ગ્રાન્ટ મળે છે તો સ્વચ્છતા દેખાવી જોઈએ. રસ્તા માટે નાણાં ફાળવાય છે તો રસ્તાની ગુણવત્તા દેખાવી જોઈએ. પશુકલ્યાણ માટે યોજનાઓ હોય તો પશુઓની સ્થિતિમાં પણ સુધારો દેખાવો જોઈએ. આખરે સરકારી કામગીરીનો સાચો અહેવાલ કાગળ પર નહીં, જમીન પર દેખાય છે. વિકાસની સાચી વ્યાખ્યા ૧૮ વર્ષ પહેલાં જે રસ્તા પર હું નીકળી હતી અને આજે જે રસ્તા પર નીકળું છું

તેમાં ઘણો ફરક છે. રસ્તો પહોળો થયો છે, વાહનો વધ્યાં છે, શહેરો વિસ્તર્યા છે અને સુવિધાઓ વધી છે. પરંતુ હવે વિકાસની આગળની કડી વિશે વિચારવાનો સમય છે. શું આપણે એવો રસ્તો બનાવી શકીએ જ્યાં વાહન પણ સુરક્ષિત ચાલે, મુસાફરને સ્વચ્છ વાતાવરણ મળે અને કોઈ મૂંગા જીવને રસ્તા પર રાત ન વિતાવવી પડે?

કૌશલ્ય આધારિત શિક્ષણ પદ્ધતિ

ડો. જે. એમ. નાયક
નવસારી

વર્તમાન સ્પર્ધાત્મક સમયમાં ફક્ત ડિગ્રી ને આધારે જોબ મેળવવાની શક્યતા નહિવત છે જેથી ડિગ્રીની સાથે ઉમેદવાર પાસે વિવિધ કૌશલ્યો આવશ્યક જ નહીં પરંતુ અનિવાર્ય બની ગયા છે. મલ્ટીનેશનલ કંપનીઓને ફક્ત વધારે ટકાવારીની માર્કશીટ વાળા ઉમેદવારો નહીં પરંતુ કંપનીની જરૂરિયાત મુજબ એમના પ્રશ્નોનું સમાધાન આપી શકે તેવા કુશળ કર્મચારીઓ જોઈએ છે. ૨૧ મી સદીના ટેકનોલોજીના યુગમાં રોજગારીનું સ્વરૂપ ખૂબ જ ઝડપથી બદલાઈ રહ્યું છે. ઘણી કંપનીઓ હવે પરંપરાગત ડિગ્રી કરતાં ઉમેદવાર પાસેના કૌશલ્યો અને પ્રતિભાને વધારે મહત્વ આપે છે. આ સંજોગોમાં વર્તમાન શિક્ષણ પદ્ધતિ એ કૌશલ્ય આધારિત હોય એ ખૂબ જ આવશ્યક છે. નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ માં પણ કૌશલ્ય આધારિત શિક્ષણની જોગવાઈ કરવામાં આવી છે એ સારી બાબત છે. વિવિધ યુનિવર્સિટીઓએ પણ પોતાના સિલેબસમાં વિવિધ કૌશલ્યનો સમાવેશ કરવા માટે -યત્નો હાથ ભર્યા છે એ સરાહનીય છે. વર્તમાન શિક્ષણ પદ્ધતિમાં અતિ વિરાટ સર્જરીની જરૂરી છે. પરંપરાગત શિક્ષણ પદ્ધતિની સાથે સાથે જ



કૌશલ્ય આધારિત શિક્ષણ પદ્ધતિનો ગ્રાઉન્ડ લેવલે વાસ્તવિક અમલ થવો જોઈએ. ભારતમાં પ્રાઈવેટ યુનિવર્સિટી અને સેલ્ફ ફાઈનાન્સ કોલેજોની સંખ્યા ખૂબ જ ઝડપથી વધી રહી છે. દેશની બધી જ યુનિવર્સિટીઓએ વર્તમાન સમયમાં અપ્રસ્તુત હોય એવા કોર્સિસ સત્વરે બંધ કરી દેવા જોઈએ. અને કૌશલ્યવાન યુવાનો યુનિવર્સિટીમાંથી તૈયાર થઈને બહાર પડે એવા કોર્સિસ દાખલ કરવા જોઈએ. કોલેજ કેમ્પસમાંથી કે યુનિવર્સિટીમાંથી ડિગ્રી લઈને બહાર પડતો વિદ્યાર્થી વિવિધ કાબેલિયત મેળવીને તૈયાર થયેલો હશે તો જ ઉદ્યોગો એને જોબ આપવા માટે તૈયાર થશે. પરંપરાગત શિક્ષણ પદ્ધતિને બદલે શિક્ષણમાં ૩૬૦ ડિગ્રી પરિવર્તન ત્યારે જ શક્ય બનશે કે જ્યારે સાચા અર્થમાં કોલેજ અને યુનિવર્સિટીમાં કૌશલ્ય આધારિત શિક્ષણ આપવામાં આવશે. દેશનું યુવાધન વેડફાઈ નહીં જાય તે માટે વર્તમાન શિક્ષણ વ્યવસ્થામાં શૈક્ષણિક ક્રાંતિની આવશ્યકતા છે.

સુખ મહાન કે ગુણ

હર્ષદ દેસાઈ
વટાર

સુખ એટલે સખની મીઠી લાગણીઓ અને સુખ આપતી સામગ્રીઓ જેની પાસે ભોગ સામાગ્રી છે તે સુખી કહેવાય છે. જેની પાસે ભોગ સામગ્રી વધુ છે તે વધુ સુખી કહેવાય છે. મોટર, બંગલો, ઓફિસ વગેરેવાળો માસણસુખી કહેવાય છે.

હકીકત સાવ જુદી છે. સામગ્રીવાળો સુખી નથી, પણ ઉદારતા, પ્રેમ કરુણા, સાહિષ્ણુતા વગેરે ગુણોવાળો માણસ સુખી છે. ભોગની અઢળક સામગ્રીમાં રહેલો માણસ એટલો બધો દુઃખી હોઈ શકે છે કે, તે કદાચ આપઘત કરીને મરવા માટેની તેયારીમા હોય, ખરેખર તો ભોગ સામગ્રી જેમ વધી તેમ સુખ ઘટે અને દુઃખ વધે છે. ભોગની અઢળક સામગ્રીમાં રહેલો માણસ એટલો બધો દુખી હોઈ શકે છે કે, તે કદાચ આપઘાત કરવાની તૈયારીમાં હોય, ખરેખર તો ભોગ સામગ્રી વધે તેમ સુખ ઘટે અને દુઃખ વધે છે. પણ આ વાત માનવા માટે કોઈપણ ભોગરસી જીવ તૈયાર નથી.

વસ્તુતઃ સુખ તો સંતોષ વગેરે ગુણોમાં છે. જે માણસો સ્વભાવે સંતોષી છે. પ્રેમાળ છે, ઉદાર છે. સહિષ્ણુ છે,, પરગજુ છે શીલવાન છે. સદાચારી છે. અતિથિ સત્કારને કરનારા છે. સઘળાયે ઔચિત્યના સેવી છે. સત્યવાદી છે. સરળ છે નિખાલસ છે એ ગુણવાન માણસો એકામ સુખી છે. દાન જેમ વધે કામ અનેકોધ વધે. ટુંકમાં સઘળાયે દોષો વધે. થોડાશક પ્રકરણમાં શ્રી હરિભદ્રસુરિજીએ કહ્યું છે કે, સાચા અર્થમાં જો માણસ ધર્મક્રિયા સ્વરૂપ ધર્મ કરવો હશે. તેના જીવનમાં તમને પાંચ ગુણો તો ખીલી ઉઠેલા મળશે જ. તે માણસ અત્યંત ઉદાર દિલના હશે. તે બીજાના કામો મધરાતે પણ કરવા જેટલો ખુબ નિર્મળ અને ઊંડી સમજવાળી હશે. આથી જ તે પ્રાયઃ લોકપ્રિયતા પામ્યો હશે. જેમ એકલી ભોજન સામગ્રીથી સુખ નથી બલ્કે દુખ જ છે. સુખ તો

ગુણો બનવામાં છે. આપણે પૂર્વે જોયુ કે કુંટુંબમાં સંપ જીવનામાં શાંતિ, ચિત્તમા પ્રસંન્નતા, અને શરીરે આરોગ્ય એ જ પાયના સુખો છે. આ સુખોની પ્રામી ગુણીજનોને જ થાય છે. માત્ર ધનવાન કે માત્ર ધર્મક્રિયાવાન લોકો આ ચારમાંથી એકપણ સુખનો જીવનમાં પામી શકતા નથી. આથી જ આવા લોકો કુટુંબના કજિયાઓથી સતત દાઝતા બળતા હોય છે. એમને શાંતિ હોતી નથી. તેઓ પિત્તની પ્રસન્નતાને કદી સ્પર્શી શકતા નથી. અને દવાઓ ખાઈને જીવનારા તે લકોને આરોગ્યનો આનંદ કદી પ્રાપ્ત થતો નથી. આવા એવા ધનવાન કે ધર્માક્રિયાવાન લોકો બંગલામાં જે આનંદ પામતા હશે. નક્કર આનંદ ભાવના મકાનોમાં રહેનારા ગુણીય લોકો પામતા હોય છે.

માત્ર ધનવાન માણસ કદી સુખી થઈ શકતો નથી. અને માત્ર ધનવાન માણસ પણ સુખી થઈ શકતો નથી. ગુણવાન માણસ જ સુખી થઈ શકે છે. ધનથી ગુણવાન બની શકાતુ નજથી. ધર્મથી જ ગુણવાન બની શકાય છે. તેમ થાય તો જ ધર્મ, ગુણોને પે,દા કરી આપીને જીવનને સુખી બનાવી શકે જે લોકો ધર્મ કરે છે પરંતુ તેન દ્વારા ગુણવાન બનવાનું લક્ષ્ય રાખતા નથી. તેવું ઈચ્છતા પણ નથી. તે લોકોને હિમાલય જેટલો ધર્મ પણ ગુણવાન બનાવી શકે તેમ નથી. જે ગુણવાન નહી તે સુખવાન પણ નહી જે. જો તમે સુખી બનવા ઈચ્છો છો તો તમે ગુણી બનો. ગુણી બનવાના લક્ષ સાથે ધર્મી જરુર બનો. પણ સુખી બનવા માટે ધની બનવાની દિશા તરફ ધસી જશો તો કદી સાચા સુખી બની શકો નહિ.

આંતરિક સૌંદર્ય

કિંજલ પંડયા
પારડી

દુનિયામાં જ્યારે સુંદરતાની વાત નીકળે છે, ત્યારે આપણું મન અવારનવાર બાહ્ય રૂપ, રંગ, ચહેરાના ઉપાડ અથવા તો ચહેરાની ચમક, પોશાક કે ભૌતિક સુખ તરફ દોડી જાય છે. પરંતુ, આ બાહ્ય સુંદરતા ક્યારેય કાયમી હોતી નથી. સમય જતાં ચહેરાની કરચલીઓ અને શરીરની ક્ષીણતા એ વાસ્તવિકતા છતી કરી દે છે કે માત્ર ચામડીનું સુંદર હોવું એ એક ક્ષણભંગુર આભાસ છે. ખરી સુંદરતા તો માણસના નિષ્કપટ હૃદયમાં વસે છે.

જ્યારે જીવનમાં સ્વભાવથી સહજતા, વ્યવહારમાં સરળતા અને હૃદયમાં સંવેદનશીલતા વણાઈ જાય છે, ત્યારે જ આંતરિક રીતે સાચું સૌંદર્ય પ્રગટે છે. આ ત્રણ ગુણો માત્ર નૈતિક મૂલ્યો નથી, પરંતુ જીવનની વાસ્તવિકતા અને આધ્યાત્મિકતાનો નિચોડ છે.

સહજ હોવું એટલે આપણે જેવા છીએ તેવા જ રહેવું. ના કોઈ મુખવટો, ના કોઈ દેખાડો, ના કોઈ અહંકારનો ભાર. આજે બીજાને પ્રભાવિત કરવા માટે અવનવા વેશ ધારણ કરી, સાચા સ્વભાવને છુપાવીને સમાજ સામે કંઈક અલગ બનવાનો સતત પ્રયાસ ચાલતો હોય છે. આ પ્રયાસમાં માણસ પોતાની મૌલિકતા અને આંતરિક શાંતિ ખોઈ બેસે છે. કુદરતને જોઈએ તો - નદી એના વહેણમાં સહજ છે, ફૂલ એની ખીલવાની પ્રક્રિયામાં સહજ છે, અને સૂરજ એના ઉગવામાં સહજ છે. ફૂલ ક્યારેય બીજા ફૂલ કરતાં વધારે સુંદર દેખાવાનો દેખાડો કરતું નથી; તે બસ, પોતાના પૂર્ણ વૈભવ સાથે ખીલે છે અને સુગંધ વેરે છે. જ્યારે આપણે અહંકાર, સરખામણી અને દેખાડામાંથી મુક્ત થઈને મૂળ સ્વભાવમાં સ્થિર થઈએ છીએ, ત્યારે વ્યક્તિત્વમાં એક અદ્ભુત આકર્ષણ ઊભું થાય છે. આ સહજતા જ આંતરિક સૌંદર્યનું પહેલું લક્ષણ છે.

જટિલતા કે ગૂંચવણ મનની ઉપજ છે, જ્યારે સરળતા એ હૃદયનો સાચો ધર્મ છે. નાની-નાની વાતોમાં ગણતરીઓ કરવી, બીજા વિશે પૂર્વગ્રહો બાંધવા અને વાતનું વતંગડ બનાવવું એ આપણી આદત બની જતી હોય છે. પણ મન જ્યારે વિચારોના ભારથી દબાયેલું હોય, ત્યારે ચહેરા પર ક્યારેય સચ્ચાઈનું સ્મિત આવી શકતું નથી.

સરળ હૃદય પાસે જટિલ ગણતરીઓ નથી હોતી. તેની વાણીમાં નિખાલસતા અને વ્યવહારમાં વિનમ્રતા હોય છે. બાળકને જોઈએ તો તેની અંદર સરળતા પરાકાષ્ઠાએ હોય છે. એ રડે છે તો પૂરા હૃદયથી અને હસે છે તો પણ પૂરા આત્માથી. એની અંદર કોઈ પૂર્વગ્રહ નથી હોતો, એટલા માટે જ બાળક સૌને સુંદર અને વાહલું લાગે છે. સરળ બનવું એ નબળાઈ નથી, પરંતુ એ તો મનની એવી મજબૂતી છે કે જ્યાં કોઈ અહંકાર ટકી શકતો નથી. પાણી જેમ સરળ થઈને વહે છે અને રસ્તામાં આવતા કઠણ પથ્થરોને પણ સમય જતાં લીસા અને સુંદર બનાવી દે છે, તેમ સરળ સ્વભાવ સામેવાળાના કઠોર હૃદયને પણ પીગળાવી દે છે.

સંવેદનશીલતા એટલે માત્ર બીજાના દુઃખે રડી પડવું એટલું જ નહીં, પણ સમગ્ર સૃષ્ટિ સાથે એકાત્મતા અનુભવવી. જ્યારે માણસ પોતાની સ્વાર્થી દુનિયામાંથી બહાર નીકળીને બીજાના દર્દ, પીડા અને આનંદને પોતાનામાં અનુભવે છે,

ત્યારે સંવેદનશીલતાનો જન્મ થાય છે. આધ્યાત્મિક દ્રષ્ટિએ સંવેદનશીલતા એ જ પરમાત્માનો વાસ છે. કોઈ અબોલ જીવની આંખનું રડવું જોઈને જેનું હૃદય દ્રવી ઊઠે, કોઈ ગરીબના આંસુ લૂછવા માટે જેનો હાથ આપોઆપ લંબાઈ જાય, અને કોઈની નાની સફળતામાં પણ જે સહજ આનંદ અનુભવી શકે - એ જ હૃદય ખરેખર જીવંત છે. સંવેદનશીલ મન ક્યારેય કોઈને પોતાના શબ્દો કે કર્મથી દુઃખ પહોંચાડી શકતું નથી; એની હાજરી જ આસપાસના વાતાવરણને પ્રેમ અને કરુણાથી ભરી દે છે.

વાસ્તવિક જીવનની સચ્ચાઈ એ છે કે ભૌતિક ચીજો, પદ અને સત્તા પાછળ દોડીને ઘણીવાર આપણે પોતાની જાતને જટિલ અને કઠોર બનાવી દઈએ છીએ. ચાલાક બનવું એ જ હોંશિયારી છે એવું માનવું આપણને અંદરથી એકલા અને વિખૂટા પાડી દે છે. આધ્યાત્મિકતા આપણને સભાન કરે છે કે આપણો આત્મા મૂળભૂત રીતે શાંત, નિર્મળ અને આનંદસ્વરૂપ છે. જ્યારે આપણે સહજતા, સરળતા અને સંવેદનશીલતાને જીવનમાં ઉતારીએ છીએ, ત્યારે આપણે આપણા આત્માની વધુ નજીક પહોંચીએ છીએ. આ ગુણો કેળવવા કોઈ બાહ્ય સાધનોની જરૂર પડતી નથી; એ તો માત્ર અહંકાર અને અતિશય વિચારોનો ત્યાગ કરવાથી સહજ પ્રાપ્ત થાય છે.

જે માણસ અંદરથી સહજ, સરળ અને સંવેદનશીલ છે, એની આંખોમાં એક અલગ જ ચમક હોય છે. એના ચહેરા પર એક અદ્ભુત -શાંતિ હોય છે જે કોઈ મોંઘી કોસ્મેટિક્સ કે બ્યુટી પાર્લરમાંથી નથી મળતી. એ સૌંદર્ય આત્માનું છે, અને જે સૌંદર્ય આત્માનું હોય તે ક્યારેય કરમાતું નથી, સમય સાથે વધુને વધુ નિખરે છે.

જો સાચે જ સુંદર બનવું હોય, તો ચહેરા પર કે વસ્ત્રો પર મહેનત કરવા કરતાં મન અને હૃદયની ભૂમિ પર કામ કરવાની જરૂર છે.

બધી વાતોનો ભાર મગજ પર રાખીને ફરવાને બદલે, જે પરિસ્થિતિ બદલી શકતા નથી તેને સહજતાથી સ્વીકારી લેવી જોઈએ. મનને હળવું રાખીને જેવું મનમાં હોય તેવું જ વાણીમાં રાખવાથી નિર્દોષતા પ્રગટે છે. છળ-કપટથી મેળવેલી જીત કરતાં સરળતાથી સ્વીકારેલી હાર વધુ સુંદર હોય છે. દયા, પ્રેમ અને સંવેદના એ કોઈ પર ઉપકાર નથી, પણ આપણા પોતાના હૃદયને પવિત્ર રાખવાનો માર્ગ છે.

જ્યારે હૃદયમાં પ્રેમ અને સંવેદના હશે, વાણીમાં સરળતા હશે અને સ્વભાવમાં સહજતા હશે - ત્યારે આપણે કોઈને કહેવું નહીં પડે કે સુંદરતા શું છે, આપણી હાજરી જ આખી દુનિયા માટે એક સુંદર ભેટ બની રહેશે!

સાચો વારસો તો સંસ્કાર છે

ચંદ્રકાંત પ્રભાકર
મગોદ ડુંગરી

આપણામાં ઉત્તમ ગુણો અને સારા લક્ષણો હોય તેને સંસ્કાર કહેવામાં આવે છે. માતા પિતાની -થમ ફરજ બાળકના સંસ્કાર ઘડતરની હોય છે. બાળકોને સારુ શિક્ષણ મળે, વાણી અને વર્તનમાં નમ્રતા મળે, ખરાબ વાતોથી દૂર રહે નકામા ફાજલ લોકોની સોબતે ચઢી ન જાય એ જોવાનું કામ માતા - પિતાનું છે. બાળપણમાં માણસના મન મગજમાં જે છાપ પડે તે ક્યારેક ભુલાતી નથી. બાલ્યવસ્થામાં પડેલા શુભ - અશુભ સંસ્કારો બહુ ઊંડા મૂળ ઘાલે છે. બાળપણ એ તો માણસના જીવનનો પાયો છે. કુમળા મન ઉપર ક્યાંક ખોટા અક્ષર લખાય ન જાય એની સઘળી જવાબદારી માં - બાપની હોય છે. સંસ્કાર એ કાંઈ નર્સરીમાં ઉગાડાતો છોડ નથી એ તો માઁ - બાપના આચારવિચારમાંથી મળતા હોય છે. આચાર વિચાર અને સંસ્કાર તે મન અને બુદ્ધિ સાથે જોડાયેલા છે જેથી મન બગડે એટલે તમારા આચાર - વિચાર અને સંસ્કાર પણ બગડે અને વિકારો જેવા કે કામ, ક્રોધ, મોહ - માયા અને અહંકારના પ્રભાવ પણ વધી જાય છે અને માણસ પોતાના વહેવાર બગાડે છે જો માણસ પોતાના વ્યવહાર બીજાઓ સાથે સરળ, મધુર, નમ્ર, સહાનુભૂતિપૂર્વક સહનશીલ અને સંસ્કારો ભર્યા હોય તો બાળક પણ માતા પિતાના આચારવિચાર જેવા હોય તેના પરથી ઘડાયું હોય છે.

વારસો એટલે શું ...? માત્ર મિલકત સંપતિ છે...? ના માત્ર મિલકત સોનુ, બેંક બેલેન્સ કે પેઢીથી પેઢી ચાલતી કિંમતી વસ્તુ સોનુ વારસામાં મળે તો કબાટમાં સાચવી શકાય, મિલ્કત મળે તો કાગળમાં સાચવી શકાય, પૈસા મળે તો બેકમાં

રાખી શકાય પણ સંસ્કાર મળે તો તો એને ક્યાં રાખશો ...? એને તિજોરીમાં નહી આખી જીંદગી પોતાના વર્તનમાં જીવવા પડે કારણ કે સાચો વારસો તાળામાં બંધ થતો નથી એ તો માણસની વાણી વર્તન અને સંબંધોમાં રોજ દેખાય છે. વારસામાં ઘર મળ્યું પણ પ્રેમ ન મળ્યો,કરોડો મળ્યા પણ વડીલોનું માન ન શીખ્યા તો સંપતિ કેટલી મોટી ...? માતા પિતાનો સૌથી મોટો વારસો મિલકત નથી એની ઈમાનદારી, માણસાઈ, વાણી સંસ્કાર અને લોકો માટેનો પ્રેમ. એટલે બાળકો માટે મિલકત બનાવતા પહેલા સારા માણસ બનાવજો, બેંક બેલેન્સ પહેલા સંબંધોનું બેલેન્સ શીખવજે. ઘર આપતાં પહેલા ઘર કેવી રીતે સાચવવું પડે એ શીખવજો કારણ કે વંશથી ઘર બને પણ સંસ્કારથી તેમાં ઘડપણું આવે છે આપણે કહીએ છીએ દીકરાને બધુ જ આપી જઈશ પણ ક્યારેય વિચારીએ છીએ મારી માણસાઈ પણ આપી જઈશું. દીકરાને સંપતિ આપો પણ ભાઈનું દિલ ન વેચાય એ શીખવો. દીકરીને દાગીના આપો પણ આત્મસન્માનનો વારસો પણ આપો. મિલકત વહેંચાઈ શકે, સોનુ વેચાઈ શકે, પૈસા ખૂટી શકે પણ સંસ્કાર પેઢીથી પેઢી આખુ જીવન બદલી શકે છે. તમારા ગયા પછી લોકો તમારી સંપતિ વિશે વાત ન કરે જયારે તેવો તમારા બાળકમાં સિંચેલા સંસ્કાર વિશે વાત કરશે ત્યારે સમજશે કે તમે સાચો વારસો છોડીને ગયા.

સાંભળો તો ખરાં આજે પણ શ્રીકૃષ્ણ કંઈક સંદેશ આપી રહ્યા છે

નીતા પી.જાદવ
રાજકોટ

કુરુક્ષેત્રમાં અર્જુનની મૂંઝવણ સમગ્ર યુગની મૂંઝવણ હતી. આજે પણ આપણે કર્તવ્ય અને સ્વાર્થ વચ્ચે ઊભા છીએ. ફરક એટલો છે કે આજે હાથમાં ગાંડીવ નહીં, મોબાઈલ છે; યુદ્ધનું મેદાન નહીં, પરંતુ સમગ્ર સમાજ છે.

કુરુક્ષેત્ર બહાર નથી—આપણા ઘરમાં, રસ્તે અને અંતરાત્મામાં છે. આજના ભારતના કુરુક્ષેત્રમાં આપણે સૌ અર્જુન છીએ.

આપણે સરકાર, નેતાઓ અને વ્યવસ્થાને દોષ આપીએ છીએ, પરંતુ પોતાને પૂછતા નથી—આ દેશમાં મારી ભૂમિકા શું છે?

કૃષ્ણનો સંદેશ આજે પણ એટલો જ પ્રાસંગિક છે પરિવર્તનની શરૂઆત પોતાનાથી કરો.

આપણે સ્વચ્છ ભારત જોઈએ છીએ, પરંતુ કચરો ફેંકીએ છીએ. ભ્રષ્ટાચારમુક્ત ભારત જોઈએ છીએ, પરંતુ લાંચ સ્વીકારીએ છીએ. ટ્રાફિક શિસ્ત જોઈએ છીએ, પરંતુ નિયમોનું ઉલ્લંઘન કરીએ છીએ. સ્ત્રી સુરક્ષા જોઈએ છીએ, પરંતુ ઘરમાં ભેદભાવ રાખીએ છીએ. એકતા જોઈએ છીએ, પરંતુ સોશિયલ મીડિયા પર મતભેદોને દુશ્મનીમાં ફેરવી દઈએ છીએ.

પ્રશ્ન માત્ર સરકારનો નથી, આપણો પણ છે.

દેશમાં પરિવર્તન લાવવા માટે નેતા બનવાની જરૂર નથી. જવાબદાર અને સારો નાગરિક બનવું પૂરતું છે.

લાંચ

સેલવાસમાં હિન્દી પખવાડિયા અંતર્ગત હિન્દી વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

સેલવાસ, તા.૦૯ : કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસનના રાજભાષા વિભાગ દ્વારા હિન્દી પખવાડિયા અંતર્ગત સેલવાસ જિલ્લા સચિવાલયના સભાખંડમાં હિન્દી વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં પ્રશાસનના વિવિધ વિભાગો ઉપરાંત શાળાઓ અને મહાવિદ્યાલયોના પ્રતિભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત રાજભાષા વિભાગનાં ડૉ. અનિતા કુમારે ઉપસ્થિત મહેમાનો અને પ્રતિભાગીઓનું સ્વાગત કરી હિન્દી પખવાડિયાની ઉજવણીના હેતુ અંગે પોતાના વિચારો રજૂ કરીને કરી હતી. ત્યારબાદ સ્પર્ધાના નિર્ણાયક મંડળમાં સામેલ શિવ પ્રકાશ મેમોરિયલ સ્કૂલનાં આચાર્યા ડૉ. પ્રમિલા ઉપાધ્યાય, એલઆઈસીનાં પૂર્વ રાજભાષા અધિકારી પિંકી ખિમનાની તથા જાણીતા કવિ અને લેખક શ્રી રાકેશ રાયનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

કવિ અને લેખક રાકેશ રાયે હિન્દી ભાષા પ્રત્યે પોતાના વિચારો વ્યક્ત કરી કાવ્યપઠન કરીને ઉપસ્થિતોને મંત્રમુગ્ધ કર્યા હતા. સહાયક નિયામક (રાજભાષા) ડૉ. અનિલ કૌશિકે હિન્દી ભાષાના વધુમાં વધુ ઉપયોગ માટે સૌને પ્રોત્સાહિત કરી પ્રતિભાગીઓને શુભેચ્છા પાઠવી હતી.

લાયન્સ કલબ ઓફ વાપી દ્વારા

કોપરલી પ્રા. શાળામાં બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૯ : લાયન્સ ક્લબ ઓફ વાપી દ્વારા તા.૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૧૧ વાગ્યે કોપરલી મુકામે ઝરકા ફળિયા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા જરૂરિયાતમંદ બાળકોને શૈક્ષણિક સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બાળકોને વોટર બેગ, નોટબુક, પેન્સિલ, રબર સહિતની શૈક્ષણિક સામગ્રી તેમજ ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ શૈક્ષણિક સહાયનું સ્પોન્સરશિપ લા. પ્રતીક શાહ તથા લા. પી. એ. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

શાળાના પ્રિન્સિપાલે જરૂરિયાતમંદ બાળકોને પ્રોત્સાહન આપવા બદલ લાયન્સ ક્લબ ઓફ વાપીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમમાં લા. પી. એ. પટેલ (ડિસ્ટ્રિક્ટ કેબિનેટ એસોસિયેટ ટ્રેઝરર), લા. પ્રતીક શાહ (વાઇસ પ્રેસિડેન્ટ) તથા લા. કનુભાઈ પટેલ (સિનિયર મેમ્બર) ઉપસ્થિત રહ્યા હતાં.

વાપીની મુસ્કાન ટીમ દ્વારા બાળકો માટે 2D ઈકો ચેકઅપ કેમ્પ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૯ : વાપી પંથકમાં હૃદય સંબંધિત સમસ્યાઓ ધરાવતા બાળકોના નિદાન અને યોગ્ય સારવાર માટેવાપી ની મુસ્કાન એનજીઓ ટીમ દ્વારા વાપીની જનસેવા હોસ્પિટલ ખાતે 2D ઈકો ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં કુલ ૨૫ બાળકોની હૃદયની તપાસ કરવામાં આવી હતી.

કાર્ડિયોલોજિસ્ટ ડૉ. કે.વી. સાંગવીકર અને ડૉ. મીની દ્વારા તમામ બાળકોની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ૩થી ૪ બાળકોમાં હૃદયની ગંભીર સમસ્યા હોવાનું સામે આવ્યું હતું અને તેમને સર્જરીની જરૂરિયાત હોવાનું નિદાન થયું હતું.

મુસ્કાન ટીમ દ્વારા આ બાળકોને શક્ય તેટલી વહેલી તકે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અને સર્જરી માટે મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. કેમ્પનું આયોજન વલસાડ સિવિલ હેલ્થ વિભાગના તાલુકા નોડલ ઓફિસર નૂતનબેન સાથે સંકલન કરીને કરવામાં આવ્યું હતું. મુસ્કાન ટીમના આ પ્રયાસથી હૃદયની ગંભીર સમસ્યાઓ ધરાવતા બાળકોને સમયસર સારવાર મળી રહે અને તેમના ચહેરા પરનું નાનું સ્મિત યથાવત્ રહે તે માટે મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે.

વાપીમાં પીએમ સ્વનિધિ ૨.૦ યોજના હેઠળ ફોર્મ ભરવાના શરૂ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા.૦૯ : વાપી મહાનગરપાલિકા દ્વારા પીએમ સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ - પીએમ સ્વનિધિ ૨.૦ યોજના હેઠળ ફોર્મ ભરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

ગુજરાત શહેરી આજીવિકા મિશન અને શહેરી વિકાસ વિભાગની આ યોજનામાં પથારાવાળા, લારી-ગલ્લાવાળા અને નાના ફેરિયાઓ, ટિફિન સર્વિસ કરનારા, ઘરેથી ટેલરિંગ કરનારા, બ્યુટી પાર્લર ચલાવનારા કે ગૃહ ઉદ્યોગ ચલાવનારને પ્રથમ તબક્કે રૂા.૧૫૦૦૦ સુધીનું, બીજા તબક્કે રૂા.૨૫૦૦૦ અને ત્રીજા તબક્કે રૂા.૫૦,૦૦૦ સુધીનું સિક્યોરિટી ફ્રી લોન આપવામાં આવશે. લાભાર્થીઓને વાર્ષિક ૭ ટકા વ્યાજ સહાય સીધી બેંક ખાતામાં મળશે. ડિજિટલ ટ્રાન્ઝેક્શન પર મહિને રૂા.૧૦૦ અને વાર્ષિક રૂા.૧૬૦૦ સુધીનું કેશબેક પણ અપાશે. દ્વિતીય લોન ભરપાઈ કરનારને રૂા.૩૦,૦૦૦ સુધી ક્રેડિટ ગેરંટી સાથે રૂપે ક્રેડિટ કાર્ડની સહાય મળશે. આ યોજનાનો લાભ લેવા ઈચ્છુક લોકોએ રાષ્ટ્રીયકૃત બેંકમાં ખાતું હોવું જરૂરી છે જે પાસબુકની ઝેરોક્ષ,આધારકાર્ડની કોપી, વેરા રસીદ જો ભાડુઆત હોય તો ભાડા કરાર, લાઈટ બિલ ઝેરોક્ષ આપવાના રહેશે. આ યોજનાનો લાભ લેવા વાપી મહાનગરપાલિકા, ચલા ઝોન ઓફિસ, પ્રથમ માળે UCD વિભાગનો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે. મો. ૯૭૨૭૭૭૪૫૮૯ અને https://pmsvanidhi.mohua.gov.in પર ઓનલાઈન અરજી કરી શકાશે.

ભીલાડની આરાધના ઈંગ્લિશ સ્કૂલમાં જન્માષ્ટમીની ઉજવણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૦૯ : ભીલાડ સ્થિત આરાધના ઈંગ્લિશ સ્કૂલ ખાતે જન્માષ્ટમી પર્વની બાળકો દ્વારા ભારે ઉત્સાહ અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નાના-નાના ભૂલકાઓ કનૈયાના સુંદર વેશમાં સજ્જ થઈને કાર્યક્રમમાં જોડાયા હતાં.

બાળકોએ 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી'ના જયઘોષ સાથે ભગવાન શ્રીકૃષ્ણને પારણામાં ઝુલાવી પૂજા-અર્ચના કરી હતી. જન્માષ્ટમી નિમિત્તે યોજાયેલા મટકી ફોડ કાર્યક્રમમાં પણ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને આનંદમય વાતાવરણ સર્જાયું હતું.

આ પ્રસંગે આરાધના સ્કૂલના ચેરપર્સન કૃષ્ણાસિંગ પરમારે તમામ બાળકો તથા શિક્ષકોને જન્માષ્ટમી પર્વની શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમમાં આમંત્રિત સામાજિક કાર્યકર તથા વિશ્વ હિન્દુ પરિષદ વિભાગના વિશેષ પ્રમુખ પિયુષભાઈ શાહ તેમજ ભીલાડ પંચાયત સમિતિના સભ્ય શ્રીમતી ચંદનબેન શાહનું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન 'વંદે માતરમ', 'જય શ્રી રામ' અને 'જય કનૈયાલાલ કી'ના જયઘોષથી સમગ્ર શાળા પરિસર ગુંજી ઉઠ્યું હતું. જન્માષ્ટમી પર્વની ઉજવણીમાં વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને સમગ્ર કાર્યક્રમ આનંદમય વાતાવરણમાં સંપન્ન થયો હતો.

વાપીની એલ.જી. હરિયા મલ્ટી પર્પઝ સ્કુલના ખેલાડીઓ નેટબોલ સ્પર્ધામાં ઝળકયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૯ : વાપીની શ્રી.એલ.જી હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલ ને અત્યંત ગર્વ સાથે જણાવતા આનંદ થાય છે કે, અમારા વિદ્યાર્થીઓ તાજેતરમાં યોજાયેલી ઉજી સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ SGFI જિલ્લા કક્ષાની નેટબોલ સ્પર્ધામાં અમારી શાળાના વિદ્યાર્થીઓએ મેળવેલી ભવ્ય સિદ્ધિઓ જણાવતાં અત્યંત ગર્વ થાય છે. અમારી ટીમોએ અસાધારણ કૌશલ્ય, ઉત્તમ ટીમવર્ક અને સાચી ખેલદિલીનું સુંદર પ્રદર્શન કર્યું. અમારી સિદ્ધિઓ- અંડર-૧૯ ગર્લ્સ ટીમ ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો અને રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી મેળવી. ધોરણ ૧૨ની કુમારી બીટુ શર્મા, મોનિકા શર્મા, સોનમ શર્મા, ગરીમા સિંગ, સગુન, ધિવાર, આધ્યાસીંગ, રિદ્ધિ તિવારી, સ્વીટીકુમારી ઝા, નંદની સિંગ, હિર પટેલ, નિશા જૈન, શિવાંગી ચૌહાણ અંડર-૧૭ બોયઝ ટીમ ચેમ્પિયન્સ બનીને શાનદાર વિજય મેળવ્યો અને રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી મેળવી. ધોરણ ૧૧ના માસ્ટર હર્ષ સિંગ, ઉત્કર્ષ દુબે, અનમોલ યાદવ, ગૌરવ મુદગલ,અર્પિત યાદવ, પવન કુમાર,ઓમ પ્રજ્ઞાન સાહુ, હર્ષ સિંગ,ભવ્ય પરીખ, શિવા યાદવ, ધોરણ ૧૦ના માસ્ટર માનસ નકાતે,સત્યમ યાદવ. અંડર-૧૭ ગર્લ્સ ટીમ - રનર્સ-અપ ઉત્કૃષ્ટ પ્રદર્શન સાથે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું ધોરણ ૧૧ની કુમારી આર્યા સિંગ, ધોરણ ૯ની કુમારી સુનિતા શેખાવત, ટિયા પટેલ, ભાવિકા સ્વામી, દિવ્યા સિંગ, જીયાના કોર, દીક્ષા યાદવ, અનાયાસિંગ, રુબી રાવત, અર્પિતા સિંગ, આરાધ્યા તિવારી, વૈભવી પાટીલ, ખેલાડીઓની મહેનત અને સમર્પણે અમને સૌને ગર્વ અનુભવ કરાવ્યો. તેથી અમારા તમામ વિજેતા વિદ્યાર્થીઓને કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન એ. કે. શાહ અને મેનેજિંગ ટ્રસ્ટ બિમલ હરિયા અને શાળાના આચાર્ય શ્રીમતી બીન્ની પોલ તથા સ્ટાફ વતી અભિનંદન અને આશીર્વાદ પાઠવવામાં આવે છે.

ઉમરગામના મરોલી-દાંડીના માછીમારની દરિયામાં પડી જતાં ગુમ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા.૦૯ : ઉમરગામ તાલુકાના મરોલી ગામના - દાંડી વિસ્તારનો માછીમાર દરિયામાં માછીમારી દરમિયાન પાણીમાં પડી જતાં ગુમ થયાની ઘટના સામે આવી છે. જેને લઈ ગામમાં ચિંતાનો માહોલ છે. આ અંગે મળતી માહિતી મુજબ મરોલી-દાંડી ગામના રહેવાસી જયંતિ નારણ બારી (ઉ.વ. ૬૦) આજે સવારે ૮:૦૦ વાગ્યાના અરસામાં અન્ય પાંચ સાથી માછીમારો સાથે બોટમાં માછીમારી કરવા માટે ગયા હતા. તેઓ કિનારાથી આશરે બે નોટિકલ માઈલ અંદર દરિયામાં જાળ ફેલાવી રહ્યા હતાં તે દરમિયાન અચાન સંતુલન ગુમાવતા જયંતિભાઈ દરિયાના પાણીમાં પડી ગયા હતાં. સાથી માછીમારોએ તાત્કાલિક તેમને બચાવવા માટે શોધખોળ હાથ ધરી હતી. પરંતુ પાણીના તેજ વહેણને કારણે તેઓ દેખાતા બંધ થઈ ગયા હતા. જયંતિભાઈ ન મળી આવતા સાથી માછીમારોએ મોબાઈલ દ્વારા તેમના પરિવારજનો, સરકારી તંત્ર અને મરીન પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતા જ મરીન પોલીસ અને સ્થાનિક તંત્ર દ્વારા શોધખોળની કામગીરી શરૂ કરવામાં આવી છે. મોડી સાંજ સુધી જયંતિભાઈ બારીની કોઈ ભાળ ન મળતા તેમના પરિવારજનો અને ગ્રામજનોમાં ભારે ચિંતા અને ગમગીની જોવા મળી રહી છે.

વલસાડમાં સર્પદંશના દર્દીને સિવિલ ખસેડાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૯ : વલસાડ તાલુકાના અતુલ રેલવે સ્ટેશન નજીક મજૂરી કામ કરતા એક યુવકને ઝેરી સાપે ડંખ મારતા ગંભીર હાલતમાં ૧૦૮ની ટીમે સમયસર પ્રાથમિક સારવાર તાત્કાલિક વલસાડની હોસ્પિટલ માં ખાસેડવામા આવ્યો છે. અતુલ રેલવે સ્ટેશન નજીક મજૂરી કરતા પીપુભાઈ ડામર ઉં. વ. ૨૭ રાત્રિના સમયે ડાબા પગે ઝેરી સાપે ડંખ માર્યો હતો. બનાવ અંગે રાત્રે ૯:૪૨ કલાકે 'EMRI ગ્રીન હેલ્થ સર્વિસીસ ૧૦૮ને ઈમરજન્સી કોલ મળ્યો હતો. કોલ મળતાની સાથે જ અતુલ લોકેશનની ૧૦૮ એમ્બ્યુલન્સના ઇએમટી માનસી પટેલ અને પાયલોટ પ્રિયાંક પટેલ ક્ષણનો પણ વિલંબ કર્યા વિના ઘટનાસ્થળે પહોંચી ગયા હતાં.

દર્દીની નાજુક સ્થિતિ જોઈ EMT માનસી પટેલે ૧૦૮ હેડ ઓફિસના તબીબ ડો. સહદેવ સરનો ટેલિફોનિક સંપર્ક કરી તેમના માર્ગદર્શન હેઠળ એમ્બ્યુલન્સમાં જ તાત્કાલિક ઓક્સિજન સપોર્ટ અને જરૂરી જીવનરક્ષક ઇન્જેક્શન આપી સ્થિતિ સ્થિર કરી હતી. ત્યારબાદ પાયલોટ પ્રિયાંક પટેલે સમયસૂચકતા સાથે દર્દીને વધુ સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલ પહોંચાડ્યો હતો. જ્યાં દર્દીને દાખલ કરી આગળની સારવાર શરૂ કરવામાં આવી છે. ગોલ્ડન અવરમાં ૧૦૮ ટીમે દર્શાવેલી ત્વરિત કામગીરી અને યોગ્ય સારવારના કારણે યુવકનો જીવ બચી જતાં પરિવારજનો અને સ્થાનિકોએ ટીમનો આભાર માન્યો હતો.

બારસોલગામમાં ફિશિંગ જાળમાં ફસાયેલ અજગરનું સફળ રેસ્ક્યુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા. ૦૯ : બારસોલગામ ખાતે ભવાની માતાજીના મંદિર નજીક ફિશિંગ જાળમાં અજગર ફસાયેલો જોવા મળતા ભાવેશભાઈ ખુંભાઈ આહીરે તાત્કાલિક વાઈલ્ડલાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટ નવસારી-ધરમપુરના રેસ્ક્યુઅર મુકેશભાઈ વાયાડનો સંપર્ક કર્યો હતો.

મુકેશભાઈ વાયાડે સ્થળ પર પહોંચી વનવિભાગને જાણ કરી હતી. ભારે જહેમત બાદ કાતરની મદદથી જાળ કાપીને અજગરને સલામત રીતે મુક્ત કરવામાં આવ્યો હતો. બાદમાં ઉપસ્થિત લોકોને અજગર સહિત ઝેરી અને બિનઝેરી સાપ અંગે માહિતી આપી હતી. વન્યજીવ કે સર્પ રહેણાંક વિસ્તારમાં દેખાય તો તેને નુકસાન ન પહોંચાડતા વનવિભાગનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે. સર્પ બચાવ માટે WRTNના રેસ્ક્યુઅર મુકેશભાઈ વાયાડનો સંપર્ક ૭૯૯૦૯૭૭૩૩૬ / ૮૪૬૯૩૬૧૫૩૩. કરવો.

ઉમરગામ તાલુકા નિવૃત્ત કર્મચારી સેવા મંડળનું ૧૧મું વાર્ષિક અધિવેશન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૦૯ : ઉમરગામ તાલુકા નિવૃત્ત કર્મચારી સેવા મંડળનું ૧૧મુ વાર્ષિક અધિવેશન મંડળના પ્રમુખ પરશોતમભાઈ કોળીના અધ્યક્ષસ્થાને નિવૃત્ત કર્મચારી મંડળના કાર્યાલયમાં યોજાયું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે ટીચર સોસાયટીના પ્રમુખ સંદીપભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. મંચસ્થ મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કર્યું હતું. મંડળના નામી અનામી અકાળે અવસાન પામેલાં સદસ્યો તેમજ શહીદોની યાદમાં બે મિનિટ મૌનપ્રાર્થના કરવામાં આવી હતી. પ્રભુ પ્રાર્થના બાદ મંચસ્થ મહાનુભાવો તેમજ ઉપસ્થિત તમામ સદસ્યોને વિરેન્દ્રભાઈ ભટ્ટ તેમજ પરશોત્તમભાઈએ મીઠો આવકાર આપી સન્માનિત કર્યા હતાં. ગત સભાની મિનિટસબુકનું વાંચન છોટુભાઈ પટેલે કર્યું હતું. ખજાનચી ચંદ્રકાંત નાયકે સને-૨૦૨૫ -૨૬ નવા વર્ષનો નાણાંકિય હિસાબ રજૂ કર્યો હતો. સૌએ તેમને બહાલી આપી હતી. ગત વર્ષનાં થયેલાં મંડળનાં કાર્યોની વિસ્તૃત માહિતી પ્રમુખ પરશોત્તમભાઈએ આપી હતી. હોદેદારોની નવી નિમણૂંક માટેની સંપૂર્ણ સત્તા ઉપસ્થિત સભાસદોએ પરસોત્તમભાઈ ને સોંપી હતી. મુખ્ય મહેમાન ઉમરગામ તાલુકા ટીચર્સ સોસાયટીના પ્રમુખ સંદીપભાઈ પટેલે પોતાનાં પ્રવચનમાં આ મંડળ દ્વારા થતી કામગીરીની મુક્ત કંઠે પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, ૭૫ વર્ષની આસપાસનાં મંડળના આ પદાધિકારીઓ પેન્શનરો માટે આટલી સખત મહેનત કરી રહ્યા છે તે ખરેખર પ્રશંસાને પાત્ર છે. તેમની સેવાપ્રવૃત્તિને હું હૃદયથી બિરદાવું છું. અભિનંદન પાઠવું છું.મંચસ્થ મહાનુભાવો તેમજ આટલી મોટી સંખ્યામાં ઉપસ્થિત સભાસદ ભાઈ બહેનોનો અશરફભાઈ ચુડાસમાએ હૃદયથી આભાર માન્યો હતો. ૯૬ વર્ષ વટાવી ચૂકેલા સદાશિવ નરોત્તમ કારભારી સાહેબ ઉમરગામથી અહીં દોડી આવ્યા અને અધિવેશનની શોભા વધારીને રૂા.૧૦૦૦ દાન પણ આપ્યું. તે બદલ તમામનાં વતી અશરફભાઈએ તેઓને અભિનંદન પાઠવતાંની સાથે આભાર વ્યક્ત કર્યો હતો.

નાનાપોંઢાના માંડવામાં વન મહોત્સવ યોજાયો

વલસાડ, તા.૦૯ : નાનાપોંઢા તાલુકાના માંડવા ગામની પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા તાલુકા કક્ષાના વન મહોત્સવમાં ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કર્યું હતું.

આ સાથે જ વન મહોત્સવ અંતર્ગત વૃક્ષારોપણને પ્રોત્સાહન આપવા માટે વૃક્ષ રથનું પ્રસ્થાન પણ કરાવ્યું હતું. વધુમાં વધુ વૃક્ષો વાવી તેનું જતન કરી હરિયાળું અને સ્વચ્છ ગુજરાત બનાવવાના સંકલ્પ સાથે પર્યાવરણ જાગૃતિનો સંદેશ ગ્રામ્ય વિસ્તારો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત સૌને વધુમાં વધુ વૃક્ષો વાવવા તેમજ વાવેલા વૃક્ષોની યોગ્ય જાળવણી કરવા ધારાસભ્ય દ્વારા અનુરોધ કરાયો હતો. આ પ્રસંગે નાનાપોંઢા તાલુકા પંચાયત પ્રમુખ મનીષાબેન વી. પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય તૃપ્તિબેન ધનારીયા, સરપંચ દશમાભાઈ ધનારીયા સહિત આગેવાનો, પદાધિકારીઓ, શિક્ષકો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

વટારની પીએમશ્રી પ્રા. શાળામાં શિક્ષક દિન ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૯ : વાપી મહાનગરપાલિકામાં સમાવિષ્ઠ થયેલા વટાર ગામની પ્રાથમિક ગુજરાતી શાળામાં તા. ૫ સપ્ટેમ્બરે ડૉ. રાધાકૃષ્ણન સર્વપલ્લીના જન્મદિવસને શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે પ્રમુખ હર્ષદભાઈ દેસાઈએ કાર્યક્રમની શરુઆતમાં સરસ્વતી માતા તથા ડો. રાધાકૃષ્ણનના ફોટો આગળ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરુઆત કરવમમાં આવી હતી. શરુઆતમાં શાળાના બાલિકાઓએ પ્રાર્થના કર્યા બાદ પ્રમુખએ સંબોધન કર્યું હતું. તથા શાળા પરિવારને શુભેચ્છા પાઠવી હતી. નીતાબેન પટેલે આદર્શ શિક્ષક કેવો હોવો જોઈએ તેના ઉપર પ્રકાશ પાડ્યો હતો. શાળા પરિવારે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કપરાડામાં પૌષ્ટિક વાનગી સ્પર્ધા યોજાઈ

વલસાડ, તા. ૦૯ : વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના આઈસીસીએસ ઘટક-૧,૨,૩ માં પોષણ ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત ઘટક કક્ષાની પૌષ્ટિક વાનગી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૧૭ સેજાઓ દ્વારા પૌષ્ટિક વાનગી સ્પર્ધામાં રજૂ કરવામાં આવી હતી.

આ સ્પર્ધાનો મુખ્ય હેતુ પૌષ્ટિક આહાર, મિલેટ્સ તથા આંગણવાડીમાંથી મળતા ટી.એચ. આર.ના પોષણ મૂલ્ય અંગે જન જાગૃતિ કેળવવાનો હતો.આ હરીફાઈમાં ૧૭ સેજાના કાર્યકર બહેનોએ ખુબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રતિ સેજા ૯ વાનગીઓ રજૂ કરવામાં આવી હતી. આમ, અંદાજીત ૧૫૦ વાનગીઓ નિદર્શનમાં મુકાઈ હતી. જેમાં મિલેટ્સ તથા ટી.એચ.આર ની વાનગી અને પ્રાદેશિક થાળી રજુ કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં આયુષ મેડિકલ ઓફિસર, RBSK મેડીકલ ઓફીસરઓ, કૃષિ વિજ્ઞાન કેંદ્રના પ્રોગ્રામ આસીસ્ટંટએ નિર્ણાયક તરીકે ફરજ બજાવી હતી. જેઓ દ્વારા તમામ વાનગીઓનું નિષ્પક્ષ રીતે નિરીક્ષણ અને મૂલ્યાંકન કરવામાં આવ્યું અને વિવિધ માપદંડ જેવા કે, પોષણ મૂલ્ય, સામગ્રીની ઉપલબ્ધિ વગેરેને ધ્યાને રાખી વિજેતા જાહેર કરવામાં આવ્યા હતાં.

કાર્યક્રમમાં અતિથિ તરીકે કપરાડા તાલુકા પંચાયત પ્રમુખ, તાલુકા સંગઠન પ્રમુખ, કપરાડા તાલુકા સદસ્ય વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તાલુકા પંચાયત પ્રમુખ દ્વારા તમામ સ્પર્ધકોને અભિનંદન પાઠવી તેમના પ્રયત્નોને બિરદાવી અને જિલ્લા કક્ષાની વાનગી સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. કૃષિ વિજ્ઞાન કેંદ્રના પ્રોગ્રામ આસીસ્ટંટ દ્વારા ભોજનમાં સરગવાના પાનનું મહત્વ, ભોજનમાં વિવિધતાનું મહત્વ વગેરેની સમજ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આઈસીડીએસ કપરાડા ઘટક-૧ના સીડીપીઓ ઉન્નતિબેન એન. ચૌધરી અને કપરાડા ઘટક-૨ના સીડીપીઓ હસુમતી દિવા દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામ ઓફીસરના માર્ગદર્શન અને આઈસીડીએસ કચેરી કપરાડાના તમામ સ્ટાફના સહિયારા પ્રયાસથી સમગ્ર કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયો હતો.

અન્ય સમાચારો

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES

Wednesday 09, September 2026

યુદ્ધવિરામ અને હુમલાના આટાપાટા

અમેરિકાએ ઈરાનમાં મોરચો માંડ્યા બાદ રશિયા-યુક્રેન યુદ્ધ પરથી તેનું ધ્યાન દૂર હટી ગયું હતું. જો કે, હવે ફરી અમેરિકાએ મધ્યસ્થીની ભૂમિકા લીધી હોવાથી અને યુક્રેન તથા રશિયાએ પણ ૭૨ કલાકના યુદ્ધવિરામનો સ્વીકાર કરતાં આશા જાગી છે. અમેરિકાના પ્રતિનિધિ સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનરે મોસ્કોમાં પુતિન સાથે વાટાઘાટો માટે આવવાનું ઔચિત્ય સાધી યુક્રેને ૭૨ કલાક માટે હુમલા અટકાવવાની જાહેરાત કરી હતી. જો કે, આ યુદ્ધ અંગે કોઈ સમજૂતી સધાશે કે કેમ અને એ લાંબું ટકશે ખરી કે નહીં એ વિશે અસમંજસ છે. રશિયા આ યુદ્ધમાં વિજયના પથ પર અગ્રસર છે એવું કહી શકાય એમ નથી. ૨૦૧૪ પહેલાંના યુક્રેનની આણ હેઠળનો વીસ ટકાથી વધુ વિસ્તાર રશિયાના કબજામાં છે. જો કે, હાલમાં આ ગતિ ધીમી પડી છે. સામી બાજુએ યુક્રેને પણ રશિયાનાં ઊર્જા ક્ષેત્ર, પુરવઠા નેટવર્ક તથા સેનાનાં સ્થાનો પર લાંબી-મજલના હુમલા કરી રશિયાને એવી જગ્યાએ ઘોંચપરોણા કર્યા છે, જેની કળતર અને અસર વ્યાપક છે. અહેવાલો અનુસાર, રશિયાની ઓઈલ રિફાઈનિંગમાં ક્ષમતામાં યુક્રેનના આ લક્ષિત હુમલાઓને કારણે લગભગ વીસેક ટકા જેટલો ઘટાડો થયો છે. મોસ્કોએ પણ કીવની નબળી એર ડિફેન્સ સિસ્ટમને નિશાન બનાવી ડ્રોન્સ અને મિસાઈલ હુમલા વધાર્યા છે. જો કે, યુરોપના ટેકે કીવ રશિયાના હુમલાને ખાળીને સામી લડત આપી રહ્યું છે. રશિયાએ પણ કચકચાવીને આનું વેર વાળતાં યુરોપના કેટલાક હિસ્સાઓને નિશાને લેવાનો દાવ શરૂ કર્યો છે. જર્મન એરપોર્ટ નજીક ત્રણ વિસ્ફોટક ડ્રોનનું મળી આવવું, રોમાનિયાની એર સ્પેસમાં એક ડ્રોન તોડી પાડવામાં આવ્યું અને પોલેન્ડમાં એક રશિયન પ્રોજેક્ટાઈલનું પડવું યોગાનુયોગ ન ગણી શકાય. યુરોપિયન રાષ્ટ્રોનું માનવું છે કે, રશિયા વિદેશી એજન્ટોને ભાડે લઈ ભાંગફોડિયા પ્રવૃત્તિઓ હાથ ધરી રહ્યું છે તથા ડિજિટલ જાસૂસી અને સાયબર હુમલાઓને અંજામ આપી રહ્યું છે. આગામી સમયમાં પુતિન નાટો રાષ્ટ્રોની સીમામાં પણ ઘૂસણખોરી કરી શકે છે. વળી, કીવમાં સત્તાપલટો કરાવવાના રશિયાના મનસૂબાને પણ પારખી લઈ અમેરિકા સક્રિય થયું છે. બ્રિટિશ બનાવટનાં શસ્ત્રોનો ઉપયોગ રશિયા પર હુમલા કરવા માટે યુક્રેન કરશે તો યુકે મિલિટરીના યુક્રેન તથા બહારના એકમો અમારા ટાર્ગેટ બની શકે છે, એવી શબ્દો ચોર્યા વિનાની ચેતવણી આપી મોસ્કોએ પોતાનો રુખ સ્પષ્ટ કર્યો છે. ઘરઆંગણે પુતિન પર દબાણ વધી રહ્યું હોવાથી તેઓ યુદ્ધમાં કશુંક નોંધપાત્ર કરવા તત્પર છે, એવા ગુપ્ત અહેવાલોએ પણ ચિંતા વધારી છે. અમેરિકાએ એક તરફ રશિયા સામે આર્થિક મોરચો ખોલ્યો છે અને તેના વેપારી મિત્ર રાષ્ટ્રો પર ભીંસ વધારી છે. ખેલ છેવટે તો કૂડતેલનો જ છે. અત્યારનાં સમીકરણો બરાબરના ગૂંચવાયા છે છતાં યુદ્ધનો અંત આવશે એ માની લેવું વધુ પડતું ગણાશે, એ જોતાં અમેરિકા પોતે ઈરાન સાથે શાંતિ માટે ગંભીર જણાતું નથી.

દમણગંગા ટાઈમ્સ CORPORATE NEWS

શેડોફેક્સ ૩૬૦નું વિસ્તરણ ત્રણ વર્ષમાં ૧,૦૦૦ પાર્ટનરો બનાવવાનો લક્ષ્યાંક

સુરત, તા. ૦૯ : ભારતની થર્ડ-પાર્ટી લોજિસ્ટિક્સ કંપની શેડોફેક્સ ટેક્નોલોજીસ લિમિટેડએ આજે એનો ચેનલ પાર્ટનર પ્રોગ્રામ શરૂ કરવાની જાહેરાત કરી હતી, જે શેડોફેક્સ ૩૬૦નું વિસ્તરણ એના ડિજિટલ સેલ્ફ-સર્વ મોડલમાંથી સહાયક વિતરણ નેટવર્કમાં કરી રહ્યો છે. કંપનીએ આગામી ત્રણ વર્ષમાં ટિઅર ૧ અને ટિઅર ૨ શહેરોમાં ૧,૦૦૦ ચેનલ પાર્ટનરોને બોર્ડ પર લેવાની યોજના બનાવી છે તેમજ ટિઅર ૨ શહેર અને મુખ્ય ઉત્પાદન કેન્દ્રો પર વ્યૂહાત્મક રીતે ધ્યાન કેન્દ્રતી કરવામાં આવશે, જે SMEs (લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગસાહસો) અને ઓફલાઈન-ફર્સ્ટ વ્યવસાયોને તેમના કામકાજની જગ્યાઓની નજીક લોજિસ્ટિક્સ અને સહાયક ઓનબોર્ડિંગની સુવિધા મેળવવા સક્ષમ બનાવે છે.

ગુજરાતી -કચ્છ-વાગડ સમાજના અગ્રણી ડૉ. હેમરાજ શાહનું નિધન

(દમણગંગા ટાઈમ્સ)

વાપી, તા. ૦૯ : ગુજરાતી તથા કચ્છ-વાગડ સમાજના અગ્રણી ડૉ. હેમરાજ શાહનું ૮૫ વર્ષની વયે નિધન થયું હતું. તેમના પરિવારમાં બે પુત્રો અને તેમનો પરિવાર છે. મૂળ કચ્છ-વાગડના સામખિયાળીના ડૉ. હેમરાજ શાહનો જન્મ ૧૯૪૧ની બાવીસ માર્ચે થયો હતો. હાલ તેઓ પ્રભાદેવીમાં રહેતા હતા. તેમના નાના દીકરા અરવિંદ શાહે કહ્યું હતું કે તેઓ લાંબા સમયથી બીમાર હતા. તેમના મોટા આંતરડામાં તકલીફ હતી. માહિમની હિન્દુજા હૉસ્પિટલમાં તેમનું ઑપરેશન કરવામાં આવ્યું હતું અને ત્યાર બાદ ૬ મહિનાથી હૉસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. છેલ્લા ૧૬ દિવસથી તેમને ઘરમાં જ ઈન્ટેન્સિવ કૅર યુનિટ જેવી વ્યવસ્થા કરીને સારવાર આપવામાં આવી રહી હતી. તા. ૦૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બપોરે ૨.૨૭ વાગ્યે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. સદ્‌ગતના શિવાજી પાર્ક ઇલેક્ટ્રિક સ્મશાનભૂમિમાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. તેમનો પરિવાર છેલ્લાં ૫૦ વર્ષ કરતાં વધુ સમયથી સ્ટેશનરી અને નોટબુક મૅન્યુફૅક્ચરિંગનો ફૅમિલી બિઝનેસ સાથે સંકળાયેલો છે સ્વ. હેમરાજ શાહ છેલ્લે સુધી પત્રકાર તરીકે સક્રિય રહ્યા હતાં.

અનેક સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હેમરાજભાઈએ ૧૯૮૫માં બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજની સ્થાપના કરી હતી. તેઓ ૨૦૨૨ સુધી એના પ્રેસિડન્ટપદે રહ્યા હતા. એ પછી ૧૯૯૯માં તેમણે મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળની સ્થાપના કરી હતી અને ૧૯૯૬થી તેઓ વિશ્વ ગુજરાતી સમાજના વાઇસ-પ્રેસિડન્ટ રહ્યા હતા. તેમણે કચ્છ શક્તિ મૅગેઝિનની સ્થાપના કરી હતી અને ૪૫ વર્ષ સુધી એના ફાઉન્ડર પ્રેસિડન્ટ રહ્યા હતા. તેમણે શરુ કરેલો કચ્છ શક્તિ એવોર્ડ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત ગણાયો છે. એ રીતે તેઓ ગુજરાતી ભાષાના જતન અને સંવર્ધન માટે પણ સક્રિય રહ્યા હતાં. અને કવિ નર્મદના જન્મદિનને વિશ્વ ગુજરાતી દિવસ તરીકે ઉજવવાની શરુઆત તેમણે કરી હતી એ રીતે કચ્છના દુલેરાઈ કાલાણીના જન્મ દિવસને વિશ્વ કચ્છી ભાષા દિવસ તરીકે ઉજવવાની પહેલ પણ તેમની હતી. તેમણે ગીરનાર એવોર્ડ પણ શરુ કર્યો હતો. ૨૦૨૧માં કૅનેડાની બ્રૅમ્પટન ઇન્ટરનૅશનલ યુનિવર્સિટી તરફથી હ્યુમૅનિટી ઍન્ડ સોશ્યલ વર્ક માટે તેમને ડૉક્ટરેટની માનદ પદવી આપવામાં આવી હતી.

કેબિનેટનો મોટો નિર્ણય ૫ રાજ્યોમાં રેલવે નેટવર્ક વધશે

આ હેઠળ ૬૫૬ કિલોમીટર નવી રેલ લાઈનો જોડાશે અથવા અપગ્રેડ થશે, દિલ્હી-મુંબઈ સહિતના ૭ વ્યસ્ત કોરિડોરને ૪-લેન બનાવવાની મંજૂરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૯

કેબિનેટ બેઠકમાં રેલવેના આધુનિકીકરણ સાથે જોડાયેલા મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ પર ચર્ચા કરવામાં આવી હતી. સરકાર દેશના ૭સૌથી વ્યસ્ત રેલવે કોરિડોરને ચાર-લેન અને ચાર-ટ્રેકવાળા બનાવવાનું કામ કરી રહી છે. આ પ્રોજેક્ટ્સ પાછળ અંદાજે ૧૦,૭૮૩ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે અને આનાથી લગભગ ૬૫૬ કિલોમીટર નવી રેલ લાઈનો જોડાશે અથવા અપગ્રેડ થશે. દિલ્હીથી મુંબઈ, મુંબઈથી ચેન્નઈ, ચેન્નઈથી કોલકાતા અને કોલકાતાથી દિલ્હી થઈને ફરી મુંબઈ સુધીનો રૂટ ગોલ્ડન ક્વાડ્રિલેટરલ બનાવે છે. આ ઉપરાંત દિલ્હીથી ચેન્નઈ, મુંબઈથી કોલકાતા અને દિલ્હીથી ગુવાહાટીના રૂટનો પણ સમાવેશ થાય છે. આ તમામ ૭ વ્યસ્ત કોરિડોરને ચાર-લેન બનાવવાની મંજૂરી આપવામાં આવી છે.

દેશના કુલ ૧૧,૦૦૦ કિલોમીટરના હાઈ-ડેન્સિટી કોરિડોર પૈકી ૭ કોરિડોર એવા છે જ્યાં રેલવેનું લગભગ ૪૦ ટકા ટ્રાફિક ચાલે છે. આમાંથી આશરે ૨,૦૦૦ કિલોમીટરનું કામ પહેલેથી જ પૂરું થઈ ચૂક્યું છે અને ત્યાં ચાર લાઈનો બિછાવી દેવામાં આવી છે. આશરે ૫,૦૦૦ કિલોમીટર પર કામ ચાલી રહ્યું છે અથવા તેને મંજૂરી મળી ચૂકી છે, જ્યારે બાકીના ૪,૦૦૦ કિલોમીટર માટે અંતિમ મંજૂરીની પ્રક્રિયા ચાલી રહી છે.

આ પ્રોજેક્ટ્સથી પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢ એમ કુલ ૫ રાજ્યોના ૧૪ જિલ્લાઓમાં રેલવે નેટવર્કનો વ્યાપ વધશે. આનાથી આ વિસ્તારના આશરે ૪,૭૯૦ ગામોના લગભગ ૫૬ લાખ લોકોને સીધો ફાયદો થશે અને ઉત્તમ રેલ કનેક્ટિવિટી મળવાથી સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકો પણ ઊભી થશે.

સરકારે ખડગપુર-ઝારસુગુડા સેક્શનમાં બાગડેહી સુધી ચોથી લાઈન, કટની-પેંડ્રા રોડ ચોથી લાઈન અને બિલસપુર (ઉસલાપુર)-પેંડ્રા રોડ ત્રીજી લાઈનને મંજૂરી આપી છે. આ લાઈનોના મલ્ટી-ટ્રેકિંગથી વર્તમાન રેલ રૂટ પર ટ્રેનો માટે વધારાની ક્ષમતા તૈયાર થશે.

નવી રેલ લાઈનોના જોડવાથી હાલના રૂટ પર ટ્રેનોનું ભારણ અને ટ્રાફિક જામની સમસ્યા ઘટશે. માલગાડીઓ અને મુસાફર ટ્રેનોની અવરજવર વધુ વ્યવસ્થિત બનશે, જેનાથી ટ્રેનો સમયસર દોડી શકશે અને માલસામાનની હેરફેર પણ ઝડપી બનશે.

નવી રેલ લાઈનો અને મલ્ટી-ટ્રેકિંગ પ્રોજેક્ટ્સને કારણે ઓડિશાનું તારાતારિણી મંદિર અને ઝારસુગુડાનું જગન્નાથ મંદિર, મધ્ય પ્રદેશનું બાંધવગઢ ટાઈગર રિઝર્વ, વિરાટેશ્વર મહાદેવ મંદિર, અમરકંટક, જવાલેશ્વર ધામ, અચાનકમાર ટાઈગર રિઝર્વ, ખુટાઘાટ ડેમ તેમજ રતનપુર મહામાયા મંદિર જેવા પ્રખ્યાત પ્રવાસન અને ધાર્મિક સ્થળોની કનેક્ટિવિટી સુધરશે અને પ્રવાસનને વેગ મળશે.

બંગાળની ખાડીમાં નવી સિસ્ટમ : ૨૧ રાજ્યોમાં મુશળધાર વરસાદની ચેતવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૯

સમગ્ર દેશમાં ચોમાસું હાલ પોતાના પૂર્ણ અને આક્રમક મિજાજમાં જોવા મળી રહ્યું છે. મેઘરાજાના રૌદ્ર સ્વરૂપ વચ્ચે ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા એક અત્યંત ચિંતાજનક અને તાકીદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગની સત્તાવાર આગાહી અનુસાર, આગામી ૧૮ કલાકમાં દેશના ૨૧ રાજ્યોમાં મુશળધારથી અતિભારે વરસાદ ખાબકવાની પૂરેપૂરી સંભાવના છે. આ સમયગાળા દરમિયાન ૭૦ થી ૭૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે વિનાશક તોફાની પવન ફૂંકાઈ શકે છે, જે મોટા વૃક્ષો અને વીજળીના થાંભલાઓને પણ જમીનદોસ્ત કરવાની ક્ષમતા ધરાવે છે. આ સ્થિતિ ૯ સપ્ટેમ્બરથી લઈને ૧૨ સપ્ટેમ્બર સુધી યથાવત રહેવાની વકી છે.

હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ, દક્ષિણ-પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને તેની આસપાસના વિસ્તારોમાં એક મજબૂત લો-પ્રેશર સિસ્ટમ વિકસિત થઈ રહી છે. તેની સાથોસાથ ઉત્તર-પૂર્વ બિહાર અને તેની લગોલગ ઉપરી હવામાં ચક્રવાતી પરિભ્રમણ (સાયક્લોનિક સર્ક્યુલેશન) પણ સક્રિય બન્યું છે. બંગાળની ખાડીમાંથી આવતા ભેજયુક્ત તોફાની પવનોની સૌથી ઘાતક અસર પૂર્વીય રાજ્યો પર જોવા મળશે. પૂર્વ ભારતમાં નદીઓનું જળસ્તર ઝડપથી વધી રહ્યું હોવાથી પૂરની સ્થિતિ નિર્માણ પામી શકે છે. ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશ જેવા પહાડી રાજ્યોમાં ભૂસ્ખલન (લેન્ડસ્લાઈડ) ની ગંભીર ચેતવણી અપાઈ છે, જેથી પ્રવાસીઓને હવામાનની માહિતી લીધા વિના મુસાફરી ન કરવા સલાહ અપાઈ છે. હવામાન વિભાગે ૧૦ થી ૧૧ સપ્ટેમ્બર દરમિયાન ઉત્તર પ્રદેશ, દિલ્હી, બિહાર, હરિયાણા, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, જમ્મુ અને કાશ્મીર, ઝારખંડ, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઓડિશા, તેલંગાણા, કર્ણાટક, તમિલનાડુ, કેરળ, ગુજરાત, આસામ અને મહારાષ્ટ્રમાં ભારે ગાજવીજ, વીજળીના કડાકા અને કરા પડવાની શક્યતા દર્શાવી છે. દક્ષિણ ભારતના રાજ્યોને પણ આગામી ૨૪ કલાક ખાસ સાવધ રહેવા સૂચના આપવામાં આવી છે.

યુએનના નકશામાં અક્સાઈ ચીન અને અરુણાચલને ભારતથી અલગ દેખાડાયા

ભારત અને પાક. વચ્ચેની એલઓસીને ડોટ રેખા તરીકે



(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૯

સંયુક્ત રાષ્ટ્રએ વિશ્વનો નકશો બદલી નાખ્યો છે, જે નવો નકશો જાહેર કરવામાં આવ્યો તેને ભારત દ્વારા પણ સમર્થન જાહેર કરાયું હતું. જોકે હવે આ નકશામાં ભારતને જ સંયુક્ત રાષ્ટ્રએ ઝટકો આપ્યો છે. કેમ કે નવા વૈશ્વિક નકશામાં ભારતના અક્સાઈ ચીન અને અરુણાચલ પ્રદેશ બન્નેને ભારતથી અલગ કરીને દર્શાવાયા છે, એટલું જ નહીં ભારતના આ બન્ને વિસ્તારોને સ્વતંત્ર દેખાડવામાં આવ્યા છે. અગાઉ ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં આ નકશાને સાચો ગણાવીને તેનું સમર્થન કર્યું હતું. જોકે હવે નકશામાં મોટી ભુલ સામે આવી છે. તાજેતરમાં જ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વિશ્વનો નવો નકશો જાહેર કરવામાં આવ્યો હતો, જોકે નવા નકશા માટે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પ્રસ્તાવ મુકવામાં આવ્યો હતો, જેને ભારત સહિત ૧૬૦ કરતા વધુ દેશોએ સમર્થન આપ્યું હતું. માત્ર અમેરિકા દ્વારા જ તેનો વિરોધ કરાયો હતો કેમ કે નવા નકશામાં આફ્રિકાને અમેરિકા કરતા મોટું દેખાડવામાં આવ્યું છે. હવે જ્યારે નકશો સામે આવ્યો છે ત્યારે સંયુક્ત રાષ્ટ્રએ ભારતને ઝટકો આપ્યો છે. ચીન વારંવાર ભારતના જે અરુણાચલ પ્રદેશ પર દાવો કરતું આવ્યું છે તેને સંયુક્ત રાષ્ટ્રના આ નકશામાં ભારતથી અલગ કરીને એક સ્વાયત પ્રાંત તરીકે દર્શાવવામાં આવ્યું છે. એટલું જ નહીં ભારતના લદ્દાખનો હિસ્સો અક્સાઈ ચીનને પણ આ નવા નકશામાં ભારતથી અલગ દર્શાવવામાં આવ્યું છે. વિશ્વના નવા નકશામાં એક ટપકાવાળી લાઈન દેખાડવામાં આવી છે, આ લાઈન ભારત અને પાકિસ્તાન વચ્ચે જમ્મુ કાશ્મીર વિભાજીત કરનારી એલઓસીને દર્શાવી રહી છે. નવા નકશામાં અરુણાચલ પ્રદેશની નાગાલેન્ડ સાથેની સરહદને હટાવી દેવામાં આવી છે.

અને આ ક્ષેત્રને આસામ તેમજ ચીનની સરહદો સાથે જોડાયેલા એક સ્વતંત્ર રાજ્ય તરીકે દર્શાવવામાં આવ્યું છે. તેવી જ રીતે નકશામાં અક્સાઈ ચીનને એક સ્વતંત્ર ક્ષેત્ર જાહેર કરાયો છે. જેની પશ્ચિમી સરહદ ભારત જ્યારે પૂર્વી સરહદ ચીન સાથે જોડાયેલી દર્શાવાઈ છે. અક્સાઈ ચીન લદ્દાખનો જ એક અભિન્ન હિસ્સો છે.

મોદીના જન્મદિવસને ભાજપ સેવા દિવસ તરીકે ઉજવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

વારાણસી, તા.૯

૧૭ સપ્ટેમ્બરના રોજ પીએમ નરેન્દ્ર મોદીનો જન્મદિવસ છે. આ દિવસને ખાસ બનાવવા માટે ભારતીય જનતા પાર્ટી વિશેષ કાર્યક્રમનું આયોજન કરી રહી છે. નવી દિલ્હીમાં એક પ્રેસ કોન્ફરન્સમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને કહ્યું કે પીએમ મોદીના જન્મદિવસ પર દેશમાં સંકલ્પ અભિયાન ચલાવવામાં આવશે. આ એટલા માટે પણ વિશેષ છે કારણ કે પીએમ મોદી આગામી ૭ ઓક્ટોબરે જનસેવાના ૨૫ વર્ષ પૂરા કરશે.

પ્રેસ કોન્ફરન્સમાં નીતિન નવીને કહ્યું કે પીએમ મોદીના જન્મદિવસ પર દેશભરમાં સેવા સંકલ્પ અભિયાન ચલાવવામાં આવશે. તેમણે કહ્યું કે ૭ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ પીએમ મોદી જનસેવાના ૨૫ વર્ષ પૂરા કરશે. આ સફર ૭ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળવાની સાથે શરૂ થઈ હતી. છેલ્લા ૨૫ વર્ષમો તમણે જનસેવાથી રાષ્ટ્રસેવા તરફ વધવાના મંત્રને અપનાવતા સેવાની આ સફર સતત ચાલુ રાખી છે. નીતિન નવીને કહ્યું કે પીએમ મોદીના આ ૨૫ વર્ષના સમગ્ર કાર્યકાળને આપણે એ રીતે જોઈ શકીએ કે પહેલા દિવસથી જે ધ્યેય વાક્ય અને ધ્યેય શબ્દ તેમના મનમાં રહ્યા. તેમણે તેને હંમેશા સંકલ્પ બનાવ્યા અને તેને સિદ્ધિ સુધી પહોંચાડવામાં તેઓ સફળ રહ્યા. તેમણે કહ્યું કે તેની સફ એક સાધારણ કાર્યકર તરીકે શરૂ થઈ અને આજે દેશના પ્રધાન સેવક તરીકે તેમણે કાર્યોને આગળ વધાર્યા છે. નરેન્દ્ર મોદીએ દેશનું નેતૃત્વ એવા સમયે સંભાળ્યું કે જ્યારે દેશમાં નિરાશા અને અંધકારનો માહોલ હતો. આપણી અર્થવ્યવસ્થાને fragile ૫ તરીકે જોવામાં આવતી હતી.

પરંતુ આજે ભારત દુનિયાની સૌથી તેજીથી વધતી અર્થવ્યવસ્થા તરીકે જોવાય છે. સ્ટાર્ટઅપ અને યુનિકોનના માધ્યમથી ભારત આજે દુનિયાનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ નેશન બન્યું છે. સ્ટાર્ટઅપ અને યુનિકોનમાં આપણા યુવાઓ આગળ આવીને ફક્ત જોબ સિકર નહીં પરંતુ જોબ ગિવર્સ બનીને ઊભર્યા છે. આજે ખેલો ઈન્ડિયા અને ફિટ ઈન્ડિયા જેવા માધ્યમથી ભારતના યુવાઓ દરેક ક્ષેત્રમાં પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.

ઓસ્ટ્રેલિયા સિરીઝ માટે ભારત A ટીમની જાહેરાત

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૯

BCCIએ ઓસ્ટ્રેલિયા છ સામે આગામી ટેસ્ટ અને ODI શ્રેણી માટે પોતાની ટીમની જાહેરાત કરી છે. મલ્ટી-ડે ટેસ્ટ મેચ અને ODI માટે અલગ-અલગ ટીમોની જાહેરાત કરવામાં આવી છે. ઋતુરાજ ગાયકવાડ ODI શ્રેણીમાં કેપ્ટનની જવાબદારી સંભાળશે, તો દેવદત્ત પડિકલ મલ્ટી-ડે મેચ માટે ટીમનું નેતૃત્વ કરશે, હાર્દિક પંડ્યાએ પણ વાપસી કરી છે. તે ઈજાને કારણે લાંબા સમયથી બહાર હતો.

ઋતુરાજ ગાયકવાડને ODI શ્રેણી માટે કેપ્ટનશીપ સોંપવામાં આવી છે. તે ઘરેલુ ક્રિકેટ અને ભારત A ટીમ માટે સતત સારું પ્રદર્શન કરી રહ્યો છે, પરંતુ કઠોર સ્પર્ધાને કારણે સિનિયર ભારતીય ટીમમાં સ્થાન મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે. વધુમાં હાર્દિક પંડ્યાને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. હાર્દિક હાલમાં ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યો છે અને BCCIના સેન્ટર ઓફ એક્સેલન્સમાં રિહેબિલિટેશન હેઠળ છે. ફિટનેસ સમસ્યાઓના કારણે તે અગાઉ આયર્લેન્ડ સામેની બે મેચની T20 શ્રેણી અને ઈંગ્લેન્ડ સામેની પાંચ મેચની T20 શ્રેણીમાંથી બહાર રહ્યો હતો. ૧૩ સપ્ટેમ્બરથી શરૂ થનારી અફઘાનિસ્તાન સામેની ત્રણ મેચની T20 શ્રેણી માટે પણ તેની પસંદગી કરવામાં આવી નથી.

કુમાર કુશાગ્રને ODI શ્રેણી માટે ભારત A ટીમમાં સ્થાન મળ્યું છે. તેણે દુલીપ ટ્રોફી ફાઈનલમાં સાઉથ ઝોન સામે શાનદાર સદી ફટકારી હતી. વધુમાં, શેર-એ-પંજાબ T20 લીગ ૨૦૨૬માં અસાધારણ રીતે સારું પ્રદર્શન કરી રહેલા પ્રભસિમરન સિંહને પણ તક આપવામાં આવી છે. આ ખેલાડીઓ હવે ભારત છ માટે એક્શનમાં જોવા મળશે. ભારત A અને ઓસ્ટ્રેલિયા A વચ્ચે પ્રથમ મલ્ટી-ડે ટેસ્ટ મેચ ૨૨ સપ્ટેમ્બરે રમાશે, જ્યારે બીજી મેચ ૨૯ સપ્ટેમ્બરે રમાશે. તો ODI શ્રેણી ૬ ઓક્ટોબરે શરૂ થશે. બીજી મેચ ૯ ઓક્ટોબરે અને ત્રીજી ૧૧ ઓક્ટોબરે રમાશે. બધી મેચ પુડુચેરીમાં રમાશે.

ઈન્ડિયા A ODI ટીમ : પ્રિયાંશ આર્ય, સાઈ સુદર્શન, દેવદત્ત પડીક્કલ (વાઈસ-કેપ્ટન), ઋતુરાજ ગાયકવાડ (કેપ્ટન), રજત પાટીદાર, કુમાર કુશાગ્ર (વિકેટકીપર), નિશાંત સિંધુ, વિપરાજ નિગમ, અરશિન કુલકર્ણી, અરશદ ખાન, નમન ધીર, હાર્દિક પંડ્યા*, પ્રભસિમરન સિંહ (વિકેટકીપર), ગુર્જપનીત સિંહ, યશ ઠાકુર. ઈન્ડિયા A મલ્ટિ-ડે ટીમ : અમન મોખડે, આયુષ પાંડે, દેવદત્ત પડિક્કલ (કેપ્ટન), સાઈ સુદર્શન (વાઈસ-કેપ્ટન), યશ રાઠોડ, શૈક રશીદ, કુમાર કુશાગરા (વિકેટકીપર), શમ્સ મુલાની, તનુષ કોટિયન, તુષાર દેશપાંડે, અંશુલ કંબોજ, પ્રફુલ્લ હિંગે, એન જગદીસન (વિકેટકીપર), નચિકેત ભૂતે, વી. વૈશ્ય.

અમેરિકાએ ૫ ઈરાની તેલ ટેન્કરોનો નાશ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

વોશિંગ્ટન, તા.૯

અમેરિકાએ પર્સિયન ગલ્ફમાં ખાર્ગ ટાપુ નજીક પાંચ ઈરાની તેલ ટેન્કરો પર હુમલો કર્યો. બે અમેરિકન અધિકારીઓએ સીએનએનને જણાવ્યું કે આ ટેન્કરો ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) સાથે જોડાયેલા હતા. આ હુમલો યુએસ નેવી યુદ્ધ જહાજ પર મિસાઈલ હુમલાના પ્રયાસનો બદલો લેવા માટે કરવામાં આવ્યો હતો. આ હુમલાઓ યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચે વધતા તણાવનો એક ભાગ છે. યુનાઈટેડ સ્ટેટ્સ હોર્મુઝ સ્ટ્રેટની આસપાસ લશ્કરી અને આર્થિક દબાણ વધારી રહ્યું છે. અમેરિકન દળો વાણિજ્યિક જહાજોનું રક્ષણ કરી રહ્યા છે અને ઈરાની બંદરો પર નૌકાદળ નાકાબંધી લાદી રહ્યા છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે છેલ્લા બે દિવસમાં યુદ્ધ જહાજ પર બેલિસ્ટિક મિસાઈલોથી હુમલો કરવાના ઈરાની પ્રયાસોના જવાબમાં અમેરિકાના હુમલા કરવામાં આવ્યા હતા. આ નવીનતમ બદલો લેવાના હુમલા એવા સમયે કરવામાં આવ્યા છે જ્યારે વોશિંગ્ટન અને તેહરાન છ મહિનાથી વધુ સમયથી ચાલી રહેલા યુદ્ધમાં એક નવી લડાઈની નજીક પહોંચી રહ્યા છે. ઈરાને બદલો લેવાની ધમકી આપી છે, જેમાં IRGC એ બહેરીન અને કુવૈતના બંદરો નજીકના તેલ ટેન્કરોને નિશાન બનાવવાની ચેતવણી આપી છે. "અમે કુવૈત અને બહેરીનના બંદરોની આસપાસના તેલ ટેન્કરો પરના તમામ કૂને તાત્કાલિક તેમના જહાજો છોડી દેવા વિનંતી કરીએ છીએ, પછી ભલે તે લંગર કરેલા હોય કે ડોક કરેલા, કારણ કે જહાજોને નિશાન બનાવવામાં આવશે," ઈરાનના રાજ્ય ટેલિવિઝન પર પ્રસારિત ચેતવણીમાં કહેવામાં આવ્યું છે. ટ્રમ્પ વહીવટીતંત્રે મંગળવારે ઈરાનના ઉદ્યન ક્ષેત્ર પર પણ ભારે પ્રતિબંધો લાદ્યા હતા, જેમાં 27 ઈરાની એરલાઈન્સ અને નવ સેવા પ્રદાતાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા.

સોમવારે ઈરાને યુએસ નેવી જહાજો પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો અને સમાહના અંતે યુએસ એરક્રાફ્ટ કેરિયર અને ડિસ્ટ્રોયર પર બેલિસ્ટિક મિસાઈલો છોડ્યા બાદ આ ઘટનાક્રમ સામે આવ્યો છે. યુએસ અધિકારીઓએ જણાવ્યું હતું કે કોઈ પણ અમેરિકન જહાજને નુકસાન થયું નથી.

સાઉદી પર થનાર હુમલો એ પાકિસ્તાન પર જ હુમલો ગણાશે : ખ્વાજા આસિફ

મક્કા કરાર હેઠળ, જો સાઉદી અરેબિયા પર હુમલો થાય તો પાકિસ્તાન તેની સંરક્ષણ જવાબદારી નિભાવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઈસ્લામાબાદ, તા.૯ : પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે સાઉદી અરેબિયા પર થઈ રહેલા હુમલાઓ અંગે એક અત્યંત મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે દરેક હુમલાનો જવાબ એ જ આક્રમક શૈલીમાં આપવો જરૂરી નથી. તેમના જણાવ્યા અનુસાર, મક્કા કરાર પોતે જ એક મોટો પ્રતિબંધક (ડિટરન્ટ) સાબિત થઈ શકે છે. જો સાઉદી અરેબિયા પર વગર કારણે હુમલો કરવામાં આવશે અથવા યમનનો તણાવ ત્યાં સુધી લંબાશે, તો આ કરાર આપોઆપ અમલમાં આવી જશે અને પાકિસ્તાન પોતાની સંરક્ષણ ક્

અન્ય સમાચારો

પારડીના વિદ્યાર્થી વર્ક ફ્રોમ હોમમાં ઓનલાઈન રૂા.૧.૮૨ લાખ ગુમાવ્યા

પારડી, તા.૦૯ : પારડીના ટુકવાડા ખાતે રહેતા ૨૦ વર્ષીય દિપુ ઉદયકુમાર સીંગ વાપીના ગુંજન ખાતે આવેલી આર.કે. દેસાઈ કોલેજમાં B.Comના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. તા.૬ સપ્ટેમ્બરે ઈન્સ્ટાગ્રામ પર Jio Martની Work From Homeની જાહેરાત જોઈ ખોલી રજિસ્ટ્રેશન કરતાં વોટ્સએપ નંબર મારફતે અજાણ્યા શખ્સોએ સંપર્ક કરી ઓનલાઈન પ્રોડક્ટ વેચાણ કરવાથી ૩૦થી ૪૦ ટકા કમિશન મળવાની લાલચ આપી એક વેબલિંક મારફતે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. શરૂઆતમાં રૂ.૬૦નું વેલકમ બોનસ અને ત્યારબાદ પ્રોડક્ટ વેચાણના નામે રૂ.૨૦૦ તથા રૂ.૧,૪૯૮.૨૧નું બોનસ આપીને ફરિયાદીનો વિશ્વાસ કેળવ્યો હતો. ત્યારબાદ ટેલિગ્રામ મારફતે અલગ-અલગ UPI ID અને QR કોડ મોકલી રિચાર્જ તથા પ્રોડક્ટ વેચાણ માટે નાણાં ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા. ફરિયાદી પાસેથી રૂ.૩૦૦થી શરૂ કરી રૂ.૧૬,૫૯૦, રૂ.૨૫,૦૦૦, રૂ.૨૧,૦૦૦, રૂ.૨૩,૮૯૯, રૂ.૨૬,૦૦૦, રૂ.૨૪,૨૦૦ તથા રૂ.૪૫,૧૮૦ સહિતની રકમ ટુકડે-ટુકડે વિવિધ UPI ID પર ટ્રાન્સફર કરાવવામાં આવી હતી ફરિયાદીના ખાતામાં બોનસની રકમ ઉપાડવાનો પ્રયાસ કરતાં રકમ ઉપાડી શકાઈ નહોતી. ત્યારબાદ વધુ પૈસા મોકલશો તો કંપનીના નિયમ મુજબ રકમ ખાતામાં જમા થશે તેવી લાલચ આપવામાં આવી હતી. અંતે રૂ.૩ લાખ ખાતામાં જમા થવાની વાત છતાં રકમ જમા ન થતાં ફરિયાદીને પોતાની સાથે ઠગાઈ થઈ હોવાનું જણાયું હતું.

પર્યુષણ બાહ્ય પ્રવૃત્તિઓમાંથી મુક્ત થઈ આત્મા તરફ વળવાનો

વાપી, તા.૦૯ : જૈન ધર્મના સૌથી પવિત્ર અને મહત્ત્વપૂર્ણ પર્વ પર્યુષણ પર્વની વાપી શહેર અને પંથકમાં ભક્તિભાવપૂર્વક ઉજવણી થઈ રહી છે. પર્યુષણના ત્રીજા દિવસે યોજાયેલા ધાર્મિક વ્યાખ્યાનમાં મહારાજ સાહેબે શ્રાવક-શ્રાવિકાઓને ધર્મસાધના, આત્મચિંતન અને આંતરિક શુદ્ધિનો સંદેશ આપ્યો હતો.

મહારાજે વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે પર્યુષણ પર્વ માત્ર ધાર્મિક વિધિઓ પૂરતું સીમિત નથી, પરંતુ બાહ્ય પ્રવૃત્તિઓમાંથી મુક્ત થઈ આત્મા તરફ વળવાનો અને પોતાના અંતરમનનું ચિંતન કરવાનો અવસર છે. ધર્મસાધના દ્વારા કષાયોને મંદ કરવા, સ્વયંનું અવલોકન કરવા તથા સમતા અને સંયમ કેળવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

પર્યુષણના આ પવિત્ર દિવસોમાં જૈન સમાજના શ્રાવક-શ્રાવિકાઓ ઉપવાસ, એકાસણાં, પ્રતિક્રમણ, સ્વાધ્યાય અને સામાયિક સહિતની ધાર્મિક સાધનાઓ કરી આત્મશુદ્ધિ તરફ આગળ વધી રહ્યા છે. સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું છે. જ્યારે અનેક જૈન દેરાસર માં મહાવીર ભગવાન ની પ્રતિમા ને શણગારવામાં આવી હતી.

આહવામાં ધાર્મિક ઉશ્કેરણીજનક વિડીયો અપલોડ કરતા ફરિયાદ

સાપુતારા, તા. ૦૯ : ડાંગ જિલ્લાના આહવા પોલીસ સ્ટેશન ખાતે સોશિયલ મીડિયાના માધ્યમથી વર્ગ વિગ્રહ અને ધાર્મિક સદભાવના બગાડવાનો -પ્રયાસ કરવા બદલ એક યુટ્યુબર વિરુદ્ધ લેખિત ફરિયાદ અરજી નોંધાવવામાં આવી છે. આહવાના સનસેટ પોઈન્ટ વિસ્તારના રહીશ તુલસીરામભાઈ મલ્હાભાઈ પાડવી નામના વ્યક્તિએ જામનવિહીર (ગાઢવી) ગામના નિવાસી અને યુટ્યુબર બુધ્યાભાઈ રૂપસીંગભાઈ પવાર (આરજેપવાર) સામે લેખિત ફરિયાદ કરી હતી કે, આરોપી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ જેવાં કે ઈન્સ્ટાગ્રામ, ફેસબુક અને યુટ્યુબ પર વિવિધ આઈડી ચલાવે છે. તેમણેછેલ્લા અઠવાડિયામાં, વિડીયો અપલોડ કરીને આદિવાસી અને ખ્રિસ્તી સમાજને ટાર્ગેટ કરી ઉશ્કેરણીજનક ભાષણો આપ્યા છે. તેઓ સમાજમાં ભયનો માહોલ ઉભો કરી તથા ખોટી અફવાઓ ફેલાવીને શાંતિ અને એકતા ડહોળવાનો પ્રયાસ કરી રહ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આરોપી સામે સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ આવી હેટ સ્પીચ વિરુદ્ધ કડક પગલાં લેવા તેમજ આરોપીના સોશિયલ મીડિયા એકાઉન્ટ તાત્કાલિક બ્લોક કરવાની અરજ કરાઈ છે.

વાપીમાં સરદારધામની સમાજ નિર્માણની દિશામાં મહત્વપૂર્ણ બેઠક

વાપી, તા.૦૯ : સમસ્ત પાટીદાર સમાજની એકતા, સંગઠન અને સર્વાંગી વિકાસને વેગ આપવાના ઉદ્દેશ્ય સાથે સરદારધામ દ્વારા વાપી ખાતે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં વાપી, વલસાડ, ઉમરગામ, દમણ, સેલવાસ તેમજ આસપાસના વિસ્તારોમાં વસતા મોટી સંખ્યામાં પાટીદાર સમાજના સભ્યો, ઉદ્યોગસાહસિકો, વેપારીઓ અને સમાજસેવામાં કાર્યરત આગેવાનો જોડાયા હતાં.

આ બેઠકમાં સરદારધામના ક્રસમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણક્રના વિચારને વધુ મજબૂત બનાવવા તેમજ સમાજના યુવાનોને માત્ર જોડવાના નહીં, પરંતુ તેમને શૈક્ષણિક, આર્થિક અને વ્યવસાયિક રીતે સશક્ત બનાવવાના વિવિધ પ્રયાસો અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં ખાસ કરીને શિક્ષણ અને કારકિર્દી માર્ગદર્શન, આર્થિક સશક્તિકરણ, વ્યવસાયિક તકો, બિઝનેસ નેટવર્કિંગ, સંગઠન મજબૂતી અને સમાજહિતની સેવાકીય પ્રવૃત્તિઓ અંગે વિચારોનું આદાન-પ્રદાન થયું હતું. વાપી અને દક્ષિણ ગુજરાતના પાટીદાર સમાજના સભ્યોને એક મજબૂત નેટવર્ક સાથે જોડીને પરસ્પર સહકાર, વ્યવસાયિક વિકાસ અને સામાજિક જવાબદારીને વધુ મજબૂત બનાવવા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં સરદારધામના ભૂમિદાતા મોતીભાઈ પટેલ,ટ્રસ્ટી સુધીરભાઈ સાવલિયા,માધુભાઈ માંગુકીયા, નાનુભાઈ બાંભરોલીયા, હિતેશભાઈ ફળદુ, તથા RD ફળદુ (Retd. DySP) તથા યુવા સંગઠન વલસાડ ના પ્રશાંતભાઈ સાવલિયા, અજીતભાઈ કણસાગરા સહિતના આગેવાનોની ઉપસ્થિતિ રહી હતી. સરદારધામ વાપી ટીમ દ્વારા વાપી અને સમગ્ર દક્ષિણ ગુજરાતમાંથી સમાજનિર્માણની આ યાત્રાને વધુ મજબૂત, વ્યાપક અને પરિણામલક્ષી બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

વાપીમાં ટ્રેન અડફેટે યુવકનું મોત

વાપી, તા.૦૯ : વાપીના ગીતા નગર પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. રેલવે ટ્રેક ક્રોસ કરવા જતા એક ૨૮ વર્ષીય યુવક માલગાડીની અડફેટે આવી જતા તેનું ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું.

મૃતકની ઓળખ કલિમ ઉલ્લા શેખ તરીકે થઈ છે. તે વાપી મચ્છી માર્કેટમાં આવેલ નૂર મંજિલમાં રહેતો હોવાની પ્રાથમિક જાણકારી મળી છે. ઘટનાની જાણ થતા રેલવે પોલીસ અને સ્થાનિક પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

કપરાડામાં દારૂના ગુનાનો વોન્ટેડ આરોપી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા.૦૯ : કપરાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિબિશનના ગુનામાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા પોલીસ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન પેટ્રોલિંગમાં રહેલી કપરાડા પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે મનાલા ગામ, આલય ફળિયામાંથી એક વોન્ટેડ આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો.

કપરાડા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.એન. વાંઝાના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસે કાર્યવાહી કરી આરોપી તખતભાઈ ઝીપરભાઈ ભોયા (ઉ.વ. ૩૫), રહે. મનાલા ગામ, આલય ફળિયા, તા. કપરાડાને ઝડપી પાડ્યો હતો. ઉપરોક્ત બાબતે નાના પોંઢા પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે.

વલસાડમાં ટ્રકે બાઈકને અડફેટે લેતાં બાળકનું મોત

વલસાડ, તા. ૦૯ : વલસાડ શહેરમાં વધુ એક ગમખ્વાર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં પિતા સાથે બાઈક પર જઈ રહેલા ૧૧ વર્ષના માસૂમ પુત્રનું ગંભીર ઈજાઓ થતાં કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. અકસ્માત સર્જી ટ્રક ચાલક વાહન સ્થળ પર જ મૂકીને નાસી છૂટ્યો હતો.

વલસાડ ના પારડી સાંઢપોર ગામ ના કૈલાશ રોડ પર રહેતા કમલેશકુમાર પ્રજાપતિ પોતાના ૧૧ વર્ષીય પુત્ર વૈભવને બાઈક નંબર જીજે ૧૫/ બી.કે .૭૬૫૧ પર પાછળ બેસાડીને ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન કૈલાશ રોડ ગુજરાતી પ્રાથમિક શાળા સામે આવેલા ચાર રસ્તાથી ગુંદલાવ તરફ જવાના માર્ગ પર પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલી વલસાડ ની પ બ્રધર્સ એજન્સીની ટ્રક નંબર GJ-15-AT-8044 ના ચાલકે ગફલતભરી રીતે હંકારી બાઈકને ટક્કર મારતા બાઈક સ્લીપ થઈ જતાં પિતા-પુત્ર બંને રોડ પર પટકાયા હતા. આ દુર્ઘટનામાં કમલેશભાઈને સામાન્ય ઈજાઓ પહોંચી હતી, જ્યારે ૧૧ વર્ષીય વૈભવને માથા, છાતી તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ થતાં તે સ્થળ પર જ બેભાન થઈ ગયો હતો. ઘટનાની બનતા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી વૈભવને સારવાર અર્થે વલસાડની કસ્તુરબા હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબોએ તપાસ બાદ તેને મૃત જાહેર કર્યો હતો.

અકસ્માત ની ઘટના બાદ લોકટોળા ભેગા થતા ટ્રક ચાલક પોતાની ટ્રક મૂકીને ભાગી ગયો હતો. બનાવ અંગે વલસાડ સિટી પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસે ઘટનાસ્થળે પહોંચી ગુનો દાખલ કરી ફરાર ટ્રક ચાલકને ઝડપી પાડવા કાયદેસરની તજવીજ હાથ ધરી છે. માસૂમ બાળકના અકાળે અવસાનથી પરિવાર સહિત સમગ્ર પંથકમાં ભારે શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

વઘઈ અને સાપુતારા પોલીસ સ્ટેશનનો દારૂ નાશ કરાયો

સાપુતારા, તા.૦૯ : વઘઈ અને સાપુતારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જપ્ત કરાયેલા ભારતીય બનાવટના વિદેશી દારૂના મુદ્દામાલનો નાશ કરવામાં આવ્યો છે.નામદાર કોર્ટના હુકમ અનુસાર તા. ૦૯/૦૯/૨૦૨૬ના રોજ વઘઈ અને સાપુતારા પોલીસ સ્ટેશન હેઠળ નોંધાયેલા ગુનાઓમાં ઝડપાયેલ વિવિધ બ્રાન્ડનો કુલ રૂા.૯.૮૭ લાખથી વધુની કિંમતના દારૂનો જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર દારૂ નાશની કામગીરી આહવા-ડાંગના સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ યુ.વી. પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ પ્રસંગે નાયબ પોલીસ અધિક્ષક કે.આર. ડીમરી, નશાબંધી અને આબકારી અધિક્ષક એ.એસ. પટેલ, વઘઈના મામલતદાર એ.જે. ચૌહાણ, વઘઈ પી.આઈ. એ.એ. ચાવડા તથા સાપુતારા પી.આઈ. જે.કે. બારીયા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ટુકવાડાની પોશ સોસાયટીમાં ચોરી

વાપી, તા.૦૯ : વાપી નજીક આવેલ ટુકવાડાની એક જાણીતી ગર્ભશ્રીમંતોની પોશ સોસાયટીમાં બે દિવસ પહેલા તસ્કરો ત્રાટકતા ચકચાર મચી ગયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, તસ્કરોએ સોસાયટીના બંધ મકાનોને નિશાન બનાવ્યા હતા. એક મકાનમાં ૧૦ થી ૧૨ તોલાની સોનાની મૂર્તિ હતી, જેને તસ્કરો પિત્તળની સમજીને મૂકી ગયા હતા. જ્યારે બીજા એક મકાનમાં એક કંપનીના ડિરેક્ટર રહે છે, ત્યાંથી તસ્કરોના હાથ લાખોની રોકડ રકમ લાગતા તેઓ ઉઠાવી ગયા હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.આશ્ચર્યની વાત એ છે કે આટલી મોટી ચોરી થવા છતાં આ મામલે હજુ સુધી કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી. જોકે, ગર્ભશ્રીમંતોની સોસાયટીમાં દિવસે દિવસે ચોરીની ઘટના બનતા તેની ચર્ચા સમગ્ર વિસ્તારમાં જોરશોરથી ચાલી રહી છે.

No.MAM/KNVL/RBD-DNH/188/2026/1025 Dated: 29/07/2026

APPLICANT - SHRI VAJIR MALJI DHANGADA, R/o. Plotpada, Karachgam, DNH.
Mob.: 9574161191/7203041501
V/S
OPPONENTS - Registrar of Birth & Death, Kherdi.

PUBLIC NOTICE

The public to take note that applicant Shri Vajir Malji Dhangada, R/o. Plotpada, Karachgam, DNH has submitted an application dated 13/07/2026 seeking registration of date of death of his mother namely Bhikhlu Malji Dhangada, D/o. Ukhardi Devya Koti, who died on 24/11/1983 at Khadipada, Karajgam, DNH, as the above said Death was inadvertently not registered in the records of Registrar of Births and Deaths, Kherdi.

Therefore, the applicant has requested to issue an order to register the death of Bhikhlu Malji Dhangada, D/o. Ukhardi Devya Koti.

Any person having an objection or complaint in respect of this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days from the date of publication of this notice. If no objection/complaint is received, the Executive Magistrate, Khanvel will pass necessary order accordingly.

This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

Sd/-
Circle Inspector (K)
DNH, Khanvel.

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

ROGI KALYAN SAMITI, SILVASSA
No.MS/RKS/NH/Appointment/2025/57/1011
Date: 05/09/2026
ADVERTISEMENT

Rogi Kalyan Samiti, Silvassa, DNH invites applications for Various Posts to be filled on Short term contract basis in NAMO Hospital Silvassa.
Last date for receiving application: 18/09/2026

For details please scan QR code
dnh.gov.in
silvassarogikalyansamiti@gmail.com
Tel: 0260-2642940

O/o Member Secretary (RKS), NAMO Hospital, Silvassa, DNH

NO.: IP/DMN/2/5/2026-27/479 DATED :09/09/2026

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

Public Works Department
NOTICE INVITING TENDER
Supplying, Erecting, Testing and Commissioning of new 315 KVA transformer at Dadra Intakewell in DNH.

For details please scan
dnhtenders.nic.in
e-bldg.dnh@ddd.gov.in
0260 2642350

Tender No.	15 OF 2026-2027
Tender ID No.	2026 UTDNH 8234 1
On line downloading start of tender documents	05/09/2026 18:30 Hrs.
Last date & Time for Receipt of Bid/Upload Bid	16/09/2026 14:30 Hrs.
Online Opening of Technical Bid	16.09.2026 @ 16.00 Hrs
On line opening of Price Bid	16.09.2026 @ 16.30 hrs. (if possible)

Any Other Details -

EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA
No.5-2(1)/DNH/DP/2026/548 Dt.03/08/2026

NO.: IP/DMN/2/5/2026-27/480 DATED :09/09/2026

ભારત સરકાર
કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય

નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ (NCVET), નવી દિલ્હી (કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળની એક બિન-વૈધાનિક નિયમનકારી સંસ્થા) માં અધ્યક્ષના ખાલી પદ માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

લાયકાત માપદંડો, નિર્ધારિત પ્રોફોર્મા અને અન્ય જરૂરી માહિતી સાથેની વિગતવાર જાહેરાત આ મંત્રાલયની વેબસાઇટ (http://www.msde.gov.in) પર ઉપલબ્ધ છે. રસ ધરાવતા ઉમેદવારો તેમની અરજીઓ નિર્ધારિત ફોર્મેટમાં સંયુક્ત નિયામક (E&P વિંગ) ને ecopol-msde@gov.in ઈમેઈલ દ્વારા અથવા પોસ્ટ દ્વારા ૦૨.૧૧.૨૦૨૬ ના રોજ સાંજે ૫: ૩૦ વાગ્યે અથવા તે પહેલાં મોકલી શકે છે.

સહી/-
જોઈન્ટ ડાયરેક્ટર
કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય
CBC 63101/11/0007/2627

સ્થળ : નવી દિલ્હી
તારીખ : ૮મી સપ્ટેમ્બર, ૨૦૨૬

THE SOUTHERN GUJARAT FRUIT VEGETABLE GROWER`S CO OPERATIVE ASSOCIATION LTD
ધી સર્થન ગુજરાત ફ્રુટ એન્ડ વેજીટેબલ ગ્રોઅર્સ કો-ઓપ. એસોસીએશન લિ.
AT&PO, PARDI (W.R.) DIST. VALSAD રજી.નં.૭૨૮૪ તા.૦૧-૦૪-૧૯૩૫

-: વાર્ષિક સાધારણ સભાની નોટીસ :-

આથી આપણી મંડળીનાં સભાસદોને જણાવવામાં અઆવે છે કે, મંડળીની વાર્ષિક સાધારણ સભા તા.૨૪-૦૯-૨૦૨૬ને ગુરુવારના રોજ બપોરે ૨:૩૦ કલાકે ધી વલસાડ ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપ. બેંક લી. દત્તનગર પાસે, સિવિલ રોડ, વલસાડના મકાનમાં નીચે જણાવેલ કાર્યસુચી મુજબ રાખવામાં આવેલ છે. જેમાં સભાસદોને સમયસર હાજર રહેવા માટે જાણ કરવામાં આવે છે.

-: કાર્યસુચી :-

૧. સભાના પ્રમુખશ્રીની વરણી કરવા બાબત.
૨. ગત વર્ષ ૨૦૨૪-૨૫ની વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી વાંચણે લઈ બહાલ રાખવા બાબત.
૩.મંડળીના તા.૩૧/૦૩/૨૦૨૬ના રોજ પુરા થતા વર્ષનાં વાર્ષિક હિસાબો મંજુર કરવા બાબત.
૪. મંડળીનાં વહીવટદારે તા.૦૧/૦૯/૨૦૨૫ થી તા.૩૧/૦૮/૨૦૨૬ સુધીમાં કરેલ ઠરાવો વંચાણે લઈ બહાલ રાખવા બાબત.
૫. ઓડીટમેમો વાંચને લેવા બાબત.
૬. વ્યસ્થાપક કમીટીની રચના કરવા અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.
૭. પ્રમુખશ્રીના સ્થાનેથી રૂજુ થતા કામો અંગે વિચારણા કરવા બાબત.

સ્થળ :- વલસાડ
૦૮/૦૯/૨૦૨૬

વહીવટદાર
ધી સર્થન ગુજરાત ફ્રુટ એન્ડ વેજીટેબલ ગ્રોઅર્સ કો.ઓ. એસોસીએશન લી, પારડી
C/O ધી વલસાડ ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપ.બેંક લી. વલસાડ

નોંધ : કોરમના અભાવે મુલતવી રહેલ સાધારણ સભા તે જ તારીખે અડધા કલાક બાદ હાજર સભાસદોની હાજરીમાં મળશે જે કાયદેસરની ગણાશે.

નામ બદલ્યું છે

આથી હું જણાવું છું કે, મારૂં જૂનું નામ **અશપાક દીલાવર લોઢા** હતું જે બદલીને મારૂ નવું નામ **અશફાક દીલાવર લોઢા** રાખેલ છે અને હવેથી હું નવા નામ તરીકે જ ઓળખાઈશ જેની સૌએ નોંધ લેવી
લિ. **અશફાક દીલાવર લોઢા**
સરનામું : ૮૮૭ અનમોલ નગર, ધીમસા કાકરીયા, તુંબ વાયા સંજાણ, તા.ઉમરગામ, જી.વલસાડ - ૩૯૬૧૫૦

નામ બદલ્યું છે

આથી હું જણાવું છું કે, મારૂં જૂનું નામ **સોલ્યા અશપાક લોઢા** હતું જે બદલીને મારૂ નવું નામ **સોલ્યા અશફાક લોઢા** રાખેલ છે અને હવેથી હું નવા નામ તરીકે જ ઓળખાઈશ જેની સૌએ નોંધ લેવી
લિ. **સોલ્યા અશફાક લોઢા**
સરનામું : ૮૮૭ અનમોલ નગર, ધીમસા કાકરીયા, તુંબ વાયા સંજાણ, તા.ઉમરગામ, જી.વલસાડ - ૩૯૬૧૫૦

નામ બદલ્યું છે

આથી હું જણાવું છું કે, મારૂં જૂનું નામ **આફિયા અશપાક લોઢા** હતું જે બદલીને મારૂ નવું નામ **આફિયા અશફાક લોઢા** રાખેલ છે અને હવેથી હું નવા નામ તરીકે જ ઓળખાઈશ જેની સૌએ નોંધ લેવી
લિ. **આફિયા અશફાક લોઢા**
સરનામું : ૮૮૭ અનમોલ નગર, ધીમસા કાકરીયા, તુંબ વાયા સંજાણ, તા.ઉમરગામ, જી.વલસાડ - ૩૯૬૧૫૦

નામ બદલ્યું છે

આથી હું જણાવું છું કે, મારૂં જૂનું નામ **મોહમ્મદ અશપાક લોઢા** હતું જે બદલીને મારૂ નવું નામ **મોહમ્મદ અશફાક લોઢા** રાખેલ છે અને હવેથી હું નવા નામ તરીકે જ ઓળખાઈશ જેની સૌએ નોંધ લેવી
લિ. **મોહમ્મદ અશફાક લોઢા**
સરનામું : ૮૮૭ અનમોલ નગર, ધીમસા કાકરીયા, તુંબ વાયા સંજાણ, તા.ઉમરગામ, જી.વલસાડ - ૩૯૬૧૫૦

આપનું અખબાર : આપનો અવાજ
DGT

વાપી મહાનગર વિશેષ

સમસ્યા - સમાધાન, વેપાર-ધંધો, સમાજ, સંસ્થા, શિક્ષણ, સિદ્ધિ, સંસ્કૃતિ

● સલવાવ ● બલીઠા
● છરવાડા ● છીરી
● મોરાઈ ● કુંતા
● વટાર ● નામધા
● ચંડોર, ● કરવડ
● ચણોદ

વાપીમાં PIU ખાતે 'સ્ટાર્ટઅપથી ઉદ્યોગ સાહસિકતા' અંગે નિષ્ણાંત સત્ર યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૯ : પ્લાસ્ટઈન્ડિયા ઈન્ટરનેશનલ યુનિવર્સિટી (PIU), વાપી ખાતે પ્રથમ વર્ષના બી.ટેક. એન્જિનિયરિંગમાં નવા પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓ માટે આયોજિત વ્યાપક સ્ટુડન્ટ ઈન્ડક્શન પ્રોગ્રામ અંતર્ગત સ્ટાર્ટઅપથી ઉદ્યોગસાહસિકતા સુધીની સફર પાયાથી વ્યવસાયનું નિર્માણ વિષય પર એક પ્રેરણાદાયી નિષ્ણાત સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્રના નિષ્ણાત વક્તા તરીકે જાણીતા ઉદ્યોગપતિ અને પરોપકારી પાર્થિવ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ઉદ્યોગસાહસિકતા, નવીનતા અને ટકાઉ વ્યવસાયના નિર્માણ અંગે પોતાના અનુભવો અને વિચારો વિદ્યાર્થીઓ સાથે વહેંચ્યા હતાં.

આ પ્રસંગે પ્રો. કિરણ પાટીલએ નવા પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓ માટેના સ્ટુડન્ટ ઈન્ડક્શન પ્રોગ્રામ પાછળની વિચારધારા અને તેના હેતુ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

પોતાના અત્યંત રસપ્રદ અને સંવાદાત્મક સત્રમાં પાર્થિવ મહેતાએ વિદ્યાર્થીઓને જણાવ્યું કે ઉદ્યોગસાહસિકતાની સાચી શરૂઆત સમસ્યાઓને ઓળખવાથી, તેમાં રહેલી તકોને સમજવાથી અને નવા ઉકેલો અજમાવવાની હિંમતથી થાય છે. વિદ્યાર્થીઓ સાથેનો જીવંત સંવાદ આ સત્રનું વિશેષ આકર્ષણ રહ્યા હતો.

વાપી-ચંડોરના STPનું મોદીએ વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યુ

આ પ્લાન્ટ કાર્યરત થતાં વાપી શહેરના વિવિધ વિસ્તારોમાંથી નીકળતા ઘરવપરાશના ગંદા પાણીના યોગ્ય નિકાલ અને શુદ્ધિકરણમાં મહત્વપૂર્ણ સુવિધા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૯ : વાપી મહાનગરપાલિકાના ચંડોર ખાતે આવેલા ૨૨ એમએલડી એસટીપી (સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ)નું આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે વડોદરા ખાતે યોજાયેલા કાર્યક્રમમાંથી વર્ચ્યુઅલ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

વાપી મહાનગરપાલિકા દ્વારા અમૃત યોજના-૨ અંતર્ગત ચંડોરગામના કાસલ ફળિયા નવીનગરી માં દમણગંગા નદી કિનારે આ ૨૨ એમએલડી ક્ષમતાનો એસટીપી પ્લાન્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આ પ્લાન્ટમાં વાપીના ગોકુલ વિહાર ટાઉનશીપ, જલારામ સોસાયટી, આનંદનગર, ઈમરાનનગર, મહેસાણાનગર, ગીતાનગર, ગોદાલનગર, સૂલપડ, ડુંગરા, ડુંગરી ફળિયા, ચણોદ સહિતના વિસ્તારોમાંથી ઘરવપરાશનું ગંદુ પાણી લાવી તેનું વૈજ્ઞાનિક રીતે ટ્રીટમેન્ટ કરવામાં આવશે.

આ પ્લાન્ટ કાર્યરત થતાં વાપી શહેરના વિવિધ વિસ્તારોમાંથી નીકળતા ઘરવપરાશના ગંદા પાણીના યોગ્ય નિકાલ અને શુદ્ધિકરણમાં મહત્વપૂર્ણ સુવિધા ઉભી થશે. તેમજ ગંદા પાણીને ટ્રીટ કરીને પર્યાવરણ અને દમણગંગા નદીના સંરક્ષણમાં પણ મદદરૂપ બનશે.

આ એસટીપી પ્લાન વાપી નગરપાલિકા હતી તે સમયે પાલિકા પ્રમુખ અને સભ્યો તેમ જ સ્થાનિક આગેવાનોની રજૂઆતને ધ્યાને લઈ નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા રાજ્ય સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી. જેને લઈ આ એસટીપી પ્લાન ને મંજૂરી મળી હતી અને હવે તે બનીને તૈયાર થતાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે લોકાર્પણ થયું છે જેને લઈ વાપી મહાનગરપાલિકાના ઉપરોક્ત વિસ્તારના લોકો માટે ખૂબ જ ઉપયોગી બની રહેશે.

વાપી મહાનગરપાલિકાના આ એસટીપી પ્લાન ૨૨ એમએલડી ને મંજૂરી મળી તાજ તેમજ વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના હશે પણ બાદ વાપી જીઆઈડીસી જે ટાઈપ વિસ્તારથી ચંડોર એસટીપી પ્લાન સુધીની લાઈન થી હાલમાં ઘર વપરાશનું પાણી ને લઈ જઈ ટ્રીટ કરી દમણ ગંગા નદીમાં છોડવામાં આવી રહ્યું છે અને ટૂંક સમયમાં જ મોટાભાગના વિસ્તારને સમાવી લેવામાં આવશે જેને લઈ હવે વાપીમાં ઉભરાતી ગટર કે ઘર વપરાશનો ગંદુ પાણી જાહેર માર્ગ ઉપર કે ખુલ્લા ખેતરમાં જતું પણ અટકી જશે .

વાપી ઝંડા ચોકથી ગોલ્ડ કોઈન સર્કલ સુધી રાત્રે અંધારપટ

બ્રિજ નિર્માણ અર્થે જમીન સંપાદન બાદ માર્ગ વિસ્તરણ વેળા તમામ સ્ટ્રીટ લાઈટના પોલ કાઢી નંખાતા તાત્કાલિક પોલ લગાડી માર્ગ ઝળહળતો કરવા લોક લાગણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૯ : વાપી શહેરના અતિ વ્યસ્ત ગણાતા ઝંડા ચોકથી ગોલ્ડ કોઈન સર્કલ સુધીના માર્ગ પર છેલ્લા પાંચ મહિનાથી વધુ સમયથી રાત્રિના સમયે અંધારપટ છવાયેલો રહે છે. આશરે ૭૦૦ મીટરના આ મુખ્ય માર્ગ પર બંને તરફ સ્ટ્રીટ લાઈટની વ્યવસ્થા જ ન હોવાથી રાત્રે અવરજવર કરતા વાહનચાલકો અને રાહદારીઓમાં ભયનો માહોલ છે. પ્રાપ્ત માહિતી મુજબ, આ માર્ગ પર બ્રિજના નિર્માણ અર્થે જમીન સંપાદનની કામગીરી હાથ ધરાયા બાદ માર્ગ વિસ્તરણ કરાયું હતું. તે વેળા માર્ગની બંને તરફ લાગેલી તમામ સ્ટ્રીટ લાઈટો તંત્ર દ્વારા કાઢી નાખવામાં આવી હતી. પરંતુ, કામગીરી પૂર્ણ થયા બાદ આજદિન સુધી ફરી સ્ટ્રીટ લાઈટ લગાવવામાં આવી નથી. જેના કારણે આખો વિસ્તાર રાત્રે અંધારામાં ડૂબી જાય છે.

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, રાત્રિના સમયે આ માર્ગ પર ચોરી, લૂંટ અને અઘટિત ઘટનાઓ બનવાની ભીતિ સેવાઈ રહી છે. અનેક વખત રજૂઆત કરવા છતાં મનપા તંત્ર દ્વારા ધ્યાન ન આપતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. અંધારાના કારણે વાહન અકસ્માતનો ભય પણ સતત રહે છે. કારણ કે, બ્રિજ નિર્માણ કામ માટેના સળિયા થી લઈ મટીરીયલ પડેલ હોય છે તેમજ માર્ગ પણ ઉબડખાબડ બની ગયો છે. ચલા દમણ રોડ ના આ મુખ્ય માર્ગ ઉપરના આશરે ૭૦૦ મીટરના આ પટ્ટા પર બંને તરફ લાઈટ ન હોવાથી વેપારીઓ, રહીશો અને રાત્રે કામ પરથી ઘરે જતા કર્મચારીઓને ભારે હાલાકી વેઠવી પડી રહી છે. ત્યારે વાપી મહાનગરપાલિકાના સત્તાધીશો અને અધિકારીઓ આ બાબતને ગંભીરતાથી લઈ તાત્કાલિક ધોરણે સ્ટ્રીટ લાઈટની વ્યવસ્થા ઊભી કરે તેવી લોકોમાંથી ઉગ્ર માંગ ઉઠી છે.

વાપીમાં શ્રીજીની વિસર્જન યાત્રા કરતાં આગમન યાત્રા મોંઘી બની

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૯ : વાપી અને આસપાસના વિસ્તારોમાં ગણેશ ચતુર્થીના પર્વને લઈને ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સમગ્ર દેશમાં અને ખાસ કરીને મહારાષ્ટ્ર તથા ગુજરાતમાં ગણેશોત્સવ ધામધૂમથી ઉજવાય છે. વર્ષોથી ગણેશ ચતુર્થીના દિવસે ગણેશજીની સ્થાપના તેમજ મૂળ નક્ષત્રમાં ગૌરી-ગણેશજીની સ્થાપનાની પરંપરા ચાલી આવે છે. જોકે હવે મહારાષ્ટ્રની જેમ ગુજરાતના નાના શહેરો અને વાપી પંથકમાં પણ ગણેશજીની વિસર્જન યાત્રા કરતાં આગમન યાત્રા વધુ ખર્ચાળ બનતી જાય છે. વાપી ના અનેક વિસ્તારોમાં આવેલા ગણેશ મંડળ જેવા કે કાશી મિત્ર મંડળ ,એકતા મિત્ર મંડળ, દેસાઈવાડ મિત્ર મંડળ, શંભુ સેના જીઆઈડીસી વાપી, મહાદેવ સેના હરિયા પાર્ક ડુંગરા, અચાનક મિત્ર મંડળ જીઆઈડીસી ગુંજન, જેવા અનેક મંડળો ગણેશજીની પ્રતિમાને સ્થાપના સ્થળ સુધી લાવવા માટે અનેક કિલોમીટર લાંબી આગમન યાત્રા યોજાઈ રહી છે. આ યાત્રામાં હાઈફાઈ ડીજે, નાસિક ઢોલ, લેઝર લાઈટ ડાન્સ, ફટાકડા તેમજ વિશાળ વાહન વ્યવસ્થાનો ઉપયોગ કરવામાં આવતો હોવાથી આયોજકોનો ખર્ચ પણ સતત વધી રહ્યો છે. બીજી તરફ, ભારે અવાજવાળા ડીજેના કારણે યાત્રાના માર્ગની આસપાસ રહેતા લોકો, વૃદ્ધો, બાળકો તથા અન્ય નાગરિકોને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હોવાની ફરિયાદો ઉઠી રહી છે.

ગણેશજીની ભક્તિ અને ઉત્સવની ઉજવણી સાથે પર્યાવરણ અને જાહેર જનતાની સુવિધાનું પણ ધ્યાન રાખવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. ખાસ કરીને ડીજેના અવાજના નિયત ધોરણોનું પાલન થાય અને ધ્વનિ પ્રદૂષણ અંગે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તથા સંબંધિત તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી લોકો માંગ કરી રહ્યા છે.

વાપીમાં પાણીજન્ય અને ચેપી રોગોના જોખમને ઘટાડવા સફાઈ કામગીરી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૯ : વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં સ્વચ્છતા જળવાઈ રહે તેમજ સંભવિત પાણીજન્ય અને ચેપી રોગોના જોખમને ઘટાડવાના હેતુસર આજે વિવિધ વિસ્તારોમાં વાપી મહાનગરપાલિકા ના આરોગ્ય વિભાગ દ્વારા સાફ-સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ચણોદ, ડુંગરી ફળિયા, ગીતાનગર, ડુંગરા તેમજ કંચનનગર સહિતના વિસ્તારોમાં સફાઈ કામગીરી કરવામાં આવી હતી અને દવાનો છટકાવ પણ કરાયો હતો. આ સાથે આરોગ્ય વિભાગ દ્વારા પણ સમગ્ર વિસ્તારમાં સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે અને જરૂરી નિવારક કામગીરી હાથ ધરાઈ રહી છે. નાગરિકોને સ્વચ્છ અને સુરક્ષિત વાતાવરણ મળી રહે તે માટે મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા અને આરોગ્યલક્ષી કામગીરીને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

સ્વચ્છ પર્યાવરણ, સુરક્ષિત આરોગ્ય અને સ્વસ્થ સમાજ માટે પાલિકાની કામગીરી અવિરત ચાલુ રહેશે.

વાપીમાં આવકના દાખલા માટે ઓનલાઈન અરજી ફરજિયાત કરાતા અરજદારો મુશ્કેલીમાં

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૯ : વાપી મામલતદાર કચેરીમાં આવકનો દાખલો મેળવવા માટે ઓનલાઈન અરજી કરવી ફરજિયાત બનાવાતા અનેક ગરીબ, જરૂરિયાતમંદ અને અશિક્ષિત અરજદારો મુશ્કેલીમાં મુકાયા છે. અરજદારોના જણાવ્યા મુજબ કચેરીમાં આવકના દાખલા સંબંધિત કામગીરી માત્ર બે દિવસ પૂરતી જ થતી હોવાથી પણ લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આ સમગ્ર મામલે જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા કલેકટર દ્વારા તાત્કાલિક તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

આધારભૂત સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ વાપી મામલતદાર કચેરીમાંથી આવકનો દાખલો મેળવવા માટે અરજદારે ડિજિટલ ગુજરાત વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની તેમજ જરૂરી દસ્તાવેજો અપલોડ કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવી પડે છે. વાપી તથા તેની આસપાસના મહાનગરપાલિકામાં સમાવિષ્ટ ૧૧ ગામોના અનેક ગરીબ અને જરૂરિયાતમંદ લોકો પાસે ઓનલાઈન અરજી કરવાની આવડત નથી. કેટલાક અરજદારો પાસે સ્માર્ટફોનની સુવિધા પણ ન હોવાથી તેઓ અરજી કરી શકતા નથી.

આ ઉપરાંત, ઓનલાઈન અરજીની પ્રક્રિયા અને જરૂરી દસ્તાવેજો અપલોડ કરવાની પદ્ધતિ અંગે પૂરતી સમજણના અભાવે પણ અરજદારોને મુશ્કેલી પડી રહી છે. ખાસ કરીને અશિક્ષિત અને આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે આ પ્રક્રિયા વધુ પડકારજનક બની છે.

અરજદારોની માંગ છે કે વાપી મામલતદાર કચેરીમાં ઓનલાઈન અરજી કરવામાં અસમર્થ લોકો માટે સહાય કેન્દ્ર અથવા વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવામાં આવે. સાથે જ આવકના દાખલા સંબંધિત કામગીરી વધુ દિવસો સુધી કરવામાં આવે, જેથી લોકોને વારંવાર કચેરીના ધક્કા ન ખાવા પડે.

આ સમગ્ર મુદ્દે વાપી મામલતદાર કચેરીના જવાબદાર અધિકારીઓ, મામલતદાર, જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા કલેકટર દ્વારા તાત્કાલિક તપાસ કરી અરજદારોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા યોગ્ય પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

વાપીમાં ચોમાસામાં ઉખેડેલા રસ્તા મરામત હજુ રાહ જોવડાવશે

૧૧ ગામોના સમાવેશ બાદ ૨૫૨ કિમી રસ્તા મનપા હસ્તક, ચોમાસામાં મોટાભાગના માર્ગો ધોવાયા; પેચવર્ક ૧૫ ઓક્ટોબર પછી જ શરૂ થશે

વાપીનો પત્ર
મુકુન્દ સોની

વાપીના વાવડ વાપી મહાનગરપાલિકામાં ૧૧ ગ્રામ્ય વિસ્તારોના સમાવેશ બાદ હાલ આશરે ૨૫૨ કિલોમીટરના જાહેર માર્ગો મહાનગરપાલિકા હસ્તક છે. ચોમાસામાં પડેલા સાંબેલાધાર વરસાદ અને પૂરની સ્થિતિને કારણે બહુધા માર્ગો સંપૂર્ણપણે ઉખડી ગયા છે. શહેરના મુખ્ય તેમજ આંતરિક માર્ગો પર મસમોટા ખાડાઓ પડી ગયા છે, જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે અને અકસ્માતનો ભય પણ વધ્યો છે.

મનપા સૂત્રોના જણાવ્યા મુજબ, ચોમાસુ સંપૂર્ણ રીતે પૂર્ણ ન થાય ત્યાં સુધી માર્ગોનું પેચવર્ક કે ડામર કામ ટકી શકે તેમ નથી. સતત ભેજ અને વરસાદી પાણીને કારણે કરેલું કામ તરત જ ઉખડી જાય છે. તેથી તંત્ર દ્વારા આગામી ૧૫ ઓક્ટોબર બાદ જ માર્ગ મરામતની કામગીરી શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. આમ વાપીના શહેરીજનોએ હજુ એક મહિનો ખાડાવાળા રસ્તા પર જ હાલાકી વેઠવી પડશે.

મનપા હસ્તક ન થયેલા માર્ગો મુદ્દે ગંભીર વિચારણા જરૂરી

મનપાના અધિકૃત ૨૫૨ કિમી માર્ગો સિવાય શહેરમાં અનેક રહેણાંક વિસ્તારો એવા છે કે જ્યાં દાયકા પહેલા સોસાયટીઓ બની છે, હજારો પરિવારો રહે છે, પરંતુ તેમના આંતરિક માર્ગો આજે પણ ન ધણિયાતી હાલતમાં છે. કારણ કે મૂળ જમીન માલિકે સોસાયટી બાંધ્યા બાદ રહીશોને હેન્ડઓવર કરી નથી અથવા હેન્ડઓવર કરવા છતાં માર્ગની જમીનનો હક્ક પોતા પાસે રાખ્યો છે. કેટલાક કિસ્સામાં તો જમીન માલિક સ્વર્ગે સિધાવી ગયા છે, જેથી હસ્તાંતરણની પ્રક્રિયા ટલ્લે ચઢી છે. આર્થિક રીતે સધ્ધર સોસાયટીઓ પોતાના ખર્ચે રસ્તા બનાવી લે છે, પરંતુ મોટાભાગની મધ્યમવર્ગીય સોસાયટીઓમાં લોકોની હાલાકી યથાવત છે. છીરી, વલ્લભનગર જેવા અનેક વિસ્તારોમાં આ પ્રશ્ન સળગતો છે. ત્યારે કોર્ટના ચુકાદાઓને ધ્યાને લઈ વર્ષોથી જાહેર ઉપયોગમાં લેવાતા આવા માર્ગોને મનપાએ જાહેર માર્ગ તરીકે ગણી મરામત કરવી જોઈએ, અથવા અગાઉની ૭૦/૩૦ ની યોજના જેવી વ્યવસ્થા ફરી શરૂ કરવી જોઈએ, તેવી માંગ ઉઠી છે.

અઢી માસમાં કારોબારી સિવાય માત્ર એક સમિતિની બેઠક મળી

વાપી મહાનગરપાલિકામાં ૧૨ જેટલી સમિતિઓની રચના તા.૩૦/૦૬/૨૦૨૬ ના રોજ કરવામાં આવી હતી. ત્યારબાદ નિયમ મુજબ દર મહિને કારોબારી સમિતિની બેઠક યોજાઈ રહી છે, પરંતુ તે સિવાય છેલ્લા અઢી માસમાં માત્ર એક જ સમિતિની બેઠક મળી છે.માત્ર જાહેર પરિવહન અને પ્રવૃત્તિ સમિતિની જ એક બેઠક યોજાઈ છે. તે સિવાયની ૧૦ જેટલી અતિ મહત્વની ગણાતી જાહેર બાંધકામ સમિતિ, આરોગ્ય સમિતિ, નગર નિયોજન એટલે કે ટાઉન પ્લાનિંગ સમિતિ, પાણી સમિતિ, લાઈટ એન્ડ ફાયર સમિતિ જેવી સમિતિઓની એક પણ બેઠક હજુ સુધી યોજાઈ નથી. આ મહત્વની સમિતિઓની બેઠક ન મળવાને કારણે શહેરના વિકાસના કામો, મરામત, સફાઈ, પાણી અને લાઈટના પ્રશ્નોની દરખાસ્તોને વેગ આવતો નથી. કાઉન્સિલરો પોતાના વોર્ડના કામો રજૂ કરવા માટે સમિતિની બેઠકની રાહ જોઈ રહ્યા છે. જેથી વિકાસ કાર્યો ઠપ્પ થવાની લાગણી પ્રવર્તી રહી છે.

આ અંગે ચૂંટાયેલા કાઉન્સિલરોમાં એવી લાગણી છે કે સત્તાધીશ ભાજપ સંગઠન દ્વારા ઝડપથી મહત્વની તમામ સમિતિઓની મિટિંગ બોલાવવાનો નિર્ણય લેવામાં આવે, જેથી વહીવટી કામગીરીને વેગ મળે.

શાસક અને વિપક્ષના નેતાને કેબિન ક્યારે મળશે?

વાપી મનપા કચેરીમાં હાલ મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન માટે અલગ કેબિનની વ્યવસ્થા કરવામાં આવી છે. પરંતુ, ગત સામાન્ય સભામાં નિમાયેલા શાસક પક્ષના નેતા અને વિપક્ષના નેતા માટે હજુ સુધી કચેરીમાં બેસવા માટે કેબિનની કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી, જેને લઈને ભારે ગણગણાટ ચાલી રહ્યો છે.

ખાસ કરીને વિપક્ષના નેતાએ તો સામાન્ય સભામાં આ મુદ્દે ભારે બળાપો ઠાલવીને પ્રોટોકોલ મુજબ સુવિધા આપવા માંગ કરી હતી. ચૂંટાયેલા પ્રતિનિધિઓ તરીકે લોકોના પ્રશ્નો સાંભળવા માટે કચેરીમાં સ્થાન હોવું જરૂરી છે. આગામી દિવસોમાં બંને નેતાઓ માટે પ્રોટોકોલ મુજબ કેબિનની વ્યવસ્થા ઊભી કરવામાં આવે તેવી માંગ અસ્થાને નથી.

વાપી મનપા ખાતે પશુ માલિકોની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

વાપી, તા.૦૯ : વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર એન.એફ. ચૌધરીની અધ્યક્ષતામાં આજે મનપા કચેરી ખાતે શહેરના પશુ માલિકો સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં શહેરમાં જાહેર સલામતી, સ્વચ્છતા અને ટ્રાફિક વ્યવસ્થા જાળવવા તેમજ મહાનગરપાલિકાના નિયમોનું પાલન કરવા પશુ માલિકોને સૂચના આપવામાં આવી હતી.

મ્યુનિસિપલ કમિશનરે પશુપાલકોને પોતાના પશુઓની ફરજિયાત નોંધણી અને જરૂરી લાયસન્સ કરાવવા તેમજ પશુઓની ઓળખ માટે ટેગિંગ કરાવવા જણાવ્યું હતું. ઉપરાંત પશુઓને જાહેર માર્ગો, બજારો કે અન્ય જાહેર સ્થળોએ રખડતા ન મુકવા અને તેમની યોગ્ય દેખરેખ તથા સારસંભાળ રાખવા અપીલ કરી હતી.

જાહેર માર્ગો પર રખડતા પશુઓને કારણે રાહદારીઓ અને વાહનચાલકોને મુશ્કેલી પડવાની સાથે અકસ્માતનું જોખમ રહે છે. તેમજ પશુઓ દ્વારા રસ્તા પર ગંદકી ન ફેલાવે તેમજ વાપી મનપા વિસ્તારમાં રહેલી ખેતી ના ખેતરોના ઉભા પાકમાં રખડતા પશુઓ દ્વારા કરવામાં આવતો બગાડ અંગે તેની કાળજી રાખવા પણ પશુ માલિકોને સૂચના આપવામાં આવી હતી.

OWNER : Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**